A/C 3-5

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ

## સને-૨૦૧૨-૧૩ ના વર્ષનો

## જનરલ ફંડ અન્વેષણ અહેવાલ

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને-2012-13નાં વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલનીઅનુક્રમણીકા.

==========================================================


| અ. નં. | ફકરા નંબર | વિગત. | પાના નંબર |
|---|---|---|---|
| **01** | **02** | **03** | **04** |
| 01 | 01 | હોદેદારોનીવિગત. | 02 |
| 02 | 02 | અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ બાબત. | 03 |
| 03 | 03/1 | જવાબદારીઓઅનેઅસ્કયામતોબાબત. | 07 |
| 04 | 03/2 | આર્થિક સ્થિતિની આવક/ખર્ચની સમિક્ષા બાબત. | 08 |
| 05 | 04 | અંદાજપત્રની સમિક્ષા બાબત. | 09 |
| 06 | 05 | કાયમી મિલકતોના ઘસારા ફંડનું રેકર્ડ/માહિતી રજુ કરવા બાબત. | 10 |
| 07 | 06 | બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની માહીતી/રેકર્ડ રજૂ કરવા બાબત. | 13 |
| 08 | 07 | સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત | 14 |
| 09 | 08 | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત. | 16 |
| 10 | 09 | લાંબા સમયથી પડી રહેલ સ્ટીલ-સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ | 17 |

| | | | |
|---|---|---|---|
| | | બાબત. | |
| 11 | 10 | પગાર ખર્ચના વાઉચરોમાં અધૂરી માહિતી ઉપલબ્ધ હોવા બાબત | 18 |
| 12 | 11 | ભવનો ખાતે પરીક્ષા ફી ની આવકો મળ્યાની ખાતરી ન કરાવવા બાબત. | 22 |
| 13 | 12 | યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ. | 24 |
| 14 | 13 | સંસ્થાના કર્મચારીઓની જામીનગીરી અંગેના જામીનખત રજુ કરવા બાબત | 25 |
| 15 | 14 | પેન્શન ચુકવણામાં જણાયેલ હિસાબી અનિયમિતતા બાબત. | 26 |
| 16 | 15 | સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાબત | 27 |
| 17 | 16 | ગુજરાત યુનિવર્સિટી હસ્તકનું આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર બંધ હોવાછતાં નિરથક ખર્ચ કરવા બાબત | 29 |
| 18 | 17 | પહોંચબુકોના હિસાબોનું ૨૦૧૨/૧૩ નું સ્ટોક રજિસ્ટર નહીં નિભાવવા બાબત. | 31 |
| 19 | 18 | સંસ્થા હસ્તકની જમીનની આવકમાં જણાઇ આવેલ અસાધારણ ઘટાડા બાબત. | 34 |
| 20 | 19 | ટુંકી મુદતની થાપણો ઉપર મળેલ વ્યાજના હિસાબોની | 36 |

| | | | |
|---|---|---|---|
| | | અનિયમિતતા બાબત | |
| 21 | 20 | યુનિ.ના પાકા સરવૈયામાં મૂડી-દેવા બાજુ દર્શાવેલ બીજા ફંડોના હિસાબોની અનિયમિતતાઓ બાબત | 38 |
| 22 | 21 | સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ ન કરવા/વસુલાત ન કરવા બાબત | 40 |
| 23 | 22 | યુનિવર્સિટી સ્પોર્ટસ ફી ની આવકોનો યોગ્ય ઉપયોગ નહીં કરવા બાબત | 42 |
| 24 | 23 | કાનુની ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 44 |
| 25 | 24 | "ઇન્ ઓપરેટીવ ખાતા" બંધ નહિ કરવા બાબત. | 49 |
| 26 | 25 | સંસ્થા તથા સંસ્થા હસ્તકનાં ભવનો/વિભાગો દ્વારા થયેલ પ્લેસમેન્ટ સંબંધી માહિતી રજુ કરવા બાબત. | 51 |
| 27 | 26 | ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સની મ્યુનિસિપલ ટેક્ષ ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતા બાબત | 53 |
| 28 | 27 | સંસ્થાની મિલકતોની પ્રોપર્ટી ટેક્ષની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત | 54 |
| 29 | 28 | શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી તથા વિધાર્થીઓના પ્લેસમેન્ટમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 56 |
| 30 | 29 | જાહેરાત પાછળ કરવામાં આવેલ ખર્ચની અનિયમિતતાઓ | 58 |

| | | | |
|---|---|---|---|
| | | બાબત | |
| 31 | 30 | સ્ટેશનરી ખરીદી તેમજ સ્ટેશનરી છપામણી ખર્ચની અનિયમિતતાઓ બાબત | 60 |
| 32 | 31 | સંસ્થાના વાહન ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 61 |
| 33 | 32 | અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીને મળેલ પ્રદાન/દાનના હિસાબો તથા ખર્ચ બાબત | 65 |
| 34 | 33 | આવકની રકમોના સ્ત્રોત ની અનિયમિતતાઓ બાબત. | 67 |
| 35 | 34 | કન્વેન્શન સેન્ટર તથા યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ સદરે જમા લીધેલ રકમોની અનિયમિતતાઓ બાબત. | 69 |
| 36 | 35 | વ્યાજના હિસાબોની નિભાવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 71 |
| 37 | 36 | સંસ્થાની મિલકતો તથા તેની આવકોના હિસાબોની અનિયમિતતાઓ બાબત. | 73 |
| 38 | 37 | એફ.આઇ.આર ગુ.ર.નં.૬૪/૨૦૧૨ તથા એફ.આઇ.આર.ગુ.ર.નં.૧૪/૨૦૧૩ ની કાર્યવાહી /પ્રગતિની માહિતી રજુ કરવા બાબત. | 74 |
| 39 | 38 | શિક્ષણ ઉપકરની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 76 |
| 40 | 39 | સંસ્થાની માલિકીની મિલકતોના વીમા ઉતરાવવા બાબત. | 78 |

| | | | |
|---|---|---|---|
| 41 | 40 | સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની મંજુરી તથા ડેવલેપમેન્ટ ફંડની બાકી વસુલાતની અનિયમિતતાઓ બાબત. | 80 |
| 42 | 41 | કન્વેન્શન સેન્ટરના ભાડા કરાર સંબંધી રેકર્ડ રજુ કરવા બાબત. | 81 |
| 43 | 42 | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં સ્ટોક રજીસ્ટરોમાં જણાયેલ અનિયમિતતા બાબત. | 83 |
| 44 | 43 | ફિઝિકસ વિભાગમાં સ્ટોર સ્ટોક રજીસ્ટરોમાં સિલક ના કાઢવા તથા અન્ય અનિયમિતતા બાબત. | 84 |
| 45 | 44 | ઉત્તરવહી છપામણીના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત | 86 |
| 46 | 45 | પ્રાપ્ત રજાનુ રોકડમાં રૂપાંતર ની ચુકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત | 92 |
| 47 | 46 | વાઉચરમાં દર્શાવેલ રકમ અને કેશબુકમાં લખવામાં આવેલ રકમમાં તફાવત આવવા બાબત. | 94 |
| 48 | 47 | પ્રશ્નપત્રો છપામણીના ખર્ચનુ રેકર્ડ/દસ્તાવેજો રજુ કરવા બાબત. | 97 |
| 49 | 48 | અન્ય “કર ખર્ચ “ સદરે થયેલ ખર્ચની માહિતી તથા તે અંગેનું સાધનિક રેકર્ડ રજુ કરવા બાબત. | 98 |
| 50 | 49 | યુનિવર્સિટી એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ “ | 99 |

| | | | |
|---|---|---|---|
| | | સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ. | |
| 51 | 50 | સંસ્થા દ્વારા લેવામાં આવતી પરીક્ષા તથા તેના ખર્ચ સબંધી માહિતી/રેકર્ડ અન્વેષણમાં રજુ થવા બાબત. | 104 |
| 52 | 51 | ખાનગી પેઢીઓને ઑન એકાઉન્ટ ચૂકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા લાંબા સમયથી બાકી રહેલ રકમો એડજસ્ટ /વસુલ ન કરવા બાબત. | 106 |
| 53 | 52 | ખર્ચના વાઉચરો કે વિગત વગર રકમ ખર્ચ ખાતે ઉધારી અનપેઇડ બિલ સદરે જમા કરાવવા બાબત | 113 |
| 54 | 53 | લાંબા સમયથી ચૂકવેલ એડવાન્સ ના હિસાબો સરભર નહીં કરવાની ગંભીર અનિયમિતતાઓ બાબત. | 117 |
| 55 | 54 | ડીપોઝીટ તરીકે પ્રાપ્ત થયેલ નાણાંના હિસાબ તથા ડીપોઝીટ રજિસ્ટરની અનિયમિતતાઓ બાબત. | 121 |
| 56 | 55 | શૈક્ષણિક/નાણાંકીય વર્ષ દરમ્યાન સંસ્થાએ કરવા ધારેલ અને પૂર્ણ કરેલ પ્રવૃત્તિઓના આયોજન સબંધી માહિતી રજુ કરવા બાબત. | 123 |
| 57 | 56 | યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખેલ ઓડીટ વર્ષના ઓડીટ રીપોર્ટ રાજ્ય સરકારશ્રીને મોકલવા બાબત. | 124 |
| 58 | 57 | ઉત્તરવહી છપામણી પેટે એજન્સી પાસેથી લીધેલ EMD પરત | 125 |

| | | | |
|---|---|---|---|
| | | કરવામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | |
| 59 | 58 | પગારની ચુકવણીનું ખર્ચ નિયત તારીખથી વહેલુ કરવા બાબતની અનિયમિતતાઓ. | 127 |
| 60 | 59 | હિસાબોની નિભાવણી તથા મેળવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 130 |
| 61 | 60 | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં ટીચીંગ ટુલ્સના બાઇન્ડીંગ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત. | 133 |
| 62 | 61 | એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા બાબત | 135 |
| 63 | 62 | જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવા બાબતની અનિયમિતતાઓ. | 137 |
| | | | |
| | | | |

159260031467

==========================================================================

*** ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને 2012-13 ના વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ.**

==========================================================================

નં.એલએએમડી/2012-13 3૯૮૬

જિલ્લા સહાયક *નિરિક્ષકશ્રીની* કચેરી,

જિલ્લા પંચાયત બિલ્ડીંગ, 6ઠ્ઠો માળ,

લાલ દરવાજા, અમદાવાદ-01

તારીખ- ૧૯/૦૯/૨૦૧૭

**પ્રેષક :**

નિરીક્ષકશ્રી,

સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,

વિમા અને લેખા ભવન, જૂના સચિવાય,

ગાંધીનગર.

**પ્રતિ,**

કુલ સચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ–380009

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-1949ની કલમ-49 અન્વયેની જોગવાઇ અનુસાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને 2012-13 નાં વર્ષનાં હિસાબોની તપાસણી તારીખ-07-12-16 થી તારીખ-02-03-17 દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતી. તપાસણી વર્ષ દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદ્દેદારો નીચે મુંજબ હતા.

<u>ફકરા નંબર-01</u>

==========================================================

*** હોદ્દેદારોની વિગત.**

==========================================================

કુલપતિશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | ડો.પરિમલ ત્રિવેદી | 01-04-12થી 31-03-13 |

કુલ સચિવશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | ડો.બી વી પટેલ | 01-04-12 થી 31-03-13 |

મુખ્ય હિસાબી અધિકારીશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | શ્રી એમ એસ શાહ | 01-04-12 થી 31-03-13 |

ફકરા નંબર-02

* સને ૨૦૧૨-૧૩ અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ બાબત.

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટની શરૂઆત માં બાકી ફકરાઓ ની સંખ્યા . | ઓડીટ દરમ્યાન નિકાલ થયેલ બાકી ફકરાઓની સંખ્યા . | ઓડીટ દરમ્યાન બાકી ફકરાઓની સંખ્યા . | બાકી ફકરાઓની વિગત . |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 1968-69 | 03 | | 03 | 04(A),07(2),18 |
| 02 | 1969-70 | 03 | | 03 | 14,29, (2),32 |
| 03 | 1970-71 | 09 | | 09 | 04 TO 08,13,18,21,22(3) |
| 04 | 1971-72 | 05 | | 05 | 20,26,34,38(1) (2) (3),43 |
| 05 | 1972-73 | 04 | | 04 | 41,36,37,38 |
| 06 | 1973-74 | 10 | | 10 | 04AGF,06ABC,08B,09 TO 15 |
| 07 | 1974-75 | 34 | | 34 | 04 TO 07,09,10,12 TO 17,19 TO 29,31,33 TO 40(1),41,43 |
| 08 | 1975-76 | 03 | | 03 | 04,05(2),12 |
| 09 | 1976-77 | 18 | | 18 | 04,05,06,10(1),12,15,17,19,20,23TO29,3 1, 33 |
| 10 | 1977-78 | 21 | | 21 | 03 TO 06,7(A) (B) (K),08,09,10(A) (B),11 TO 16,18,2021,24,25,26,28,31,33 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 11 | 1978-79 | 20 | | 20 | 04 TO 07(2),08 TO 11,13 TO 15(1) (2),17 TO 21,25, TO 28 |
| 12 | 1979-80 | 24 | | 24 | 04 TO 07(2),08 TO 11,13 TO15(2) (4),17(2),18(2)(3),20(1)(2),21 TO 23(2),25 TO 27(6),28 TO 31(A) |
| 13 | 1980-81 | 08 | | 08 | 04,07,08,10,11,13,16,17 |
| 14 | 1981-82 | 25 | | 25 | 04 TO 08,10,11(2),14 TO 19,24 TO 27,29,30,31,34,35,36,37 |
| 15 | 1982-83 | 17 | | 17 | 1 TO 17 |
| 16 | 1983-84 | 30 | | 30 | 04TO10,13,15TO 25,27 (5),26,30 ,32,34 , 36,37,38,39,40,41 |
| 17 | 1984-85 | 33 | | 33 | 05 TO 08,11 TO 14,16 TO 27,30 TO33,35,36,39,40,42 TO 46 |
| 18 | 1985-86 | 29 | | 29 | 5(1) (3),06,07,10 TO 12,16 TO 24,27,29,30,31,33,35,37,38,40,41,42,48, 50,51,52 |
| 19 | 1986-87 | 32 | | 32 | 02,06,08,09,10,13(B),14 TO 18,22 TO 25,27,28,29,31,32,34,35,36,38,39,41,42, 48,50,51,52 |
| 20 | 1987-88 | 61 | | 61 | 01 TO 61 |
| 21 | 1988-89 | 56 | | 56 | 01 TO 56 |
| 22 | 1989-90 | 70 | | 70 | 01 TO 70 |
| 23 | 1990-91 | 80 | | 80 | 01 TO 80 |
| 24 | 1991-92 | 43 | | 43 | 01 TO 43 |
| 25 | 1992-93 | 70 | | 70 | 01 TO 70 |
| 26 | 1993-94 | 69 | | 69 | 01 TO 69 |
| 27 | 1994-95 | 105 | | 105 | 01 TO 105 |
| 28 | 1995-96 | 78 | | 78 | 01 TO 78 |
| 29 | 1996-97 | 84 | | 84 | 01 TO 84 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 30 | 1997-98 | 83 | | 83 | 01 TO 83 |
| 31 | 1998-99 | 92 | | 92 | 01 TO 92 |
| 32 | 1999-00 | 103 | | 103 | 01 TO 103 |
| 33 | 2000-01 | 101 | | 101 | 01 TO 101 |
| 34 | 2001-02 | 106 | | 106 | 01 TO 106 |
| 35 | 2002-03 | 80 | | 80 | 01 TO 80 |
| 36 | 2003-04 | 36 | | 36 | 01 TO 36 |
| 37 | 2004-05 | 75 | | 75 | 01 TO 75 |
| 38 | 2005-06 | 39 | | 39 | 01 TO 39 |
| 39 | 2006-07 | 63 | 05 | 58 | 01 TO 03,5 TO 10,12 TO 19,21 TO35,37 TO 60,62 TO 63 |
| 40 | 2007-08 | 42 | | 42 | 01 TO 42 |
| 41 | 2006-12(31-7-12) | 09 | | 09 | 01 TO 09યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ |
| 42 | 2008-09 | 44 | | 44 | 01 TO 44 |
| 43 | 2009-10 | 39 | | 39 | 01 TO 39 |
| 44 | 2010-11 | 64 | | 64 | 01 TO 64 |
| 45 | 2011-12 | 61 | | 61 | 01 TO 61 |
| | કુલ | 2081 | 05 | 2076 | |

ઓડીટ વર્ષ ૨૦૧૨-૧૩ ના અંતે ૨૦૭૬ ફકરા બાકીમાં હતાં ચાલુ ઓડીટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોકત વિગતે અન્વેષણ વર્ષના અંતે ૨૦૭૬ ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે. ઓડીટ નોંધમાં દર્શાવેલ અનિયમિતતાઓનુ પુનરાવર્તન થતુ રહે છે. ઓડીટ અંગુલીનિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રૂચી દાખવેલ નથી બાકી ફકરાઓની પુર્તતા સારૂ સઘન આયોજન કરી પારા નિકાલની ઝુંબેશ શરૂ કરી ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

વધુમાં ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ,૧૯૬૩ ની કલમ નંબર -૯(૧) મુજબ રીપોર્ટ મળ્યા તારીખથી ચાર મહિનાની અંદર પ્રથમ વખતના જવાબ રજુ કરવાના રહે છે.આમ છતાં વર્ષ-૧૯૮૭-૮૮ થી ૨૦૧૧-૧૨ સુધીના પ્રથમવારના જવાબો ચાર માસમાં રજુ નહિ કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.તથા બાકી ફકરાઓના જવાબો કરવા સમયબધ્ધ આયોજન કરી,તમામ ફકરાઓના જવાબો કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૧૧ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

## ફકરા નંબર-03/01

==================================================================

*** જવાબદારીઓ અને અસ્કયામતો બાબત.**

==================================================================

**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાતા. 31-03-2013 ના રોજ પૂરા થતાં વર્ષની જવાબદારીઓ અને અસ્કયામતોનું પત્રક**

| અ નં | જવાબદારીઓ | રકમ રુપિયા | અસ્કયામતો | રકમ રુપિયા |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 1,61,74,872/43 | કાયમી મિલકતો | 41,42,56,677/12 |
| 02 | કેપિટલ ફંડ | 38,69,54,853/80 | રોકાણો | 20,000/00 |
| 03 | પુસ્તક ફંડ | 1,01,83,883/86 | અડેવાન્સ અને બીજા ખાતાંઓ | 17,39,25,221/92 |
| 04 | બીજા ફંડ | 38,3190,514/73 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 71,50,323/48 |
| 05 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 6,29,66,950/58 | બેન્ક અને બીજી પુરાંતો | 70,40,28,092/61 |
| 06 | ડીપોઝિટ અને બીજા ખાતાઓ | 30,92,75,753/47 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 17,000/00 |
| 07 | કર્મચારી વીમા યોજના ફાળો | 29,974/37 | સસ્પેન્સ એકાઉન્ટ્સ | 13,86,719/86 |
| 08 | ચલુ વર્ષે એડજસ્ટ કર્યા | 13,20,07,231/75 | - | - |
| કુલ રુપિયા | | **1,30,07,84,035/00** | | **1,30,07,84,035/00** |

મુકત સિલક-જવાબદારી કરતાં અકસ્યામતોનાં વધારાની રુપિયા 00/-ની રકમમાંથી ડુબત ફંડ કે અન્ય અનામત ફંડની કોઇજ જોગવાઇ કરવાની રહેતી ન હોવાથી તા. 31-03-14 ના રોજની મુકત સિલક રુપિયા 70,40,28,092/61 હતી.

**ફકરા નંબર-03/02**

==================================================

*** આર્થિક સ્થિતિની આવક/ખર્ચની સમિક્ષા બાબત.**

==================================================

(01)ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાંતા. -31-03-13 નાં રોજ પુરા થતાં છેલ્લા ત્રણ વર્ષની જનરલ ફંડ આવક/ખર્ચ ની વિગતો નીચે મુજબની જણાયેલ હતી.

આવક-ખર્ચની વિગત.

| ક્રમ | વર્ષ | આવક રુપિયા | ખર્ચ રુપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | 2010-2011 | 53,18,61,232/- | 54,00,02,873/- |
| 02 | 2011-2012 | 52,94,92,621/- | 51,44,70,011/- |
| 03 | 2012-2013 | 69,69,65,835/- | 64,35,30,852/- |
| | કુલ | **1,75,83,19,688/-** | **1,69,80,03,736/-** |
| | વર્ષિક સરાસરી | **58,61,06,563/-** | **56,60,01,245/-** |
| | સરાસરી આવકમાં વધારો | **2,01,05,318/-** | - |

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની નાણાંકીય પરિસ્થિતિની સમિક્ષા કરતાં સરાસરી ખર્ચ કરતાં આવક માં રુપિયા 2,01,05,318/-નો વધારો જણાયેલ હતો. જેથી સંસ્થાની આર્થિક સ્થિતિ સંતોષકારક જણાયેલ હતી.

ફકરા નંબર-04

==================================================================

* અંદાજપત્રની સમિક્ષા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન અંદાજપત્રના સંદર્ભમાં ચકાસણી અંગે ઓડીટ અવલોકન્ નીચે મુજબ છે.

(૦૧) ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ માં થયેલ જોગવાઇઓ મુજબ જે તે નાણાંકિય વર્ષ શરૂ થવાના નિયત માસ પહેલાં તેના નાણાંકિય અંદાજો તૈયાર કરી સેનેટ સભા સમક્ષ મંજુર કરાવવાના રહે છે.

(૦૨) પ્રવૃતિઓ હેઠળ સુધારેલ અંદાજ આવકની આવકની જોગવાઇ રૂપિયા ૬૮,૧૫,૯૩,૩૬૫/- રૂપિયાની સામે ખરેખર આવક રૂપિયા ૬૯,૬૯,૬૫,૮૩૫/- રૂપિયા થયેલ હતી એટલે કે રૂપિયા ૧,૫૩,૭૨,૪૭૦/- રૂપિયાની વધુ આવક થયેલ છે.

(૦૩) સુધારેલ અંદાજ ખર્ચની જોગવાઇ રૂપિયા ૬૯,૪૪,૪૧,૩૬૫/- રૂપિયાની સામે ખરેખર ખર્ચ રૂપિયા ૬૪,૩૫,૩૦,૮૫૨/- રૂપિયા થયેલ હતો એટલે કે રૂપિયા ૫,૦૯,૧૦,૫૧૩/-રૂપિયા ઓછો ખર્ચ થયેલ છે.

(૦૪) આમ, સમગ્ર અંદાજપત્રનું અવલોકન કરતાં મુળ અંદાજો અને સુધારેલ અંદાજો તથા ખરેખર થયેલ આવક-ખર્ચ ની વિગતો વાસ્તવિકતાથી દુર જણાયેલ છે.તો અંદાજપત્ર વાસ્તવિક બનાવવા માટે તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૭૭ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-05

==========================================================================

* કાયમી મિલકતોના ઘસારા ફંડનું રેકર્ડ/માહિતી રજુ કરવા બાબત.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં પરિશિષ્ટ-એફ માં નીચેની વિગતે જુદા જુદા પ્રકારની કાયમી મિલકતો દર્શાવવામાં આવેલી હતી.

કાયમી મિલકતોની વિગત

| ક્રમ | કાયમી મિલકતની વિગત |
|---|---|
| ૧ | ૨ |
| ૦૧ | મકાન |
| ૦૨ | પાણી પુરવઠા અંગે બોર અને ટાંકી |
| ૦૩ | જમીન ખરીદી |
| ૦૪ | સાધન સામગ્રી તથા ફર્નિચર |
| ૦૫ | સાધન સામગ્રી |
| ૦૬ | મોટર કાર |
| ૦૭ | પુસ્તક એકાઉન્ટ |

યુનિવર્સિટીની ઉકત જુદી જુદી મિલકતોનો સમાવેશ થયેલ છે.તેમાં સને-૨૦૧૨/૧૩ ના અંતે રૂપિયા ૫૦,૭૨,૧૭,૫૫૩.૭૬ ની મિલકતો સામે કુલ રૂપિયા ૯,૨૯,૬૦,૮૭૬.૬૪ ઘસારો બાદ કરી ચોખ્ખી મિલકતો રૂપિયા ૪૧,૪૨,૫૬,૬૭૭.૧૨ દર્શાવેલ છે.આમ,ઘસારાની રકમ મિલકત માંથી બાદ કરેલ છે.પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઇ રોકાણો કર્યા સિવાય ફકત ઘસારો ગણી મિલકતો ઓછી બતાવવાનું કોઇ કારણ સ્પષ્ટ થતું નથી.કુલ મિલ્કતો સામે સને-૨૦૧૨/૧૩ સુધીમાં ૧૮.૩૨ % ઘટાડો ગણી મિલકતો ઓછી ગણેલ છે.સરકારશ્રી દવારા યુનિવર્સિટીની મિલકતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાન્ટ પણ ફાળવેલ છે.તેથી આ રીતે ઘસારો કયા હેતુ માટે ગણવામાં આવે છે તે બાબતે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

વાર્ષિક હિસાબમાં મિલકત લેણાં બાજુ કાયમી મિલકતોમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો સને-૨૦૧૨/૧૩ માં રૂપિયા ૩૧,૧૯,૦૦,૨૮૭/- દર્શાવવામાં આવેલ છે.જ્યારે મુડી દેવાં બાજુ અગાઉ ઉપર જણાવ્યા પ્રમાણે ફકત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે.તો મિલકતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો કયા કારણોસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં કાયમી મિલકતો પરિશિષ્ટ-એફ માં મકાન બાંધકામ વગેરેનું કુલ નાં સંદર્ભમાં નીચેની વિગતે વિસંગતતા ઓડીટના ધ્યાને આવેલ હતી.

### વાર્ષિક હિસાબ મુજબની વિગત.

| ક્રમ | કાયમી મિલકતો | છેલ્લા હિસાબ મુજબ | વર્ષ દરમ્યાન ઉમેરો | બાદ વર્ષ દરમ્યાન ઘટાડો | કુલ રકમ | બાદ ઘસારો | ઘસારા બાદ કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ |
| ૦૧ | મકાન બાંધકામ વગેરેનું કુલ | ૩૬૨૧૯૭૦૭૩ | ૪૫૧૪૨૪૦૯ | ૦૦ | ૪૦૭૩૩૯૪૮૨ | ૨૩૯૨૮૮૨૭ | ૫૫૨૭૬૬૪૬૫ |

### વાર્ષિક હિસાબ મુજબની ખરેખર થતી વિગત.

| ક્રમ | કાયમી મિલકતો | છેલ્લા હિસાબ મુજબ | વર્ષ દરમ્યાન ઉમેરો | બાદ વર્ષ દરમ્યાન ઘટાડો | કુલ રકમ | બાદ ઘસારો | ઘસારા બાદ કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ |
| ૦૧ | મકાન બાંધકામ વગેરેનું કુલ | ૩૬૨૧૯૭૦૭૩ | ૪૫૧૪૨૪૦૯ | ૦૦ | ૪૦૭૩૩૯૪૮૨ | ૨૩૯૨૮૮૨૭ | ૩૮૩૪૧૦૬૫૫ |

વાર્ષિક હિસાબ મુજબની વિગત તથા વાર્ષિક હિસાબ મુજબની ખરેખર થતી વિગત ઘસારા બાદકુલ રકમમાં તફાવત જણાઇ છે.જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

આમ,ઉકત ઘસારાની જોગવાઇ કંપની એકટ મુજબ કેટલી છે ? ઓફીસ બિલ્ડીંગમાં કેટલો ઘસારો લાગુ પડે ? ઘસારાના ધોરણો કયા કયા છે ? મિલકત કેટલા વર્ષની છે ? વગેરે જેવી બાબતો ઓડીટે ચકાસવાની રહેતી હોય આ બાબતનું સઘળુ રેકર્ડ/માહિતી ઓડીટે રજુ થવી ઘટે.

સંસ્થા દ્વારા મિલકતો ઉપર ઘસારો ગણવાની કઇ પધ્ધતિ/જોગવાઇ ધ્યાને લેવામાં આવેલ છે સરકારશ્રી દ્વારા નિયત થયેલ માપદંડો મુજબ ઘસારો ગણવાની પધ્ધતિની અમલવારી કરવામાં આવેલ છે કે કેમ?તેની આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૭૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-06

==========================================================

* બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની માહીતી/રેકર્ડ રજૂ કરવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ નાં ઓડીટ હાથ ધરવામાં આવેલ છે.ઓડીટ સંદર્ભમાં બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની નીચે મુજબની માહીતી પ્રા.વાંધા ક્રમાંક-૭૪ તા.૧૭/૨/૧૭ થી અન્વેષણમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતુ.

(૦૧) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ અગાઉ મંજુર જગ્યાઓ જે તે સંવર્ગોની જે તે સંવર્ગો વાઇઝ પગાર ધોરણની પુરી વિગતો સાથેની માહીતી.

(૦૨) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણો મંજુર કરવા થયેલી કાર્યવાહીનું તમામ રેકર્ડ.

(૦૩) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચના અમલ બાદ પગાર ધોરણોમાં ઉચ્ચતર પગાર ધોરણ યોજના મંજુર કરવા થયેલી કાર્યવાહીનું તમામ રેકર્ડ.

(૦૪) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણો મંજુર કરવા સરકારશ્રીમાં કરેલ જે તે સંવર્ગોની જે તે સંવર્ગો વાઇઝ પગાર ધોરણની પુરી વિગતો સાથેની દરખાસ્તની માહીતી.

(૦૫) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબનાપગાર ધોરણો સરકારશ્રી દ્વારા મંજુર થયેલ જે તે સંવર્ગોની જે તે સંવર્ગો વાઇઝ પગાર ધોરણની પુરી વિગતો સાથેની માહિતી.

ઓડીટ અવલોકન :-

ઉપરોકત વિગતો અન્વેષણમાં રજુ નહિ થવા થકી સંસ્થાના વાર્ષિક હિસાબોમાં પગાર,મોઘવારી તથા બીજા ભથ્થા,હંગામી નિમણૂકો,તથા પગારપંચના એરીયર્સની ચુકવણીના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.સબબ થયેલ ખર્ચ રૂપિયા ૯,૧૬,૦૦,૩૯૧/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં.૭૪ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ। ૯,૧૬,૦૦,૩૯૧/-

ફકરા નંબર-07

==================================================================

*** સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થા ના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે હંગામી નિમણૂક સદરે રૂ! ૨૮,30,૯૦૭/- નો ખર્ચ થયેલ હોવાનુ દર્શાવેલ છે.આ ઉપરાંત સંસ્થાના તાબા હેઠળના વિવિધ ભવનોમાં પણ હંગામી નિમણૂક સદરે નીચે મુજબનો ખર્ચ થયેલ હોવાનુ દર્શાવેલ છે.

| અ.નં. | ભવન/વિભાગનું નામ | હંગામી નિમણૂક પેટે કરેલ ખર્ચની રકમ રૂ! |
|---|---|---|
| 0૧ | 0૨ | 03 |
| 0૧ | છાત્રાલય | 3૨૬૪૬૫/- |
| 0૨ | મુદ્રણાલય | ૭૮૫૨/- |
| 03 | ગ્રથાલય | ૬૯૭00૬/- |
| 0૪ | સમાજવિધા ભવન | ૨૭૧૪3૨/- |
| 0૫ | ભાષા સાહિત્ય ભવન | ૨૪૬૧03/- |
| 0૬ | મનોવિજ્ઞાન | ૧૪0૪૬0/- |
| 0૭ | વિજ્ઞાન વિધાભવન | ૧0૮૮૯૫૫/- |
| 0૮ | વાણિજય વિધાભવન | ૬0૨0૨/- |
| 0૯ | સ્કૂલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ | 3૨3૭૨૧/- |
| ૧0 | કાયદાશાસ્ત્ર ભવન | ૨૪૬0૬/- |
| ૧૧ | ગ્રથાલયશાસ્ત્ર ભવન | ૧૮000/- |
| ૧૨ | કોમ્પ્યુટર સેન્ટર | ૧૨૯3૫૫૬/- |
| ૧3 | એચતાલીમ સેન્ટર.પ્રોફે.કે. | ૫૫3૨૨/- |
| ૧૪ | પત્રકારત્વ વિભાગ | ૮૫૭3૭/- |
| | કુલ ખર્ચ | ૪૬,3૯,૪૧૭/- |

ઓડીટ નોંધ :-

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/ગજપ/૧૦૯૩/૭૨૪-ખ તા.૨૨/૩/૧૯૯૫ ની જોગવાઇ મુજબ તા.૨૯/૧/૧૯૮૩ બાદ યુનિવર્સિટી બિન શૈક્ષણિક સ્ટાફની કાયમી,હંગામી,કામચલાઉ,પાર્ટ ટાઇમ તેમજ દૈનિક રોજમદાર ની નિમણૂક/ભરતી સરકારશ્રીની પૂર્વમંજુરી વિના નહી કરવાનુ ઠરાવવામાં આવેલ છે.આમછતાં આવી નિમણૂક કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી યુનિવર્સિટીની રહેશે,તેમ સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવેલ છે,તેમછતાં યુનિવર્સિટી તેમજ તે સંલગ્ન ભવનોમાં હંગામી નિમણૂકો થકી કુલ રૂા ૭૪,૭૦,૩૨૪/- નો ખર્ચ કરવામાં આવેલ હોવાનુ ઉપરોકત વિગતો પરથી સ્પષ્ટ થાય છે.ઉપરોકત ભવનો તથા યુનિવર્સિટી ખાતે હંગામી નિમણૂકો કોની મંજુરીથી કરવામાં આવેલ છે?સદરહુ નિમણૂક માટે નિયત ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી કે કેમ ? નિમણૂક/ભરતીની મંજુરી અંગેના સરકારશ્રીની મંજુરીના આદેશો/આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વિગતે આધાર સહ સ્પષ્ટતા સહ ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂા ૭૪,૭૦,૩૨૪/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં. ૧૫ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા.૭૪,૭૦,૩૨૪/-

<u>ફકરા નંબર-08</u>

==========================================================

*** ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ-૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન રજુ થયેલ લેજર રજિસ્ટરોંની ચકાસણી કરતાં બજેટ કોડ-8101001(GF) ખાતે રૂ!૧૭,૪૬,૪૪૩/- તથા બજેટ કોડ-8101004(No.02) ખાતે રૂ!30331/- (૨૦૧૧/૧૨ના) એમ કુલ મળી રૂ! ૧૭,૭૬,૭૭૪/- વાર્ષિક હિસાબ સદરે સરભર કરવાના બાકી હોવાનુ ધ્યાને આવેલ છે.

<u>ઓડીટનોંધ :-</u>

વાર્ષિક હિસાબો નિભાવવાની સાથે સાથે જે તે આવક ખર્ચનુ યોગ્ય વર્ગીકરણ કરવામાં આવે તો વાર્ષિક હિસાબો ક્ષતિરહિત તૈયાર થઇ શકે.સંસ્થામાં થયેલ આવક તેમજ ખર્ચ વર્ગીકરણ ન કરી શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે નોંધવામાં આવે છે,અને જયારે વર્ગીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે.સદર કાર્યવાહી નાણાકિય વર્ષના અંતે પૂર્ણ કરવાની રહે છે.પરંતુ હિસાબો નિયત ધોરણે નહિ નિભાવવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે.અન્વેષણ અહેવાલમાં સદરહુ બાબતનુ પુનરાવર્તન ન થવા પામે તે બાબતે સંસ્થાનુ અચૂક ધ્યાન દોરવામાં આવે છે,આમછતાં આવી,ઉપલક રકમનુ યોગ્ય મેળવણુ નહી કરવા થકી આ હિસાબી અનિયમિતતાઓ જણાઇ આવે છે ઉપરોકત લેજરબુકમાં દર્શાવેલ લેજર કોડ સદરે સરભર કરવાની બાકી રકમ રૂ!૧૭,૭૬,૭૭૪/- સત્વરે સરભર કરી યોગ્ય આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વિગતે કાર્યવાહી પૂર્ણ કરી દર્શાવેલ રકમ સરભર કરી ખાતરી કરાવતાં સુધી સદરહુ ઉપલક રકમ રૂ!૧૭,૭૬,૭૭૪.૮૬ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૧૬ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂ! ૧૭,૭૬,૭૭૪/-

ફકરા નંબર-09

==========================================================

* લાંબા સમયથી પડી રહેલ સ્ટીલ-સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના નાણાંકિય વર્ષ-૨૦૧૨/૧૩ ના લેજરની ચકાસણી કરતાં નીચે દર્શાવ્યા મુજબ સ્ટીલ અને સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ બાકી ખેંચાય છે.

સ્ટીલ અને સીમેન્ટના સ્ટોકની વિગત.

| અ.નં. | વિગત | રકમ | કયારથી બાકી ખેંચાય છે. |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | સ્ટીલ સ્ટોક એકાઉન્ટ(૯૨૦૨૦૦૦) | ૮,૭૩૫/- | ૦૧-૦૪-૦૩ |
| ૦૨ | સીમેન્ટ સ્ટોક એકાઉન્ટ (૯૨૦૩૦૦૦) | ૧,૩૩,૪૮૩/- | ૦૧-૦૪-૯૭ |

ઉપર દર્શાવેલ સ્ટીલ અને સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ,એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખથી બાકી ખેંચાય છે.સદરહુ સ્ટોક એકાઉન્ટ જો સ્ટોકમાં હોય તો પણ સીમેન્ટ બીન ઉપયોગી નકામો થઇ ગયો હોય અને સ્ટીલને પણ કાટ લાગી ગયો હોય તેમજ તેને વપરાશમાં લઇ શકાય તેવી પરિસ્થિતિમાં રહે નહી.આટલા લાંબા સમય સુધી સદરહુ સ્ટોકનો ઉપયોગ ન કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદરહુ બન્ને સ્ટોકના સ્ટોક રજીસ્ટર ઓડીટમાં રજુ થવા ઘટે જેથી તેનો જથ્થો કિંમત અને કયા હેતુથી ખરીદેલા હતા તે અંગેની વિગત જાણી શકાય.

સંસ્થાએ પ્રા.વા.નં.૭૫ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

## ફકરા નંબર-10

==========================================================================

*** પગાર ખર્ચના વાઉચરોમાં અધૂરી માહિતી ઉપલબ્ધ હોવા બાબત**

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે રેકર્ડ સાથે નમુનારૂપ ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ વાઉચરોથી રૂપિયા ૧,૫૨,૬૧,૭૦૪.૪૫ ના પગાર ભથ્થાને લગતો ચોખ્ખો ખર્ચ થયેલ છે.

સપ્ટેમ્બર/૧૨ પેઇડ ઇન ઓકટોમ્બર/૧૨ ના પગાર ભથ્થાના વાઉચરોથી સદરહું વાઉચરોમાં કોડ,મુળ પગાર,મોંઘવારી,ભથ્થાઓ વિગેરેની કુલ રકમ દર્શાવી તેમાંથી કપાતોની રકમ,કુલ રકમ દર્શાવી તે રકમ કુલ પગારમાંથી બાદ કરી ચોખ્ખી ચુકવવા પાત્ર રકમ દર્શાવવામાં આવે છે.વધુમાં આ વાઉચરોમાં ડીપાર્ટમેન્ટનુ નામ અને કર્મચારીઓની સંખ્યા દર્શાવવામાં આવે છે.જે કર્મચારીઓની કુલ સંખ્યા ૫૭૭ થયેલ છે.આ વિગતના વાઉચરો ફકત આઉટર ફોર્મ જ છે.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(0૧) ઉપર દર્શાવ્યા મુજબ કર્મચારીઓ સંખ્યા લખી કુલ પગાર,મોઘવારી,ભથ્થા વિગેરે દર્શાવવામાં આવે છે.પરંતુ કર્મચારીવાર મુળ પગાર,મોઘવારી,અન્ય ભથ્થાઓ તથા કર્મચારીવાર કપાતની વિગતો ઉપલબ્ધ થતી નથી અને તેથી કર્મચારીઓને ચૂકવેલ મુળ પગારની સેવાપોથીમાં દર્શાવેલ મુળ પગાર સાથે ચકાસણી શકય બનતી નથી.

આ ઉપરાંત દરેક કર્મચારીની મુળ પગારના અભાવે ચુકવેલ મોઘવારી,મકાન ભાડા ,સ્થાનિક વળતર ભથ્થુ વિગેરે તથા કપાત કરવામાં આવતી રકમો પણ નિયમોનુસાર આકારેલ/કપાત થયાની ચકાસણી થઇ શકેલ નથી.

(0૨) યુનિવર્સિટી દ્વારા તેઓના કોમ્પ્યુટર પ્રોગ્રામો આ અંગેનાં ડેટા રાખવાની પ્રથા છે તથા જરૂરિયાત મુજબ ડેટામાં સુધારા-વધારા કરી,દરેક માસના ઉપર મુજબ પગાર બીલોના આઉટર ફોર્મ વાઉચર સાથે રાખવામાં આવે છે,પરંતુ કર્મચારીઓની વિગત મુજબ પુરેપૂરી પ્રીન્ટ લેવામાં આવતી ના યુનિવર્સિટી કક્ષાએ કોઇ અધિકારી દ્વારા પણ આ બાબતની ચકાસણી થતી ન હોવાનું જણાય છે.તો આ અંગે સ્પષ્ટતા કરી કર્મચારીવાર પગાર ભથ્થા કપાત વિગેરેની વિગત સાથેનું બીલ તૈયાર કરી રજુ થવુ ઘટે.

(03) ઉપર દર્શાવ્યા મુજબની બારે માસ મુજબની વિગતો તૈયાર કરી ઓડીટમાં રજુ થવુ ઘટે.

(૦૪) સંસ્થામાં મંજુર થયેલ મહેકમ સામે પગારભથ્થા પેટે કરેલ ખર્ચ નિયમોચિત હોવાના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રો સહિત મેળવણાના આધાર સહ ખાતરી કરાવવી ઘટે. ઉપરોકત વિગતે સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ કરી આધારિત ખાતરી કરાવતાં સુધી થયેલ ખર્ચ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં.૩૫ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ। ૧,૫૨,૬૧,૭૦૪/-

==========================================================

પરિશિષ્ટ- ૦૧

યુનિવર્સિટીના કર્મચારીઓના સપ્ટેમ્બર/૧૨ પેઇડ ઇન ઓકટોમ્બર૧૨ના પગાર બીલોની વિગત દર્શાવતુ પરિશિષ્ટ.

==========================================================

| અ.નં. | વા.નં. | તારીખ | ચોખ્ખી રકમ રૂ! | નોંધ | કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 01 | 4787 | 01-10-2012 | 1278100.20 | UNI OFFICE | 73 |
| 02 | 4788 | 01-10-2012 | 944724.14 | EXAMINATION | 62 |
| 03 | 4789 | 01-10-2012 | 92012.61 | PATOVC | 5 |
| 04 | 4790 | 01-10-2012 | 157554.00 | V.C | 2 |
| 05 | 4791 | 01-10-2012 | 95865.52 | R.M.O | 13 |
| 06 | 4792 | 01-10-2012 | 115694.21 | HOSTELS | 8 |
| 07 | 4793 | 01-10-2012 | 208650.66 | D.P.E | 6 |
| 08 | 4794 | 01-10-2012 | 70387.05 | YOUTH WELFARE | 4 |
| 09 | 4795 | 01-10-2012 | 592078.39 | ESTATE | 48 |
| 10 | 4796 | 01-10-2012 | 579633.54 | COM CENTER | 23 |
| 11 | 4797 | 01-10-2012 | 652379.28 | U S PSYCHO T | 9 |
| 12 | 4798 | 01-10-2012 | 52997.50 | U S PSYCHO NT | 5 |
| 13 | 4799 | 01-10-2012 | 43309.10 | I A S | 3 |
| 14 | 4800 | 01-10-2012 | 1184125.32 | U S LANG T | 17 |
| 15 | 4801 | 01-10-2012 | 44892.64 | U S LANG NT | 4 |
| 16 | 4802 | 01-10-2012 | 1328672.08 | U S SO SC T | 19 |
| 17 | 4803 | 01-10-2012 | 154032.04 | U S SO SC NT | 9 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 18 | 4804 | 01-10-2012 | 3366208.40 | U S SC T | 45 |
| 19 | 4805 | 01-10-2012 | 928168.35 | U S SC NT | 62 |
| 20 | 4806 | 01-10-2012 | 424147.52 | LIBRARY | 31 |
| 21 | 4807 | 01-10-2012 | 55756.97 | LIBRARY SC T | 2 |
| 22 | 4808 | 01-10-2012 | 18339.50 | C A C E W | 1 |
| 23 | 4809 | 01-10-2012 | 260239.65 | PRAKASHAN | 16 |
| 24 | 4810 | 01-10-2012 | 451691.84 | MANAGEMENT | 8 |
| 25 | 4811 | 01-10-2012 | 120945.53 | MANAGEMENT NT | 10 |
| 26 | 4812 | 01-10-2012 | 429427.80 | U S COM T | 6 |
| 27 | 4813 | 01-10-2012 | 51496.27 | U S COM NT | 4 |
| 28 | 4814 | 01-10-2012 | 52670.90 | BM CENTER NT | 4 |
| 29 | 4815 | 01-10-2012 | 93030.60 | U S LAW T | 2 |
| 30 | 4816 | 01-10-2012 | 39601.60 | SCHOOL OF LAW | 3 |
| 31 | 4817 | 01-10-2012 | 167368.00 | PENSIONER | 13 |
| 32 | 4818 | 01-10-2012 | 193937.00 | ACA STA COLG T | 3 |
| 33 | 4819 | 01-10-2012 | 15775.50 | ACA STA COLG NT | 1 |
| 34 | 4820 | 01-10-2012 | 894185.24 | E M R C | 28 |
| 35 | 4821 | 01-10-2012 | 35197.10 | S T C CELL | 2 |
| 36 | 4822 | 01-10-2012 | 45827.84 | JOURNALISM T | 1 |
| 37 | 4823 | 01-10-2012 | 22580.56 | JOURNALISM NT | 2 |
| | | TOTAL | 1,52,61,704.45 | | 554 |

<u>ફકરા નંબર-11</u>

==========================================================

***ભવનો ખાતે પરીક્ષા ફી ની આવકો મળ્યાની ખાતરી ન કરાવવા બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન જુદા જુદા ભવનોની મુલાકાત દરમ્યાન જણાયેલ છે કે વિધાર્થીઓને પ્રવેશ સમયે ચુકવવાપાત્ર ફી ભરવા બેન્ક સ્લીપ બનાવી આપવામાં આવે છે અને વિધાર્થી દ્વારા યુનિવર્સિટીના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગ્રાન્ટ ખાતામાં બારોબાર નાણાં ભરી બેન્કની સ્લીપ રજુ કરવામાં આવે છે અને તે આધારે તેની પરીક્ષા ફી તથા અન્ય ફી મળેલ ગણી તેને પ્રવેશ જે તે ભવનોમાં આપવામાં આવે છે તેમજ તે આધારે ટયુશન ફી તથા જુદી જુદી આવકો પણ યુનિવર્સિટી દ્વારા જમા લેવામાં આવે છે ભવનો ખાતે નમૂનારૂપ પરીક્ષા ફી અંગે ચકાસણી કરતાં યુનિવર્સિટી કક્ષાએ ભવનવાર,આપેલ પ્રવેશવાર તથા મળવાપાત્ર આવકો મળ્યાની ખાતરી કરવાની આંતરીક નિયંત્રણની કોઇ પ્રથા રાખવામાં આવેલ નથી કે આ અંગેનું કોઇ રેકર્ડ રજુ થયેલ નથી.યુનિવર્સિટીના ભવનોમાં પણ આ અંગેનું કોઇ રજીસ્ટર રાખી યુનિવર્સિટીની હિસાબી શાખા સાથે મેળવણું કરવામાં આવતુ નથી અને તેથી તમામ વિધાર્થીઓની પરીક્ષા ફી જમા થયાની ખાતરી થઇ શકેલ નથી.

વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં ભવનવાર પરીક્ષા શિક્ષણ ફી રૂપિયા ૧૫,૮૭,૫૦૦/-ની આવક નીચે મુજબ નોંધાયેલ છે.તો આ અંગેનું ઉપર દર્શાવ્યા મુજબ મેળવણું કરી મળવાપાત્ર તમામ આવક મેળવ્યાની ઓડિટને ખાતરી કરાવવા વિનંતી છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૭૬ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

# પરીક્ષા ફી ની વિગત

| અ.નં. | પરીક્ષા ફી ની વિગત | પરીક્ષા ફી ની આવક રૂપિયા | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | સમાજવિદ્યા ભવન | ૧,૫૬,૮૦૦/- | |
| ૦૨ | ભાષા સાહિત્ય ભવન | ૧,૭૪,૨૦૦/- | |
| ૦૩ | મનોવિજ્ઞાન,તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન | ૬૫,૪૦૦/- | |
| ૦૪ | વિજ્ઞાન વિદ્યાભવન | ૯,૨૧,૫૦૦/- | |
| ૦૫ | વાણિજય વિદ્યાભવન | ૫૦,૬૦૦/- | |
| ૦૬ | સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ | ૯૪,૦૦૦/- | |
| ૦૭ | કાયદાશાસ્ત્ર ભવન | ૩૩,૮૦૦/- | |
| ૦૮ | ગ્રંથાલયશાસ્ત્ર ભવન | ૧૨,૬૦૦/- | |
| ૦૯ | કોમ્પ્યુટર સેન્ટર | ૩૯,૪૦૦/- | |
| ૧૦ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૧૬,૪૦૦/- | |
| ૧૧ | પત્રકારત્વ વિભાગ | ૨૨,૮૦૦/- | |
| | કુલ સરવાળો | ૧૫,૮૭,૫૦૦/- | |

ફકરા નંબર-12

==========================================================

*યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ તપાસણી દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજો પૈકી લેજર રજિસ્ટરોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ ૭૮૦૨૦૩૨ સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ થયેલ આવક/ખર્ચની સ્થિતિ નીચે મુજબ હોવાનુ જણાઇ આવેલ હતું.

| અનં. | વિગત | રકમ |
|---|---|---|
| 0૧ | 0૨ | 03 |
| 0૧ | ૧/૪/૧૨ ની ઉઘડતી સિલક | ૨,૧૯,0૮,૭0૯.00 |
| 0૨ | વર્ષ દરમ્યાન થયેલ આવક | ૩૪,૧૬,૮૨૬.૭0 |
| 03 | કુલ રકમ | ૨,૫૩,૨૫,૫૩૫.૭0 |
| 0૪ | વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ | ૧૪,૨૮,૧૮૯.00 |
| 0૫ | વર્ષ અંતે જમા સિલક | ૨,૩૮,૯૭,૩૪૬.૭0 |

ઓડીટ અવલોકન :-

ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલના તા.૨૩/૫/૯૯ ની બાબત ૧૭ ઓર્ડીનન્સ ૧૫૦/સી માં થયેલ જોગવાઇ અનુસાર જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિધાર્થી દીઠ એક રકમના રૂ! ૧૦/- લેખે વસુલાત લઇ જે તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.સંસ્થાએ નિભાવેલ ઉપરોકત લેજર એકાઉન્ટસના આવક/ખર્ચના હિસાબોની ચકાસણી કરતાં સંસ્થાને મળેલ કુલ આવકના પ્રમાણમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ ખૂબ જ ઓછો ખર્ચ કરેલ હોવાનુ જણાઇ આવેલ છે.આવકની સામે ખર્ચનુ પ્રમાણ ઓછુ હોવાથી પ્રતિવર્ષે બચતમાં વધારો થવા પામેલ છે.પરિણામે,ઉપરોકત વિગતે વણવપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ છે.આમ,જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ માટે નાણાનો યોગ્ય વપરાશ થતો ન હોઇ મૂળભૂત હેતુ સિધ્ધ થઇ શકતો નથી.સબબ,બહોળી આવકો મેળવ્યા બાદ તે સદર હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમો/પ્રવૃત્તિઓનુ આયોજન નહીં કરી વિધાર્થીઓને સદરહુ લાભથી વંચિત રાખવા અંગે આધારિત સ્પષ્ટતા થવી ઘટે. સંસ્થાએ પ્રા.વા.નં.૧૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-13

===============================================================

***સંસ્થાના કર્મચારીઓની જામીનગીરી અંગેના જામીનખત રજુ કરવા બાબત**

===============================================================

ગુજરાત નાણાકિય નિયમોના નિયમ-૧૭૬(બી)ની નોંધ-૨ માં થયેલ જોગવાઇ અનુસાર સંસ્થામાં રોકડ સિલકો,બેંક થાપણો.સ્ટોર તેમજ સ્ટેમ્પના સ્ટોકનો હવાલો ધરાવતા કર્મચારી/અધિકારીશ્રીઓના જામીનખત મેળવી તેઓની હયાતીપણાની ખાતરી સક્ષમ અધિકારીશ્રી સમક્ષ કરાવવાની રહે છે.સંસ્થામાં ઉપરોકત વિગતે યુનિવર્સિટીતેમજ સંલગ્ન ભવનોમાં કાર્યરત ઉકત હવાલાવાળા કર્મચારીઓના ધોરણસરના જામીનખત મેળવેલ હોય તો તેની આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.જામીનગીરી/જામીનખત સબંધી જે કાંઇ રેકર્ડ સંસ્થાએ નિભાવેલ હોય તે સદરહુ રેકર્ડ અન્વેષણની ચકાસણી માટે સંસ્થાના/ભવનોના સબંધિત કર્મચારીના નામ/હોદ્દાની વિગતો સહ રજુ કરવુ ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૧૭ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-14</u>

==============================================================

*પેન્શન ચૂકવણામાં જણાયેલ અનિયમિતતા બાબત.

==============================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે પ્રાથમિક આધારિત રેકર્ડ તથા મહેકમ વિભાગના પેન્શન અંગેની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

ઉકત સંસ્થામાં જૂના સમયનાં નિવૃત થયેલા કર્મચારીનાં પેન્શનના ચૂકવણાંની સરકારશ્રીની ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૦ પેન્શનની સૂચનાઓ મુજબની કામગીરી ટૂંકમાં પેન્શનને લગતી તમામ કામગીરી મહેકમ શાખામાં કરવામાં આવે છે હાલમાં ફરજ બજાવતા કર્મચારીઓના પગાર ભથ્થા ચૂકવણી કરવામાં આવે છે તેવી જ રીતે પેન્શનની પણ કામગીરી કરવામાં આવે છે.જે પ્રથા યોગ્ય નથી.

પેન્શન ચૂકવણાં માટે ઉકત સંસ્થામાં જે તે પેન્શનરની જે તે માસની કે અન્ય ચૂકવણાની જે તે પેન્શનર વાઇજ નોંધ લેઝર પીપીઓમાં રાખવાના બદલે એક ફાઇલે પગાર સ્લીપ જેમ પેન્શન અંગેની નોંધ રાખવામાં આવે છે.જે પ્રથા યોગ્ય નથી.પી.પી.ઓ રજીસ્ટર, પેન્શન લેઝર તથા મેડીકલ રીએમ્બર્સમેન્ટ રજીસ્ટર શરૂ કરી અમલ કરવા જણવવામાં આવે છે. પેન્શનરને ચૂકવાયેલ ગ્રેજયુઇટી,રૂપાંતરીત પેન્શન દર માસે ચૂકવવામાં આવતા માસિક પેન્શન પેન્શનમાંથી થતી કપાતો તથા પુન:લગ્નની નોંધ યોગ્ય ગાર્ડ ફાઇલે ન રાખવાની પ્રથા યોગ્ય નથી.

પેન્શન કેસ વખતે કર્મચારીઓ પાસેથી ત્રણ નકલમાં અંગ્રેજી તથા ગુજરાતીમાં સહીના નમૂના તથા સંયુકત ફોટોગ્રાફી મેળવી ફાઇલ સાથે સામેલ રાખવામાં તથા દર વર્ષે સહીના નમૂના સાથે હયાતી પ્રમાણપત્રમાં પેન્શનરે કરેલી સહીની સક્ષમ અધિકારીશ્રીની હાજરીમાં ચકાસણી કરી પેન્શનનું ચૂકવણું કરવાની પ્રથા અમલમાં મૂકવા અનુરોધ છે.

પા.વા.નં.૮૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નંબર-15

==========================================================

*સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાંબત

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓને નીચે દર્શાવેલ વિગતે પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરેલ હોવાનુ ધ્યાને આવેલ હતુ.

| અ.નં. | ખર્ચની ટૂકી વિગત | કોડ નંબર | ખર્ચનીરકમ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | પરીક્ષા ભથ્થા પેટે | 3532008 | ૧૨૯૩૦૯૦૧ |
| ૦૨ | પરીક્ષા ઓવરટાઇમ | 3532007 | ૭૧૮૩૧૧ |
| | | કુલ | ૧૩૬૪૯૨૧૨ |

ઓડીટ અવલોકન :-

(૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૧૨/૧૯૮૧ થી અમલમાં આવે તે પ્રમાણે તા.૨૪/૨૧૯૮૧ ના ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નિયમોના નિયમ-૮ દ્વારા થયેલ સુધારા મુજબ યુનિવર્સિટી તેઓના અને એફિલિટેડ કોલેજોના અધિકારીઓ/કર્મચારીઓ પગારધોરણ અને ભથ્થા(શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક)રાજય સરકારશ્રીની મંજુરી આધિન રહેશે,એટલે કે રાજય સરકારશ્રીની પૂર્વમંજુરી વિના પગારધોરણ અને ભથ્થામાં યુનિવર્સિટી સુધારો કરી શકશે નહીં.

ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક/એકા/૦૧-૯૭૧૧/૨૦૦૮,તા.૨૮/૧૧/૨૦૦૮માં જણાવ્યા મુજબ એકઝીકયુટીવ કાઉન્સીલના તા.૨૮/૯/૦૮ ની બેઠકમાં બાબત નં.૧૪ થીથયેલ ઠરાવ મુજબદર્શાવેલ પગાર,રજાઓ,ગેરશિસ્ત,ગેરવર્તણૂક વગેરે બાબતો અંગેની જોગવાઇઓ તેમજ તેમાં સમયાંતરે જે સુધારા/વધારા થાય તે પ્રમાણે યુનિવર્સિટીમાં લાગુ રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર રાજય સરકારના કર્મચારીઓ/અધિકારીઓને દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ સાથે વંચાણે/ધ્યાનેલેતાંયુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને પણ સદરહુ લાભ મળવાપાત્ર થાય નહિ,આમ છતાં ઉકત વિગતે પરીક્ષા ભથ્થાં તેમજ ઓવરટાઇમ પેટે આટલી માતબર રકમનુ ચુકવણુ કઇ જોગવાઇઓને

આધિન કરવામાં આવેલ છે તેની સરકારશ્રીની મંજુરીના યોગ્ય આદેશોના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગર દ્વારા સંસ્થાને ફાળવવામાં આવતી બ્લોક ગ્રાન્ટની શરતોનુસાર પણ યુનિવર્સિટીએ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુ પાલન કરવાનુ રહે છે.આ સંજોગોમાં યુનિવર્સિટીથી ઉકત ભથ્થા તથા ઓવરટાઇમનુ ચુકવણુ કરી શકે નહિ.આમછતાં,યુનિવર્સિટીએ સદરહુ ભથ્થાઓ ચુકવેલ છે જે ઉકત નિયમો સાથે સુસંગત નહોઇ સદરહુ ભથ્થાઓ ગ્રાન્ટ સામે અમાન્ય કેમ ન ઠેરવવા ? તે અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રસ્તુત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ રૂ! ૧,૩૬,૪૯,૨૧૧.૧૩ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં. ૧૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ રૂ! ૧,૩૬,૪૯,૨૧૨/-

ફકરા નંબર-16

==========================================================

***ગુજરાત યુનિવર્સિટી હસ્તકનું આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર બંધ હોવાછતાં નિરથક ખર્ચ કરવા બાબત**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થા સંચાલિત આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર ના આવક-ખર્ચના હિસાબોની તુલનાત્મક દ્રષ્ટિએ ચકાસણી કરતાં નીચેની સ્થિતિ ધ્યાને આવેલ હતી.

| આવકખર્ચની ટુંકી વિગત/ | રકમ |
|---|---|
| ૦૧ | ૦૨ |
| ગત વર્ષની વણવપરાયેલ સિલક | ૦૦૦. |
| તપાસણી વર્ષની થયેલ આવક | ૦૦૦. |
| કુલ રકમ રૂ! | ૦૦૦. |
| તપાસણીવર્ષ દરમ્યાન થયેલ ખર્ચ | ૮,૧૯,૪૦૦. |
| વર્ષના અંતે વણવપરાયેલ સિલક | ૦૦૦. |

ઓડીટ અવલોકન :-

(૦૧) આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટરની કામગીરી બાબતે પૃચ્છા કરતાં સદરહુ ટ્રેનીંગ સેન્ટર છેલ્લા સોળ વર્ષથી બંધ હોવાનુ જાણવા મળેલ હતું.પરંતુ તપાસણી વર્ષમાં ઉપરોકત વિગતે રૂ!૮,૧૯,૪૦૦/-નો માતબર ખર્ચ થયેલ હોવાનું પણ રેકર્ડ પરથી સ્પષ્ટ થયેલ હતુ.આમ,સદરહુ ટ્રેનીંગ સેન્ટર ખરેખર બંધ હાલતમાં હોય તો સેન્ટરમાં કઇ કઇ પ્રવૃત્તિઓ થકી ઉપરોકત ખર્ચ કરવામાં આવેલ છે તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ઉપરોકત ટ્રેનીંગ સેન્ટર ઉકત વિગતે લાંબા સમયથી બંધ હાલતમાં હોય તો તે માટે કર્મચારીઓનાં પગારભથ્થા પેટે ખર્ચ પાડી શકાય નહીં.સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મંજૂર થયેલ જગ્યા સતત ત્રણ વર્ષ સુધી ભરવામાં ન આવે તો તે જગ્યા અબેયન્સમાં જાય છે.સંસ્થાના ઉકત તાલીમ કેન્દ્ર ખાતે મંજુર થયેલ જગ્યાઓ પૈકી કઇ કઇ જગ્યાઓ ઉપર કઇ કઇ કેટેગરીના કર્મચારીઓની નિમણૂક થકી ઉપરોકત ખર્ચ કરવામાં આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે..

(૦૩) ઉપરોકત ટ્રેનીંગ સેન્ટરના બાંધકામ પેટે માતબર રકમનો ખર્ચ થયેલ હશે,તે બાબત ધ્યાને લેતાં સદરહુ સેન્ટર આટલા લાંબા સમયથી બંધ હાલતમાં હોય તો તે બિલ્ડીંગ(સેન્ટર)નો કયા હેતુસર વપરાશ કરવામાં આવે છે તેના આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સદરહુ ટ્રેનીંગ સેન્ટર માટે સંસ્થાએ કઇ કઇ જગ્યાઓ માટે કયારથી કોની કોની નિમણૂક કરેલ હતી ? સદરહુ સેન્ટર શરૂઆતના તબકકામાં કાર્યરત હતું પરંતુ કેવા કારણોસર સેન્ટર બંધ થવા પામેલ છે ? સદરહુ સેન્ટરથી કેટલા જરૂરિયાતવાળા વિધાર્થીઓને યોજનાનો લાભ મળેલ હતો ? તે સઘળી વિગતો અન્વેષણમાં આધાર સહ રજૂ કરી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટરની ઉપરોકત આવક/ખર્ચની વિગતો જોતાં ખર્ચની સામે આવક શૂન્ય જણાઇ આવેલ હતી.તો સેન્ટરમાં પ્રવેશ માટે ફી સંબંધી ધારાધોરણો જે તે સમયે નિયત કરવામાં આવેલ હતાં કે કેમ?આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૬) સદરહુ ટ્રેનીંગ સેન્ટરના નિભાવ બાબતે અંદાજપત્રમાં આવક બાજુએ કોઇ જોગવાઇ કરેલ નથી,જયારે ખર્ચ બાજુ રૂ! ૮,૫૦,૦૦૦/- ની જોગવાઇ કરેલ છે.આમ,માત્ર ખર્ચની જોગવાઇ સામે આવકની જોગવાઇ નહી કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૭) આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટરના નિર્માણ અને પ્રારંભ બાદ પ્રતિવર્ષ ઉપર મુજબ ખર્ચ થતો હોય તો તાલીમ કેન્દ્રના નિર્માણ તેમજ પ્રતિવર્ષ થતા ખર્ચનો કોઇ હેતુસરતો નથી.આ સંજોગોમાં સેન્ટર શરૂ કરી જરૂરીયાતવાળા વિધાર્થીઓને લાભ મળે તે દિશામાં પરિણામલક્ષી કાર્યવાહી કરવા ઓડીટ અનુરોધ છે,અન્યથા આ સદર હેઠળ કરવામાં આવેલ ખર્ચ નિયમોચિત ઠેરવી શકાય નહીં.

ઉપરોકત મુદ્દાઓ બાબતે આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી આ સદર હેઠળ થયેલ ખર્ચ રૂ! ૮,૧૯,૪૦૦/-આથી ઓડીટવાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં.૩૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૮,૧૯,૪૦૦/-

ફકરા નંબર-17

==========================================================

*પહોંચબુકોના હિસાબોનું ૨૦૧૨/૧૩ નું સ્ટોક રજિસ્ટર નહીં નિભાવવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સંસ્થા હસ્તકનાં વિવિધ વિધાભવનોમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા તથા અન્ય પ્રકારે લેવામાં આવતી ફી પેટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા પ્રમાણે તપાસણી વર્ષમાં રૂ! ૨૮,૯૮,૦૭,૭૦૩.૪૬ વસુલ કરવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ હતું.

ઉપરોક્ત વિગતે વસુલ કરવામાં આવેલ રકમની ચકાસણી કરવા માટે સંસ્થા દ્વારા છપાવવામાં અને ઉપયોગમાં લેવાયેલ પહોંચબુકોની અન્વેષણ દ્વારા જમાના રેકર્ડ સાથે ખરાઇ કરવામાં આવે છે.તપાસણી વર્ષ ૨૦૧૨/૧૩ માં ઉપરોક્ત ફી ની વસુલાત માટે ઉપયોગમાં લેવાયેલ પહોંચબુકોના સ્ટોક/વપરાશ તથા બંધ સ્ટોકના હિસાબો રજુ કરવા પ્રા.વાં.ક્રમાંક-૨૦,તા.૧૭/૧૨/૧૬ થી નિયત પત્રકમાં માહિતી માગવામાં આવેલ હતી,જે સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ નથી.જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

ઓડીટનોંધ :-

(૦૧) ઉપરોક્ત આવકના હેતુ માટે વપરાશમાં લેવાયેલ પહોંચબુકો કયાંથી ઉપલબ્ધ/છપાવવામાં આવેલ હતી ? સંસ્થા હસ્તકનો પ્રેસ બંધ હાલતમાં હોવાનું અન્વેષણના ધ્યાન પર આવેલ હોવાના સંદર્ભમાં સંસ્થાના પ્રેસ દ્વારા સદરહુ પહોંચબુકો છપાવવામાં આવેલ હતી કે કેમ ? પ્રેસ દ્વારા કેટલી પહોંચબુકોનો સ્ટોક વિવિધ ફેકલ્ટીવાર ૨૦૧૨/૧૩ ના વર્ષમાં છપવામાં આવેલ હતો ? તેમાંથી કેટલો સ્ટોક વપરાશ માટે હિસાબી તેમજ અન્ય ભવનોને આપવામાં આવેલ હતો ? હિસાબી/અન્ય શાખાઓએ તેના હિસાબ માટે સ્ટોક/વપરાશ રજિસ્ટર નિભાવી જમા લીધેલ હતો કે કેમ

? તપાસણી વર્ષ દરમ્યાન સદરહુ પહોંચબુકોનો કેટલો વપરાશ થવા પામેલ હતો ? અને વર્ષના અંતે કેટલી પહોંચબુકો વણવપરાયેલ જમા રહેવા પામેલ હતી ? આ તમામ બાબતોની સ્પષ્ટતા કરવા માટે નિયત સ્ટોક રજિસ્ટરો રજુ કરી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૦૨) ગત અન્વેષણ અહેવાલના ફકરા ક્રમાંક-૬૧ થી સદરહુ પહોંચબુકોના સ્ટોક રજિસ્ટરની નિભાવણી માટે અનુરોધ કરવામાં આવેલ હોવાછતાં અન્વેષણની સુચના મુજબનું સ્ટોક રજિસ્ટર નિભાવેલ નથી.પરિણામે ,સદરહુ પહોંચબુકોના દુરુપયોગ થકી નાણાંકીય અનિયમિતતાઓ થવાની શકયતાઓ રહેલી છે.સદરહુ બાબતની ગંભીરતા ધ્યાને લેતાં પહોંચબુકોની છપામણી/વહેંચણી/સ્ટોકના ધોરણસરના હિસાબો વર્ષવાર નિભાવી અન્વેષણને આધારિત ખાતરી કરાવવી ઘટે.

(03) ઉપરોકત ક્રમ-(૧) તથા ક્રમ-(૨) માં દર્શાવેલ વિગતો મુજબનું નિયત સ્ટોક રજિસ્ટર વર્ષવાર નિભાવેલ ન હોઇ પ્રત્યેક વર્ષવાર છપાયેલ,વપરાયેલ અને વણવપરાયેલ પહોંચબુકોના હિસાબોનું મેળવણું થઇ શકતું ન હોઇ અન્વેષણના પ્રારંભે અન્વેષણ

વર્તુળથી પહોંચબુકોના સ્ટોકની ભૌતિક ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૨ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

======================================================================

## અન્વેષણ વર્ષ ૨૦૧૨/૧૩ માં વિવિધ ફી પેટે વસુલ કરેલ રકમની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૧

======================================================================

| અ.નં. | આવકફી ની વિગત/ | આવક રૂપિયા |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | પરીક્ષા ફી ની આવક | ૧૫,૮૯,૨૩,૮૯૦૦૨. |
| ૦૨ | અન્ય ફી ની આવક | ૪,૫૬,૬૭,૩૪૨૨૯. |
| ૦૩ | પ્રકાશનોની આવક | ૧,૧૪,૭૦,૩૪૬૮૯. |
| ૦૪ | પરચુરણ આવકો | ૧,૮૪,૧૩,૮૭૮૨૬. |
| ૦૫ | અનુસ્નાતક શિક્ષણકાર્યફી- | ૫,૧૦,૦૪,૩૭૫૦૦. |
| ૦૬ | આરોગ્ય કેન્દ્રની આવક | ૭,૬૦૭૦૦. |
| ૦૭ | અતિથિગૃહની આવક | ૭,૨૦૦૦૦. |
| ૦૮ | યુનિવર્સિટી છાત્રાલયો | ૯,૫૦,૦૫૪૦૦. |
| ૦૯ | જમીન આવક | ૫,૭૮,૦૦૦૦૦. |
| ૧૦ | યુનિવર્સિટી ગ્રંથાલય | ૫૩,૫૬૦૦૦. |
| ૧૧ | ગ્રંથાલય શાસ્ત્રભવન | ૨,૩૭,૯૦૦૦૦. |
| ૧૨ | યુનિકોમ્પ્યુટર સેન્ટર. | ૩,૧૬,૬૫૦૦૦. |
| ૧૩ | પ્રોફેશનલ તાલીમ સેન્ટર | ૭,૩૨,૦૦૦૦૦. |
| ૧૪ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૯૩,૬૦૦૦૦. |
| ૧૫ | પત્રકારત્વ વિભાગ | ૧,૩૦,૨૦૦૦૦. |
| ૧૬ | પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ | ૯,૬૯,૦૦૦૦૦. |
| ૧૭ | માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુ. | ૨,૫૨,૧૦૦૦૦. |
| | કુલ આવક -: | ૨૮,૯૮,૦૭,૭૦૩૪૬. |

ફકરા નં-18

==================================================================

*સંસ્થા હસ્તકની જમીનની આવકમાં જણાઇ આવેલ અસાધારણ ઘટાડા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક હિસાબોમાં નમૂનારૂપ આવકોનું તુલનાત્મક દ્રિષ્ટિએ અવલોકન કરવામાં આવેલ હતું.જેમાં સંસ્થા હસ્તકની મિલકતો પૈકી જમીનની આવકમાં છેલ્લા ત્રણ વર્ષની તુલનાએ તપાસણી વર્ષ ૨૦૧૨/૧૩ માં અસાધારણ ઘટાડો થયેલ હોવાનું ધ્યાને આવેલ હતું.જે નિમ્નદર્શિત આંકડાકિય વિગતો પરથી સ્પષ્ટ થવા પામે છે.

| અ.નં. | નાણાંકીય વર્ષ | જમીનની આવક |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | ૨૦૧૦૧૧- | રૂ! ૨૩,૬૨,૮૩૨૦૦. |
| ૦૨ | ૨૦૧૧-૧૨ | રૂ! ૨૪,૮૫,૪૧૬૦૦. |
| ૦૩ | ૨૦૧૨૧૩- | રૂ! ૫,૭૮,૦૦૦૦૦. |
| | કુલ રૂ! | ૫૪,૨૬,૨૪૮૦૦. |
| | સરેરાશ રૂ! | ૧૮,૦૮,૭૪૯૦૦. |

ઉપરોકત વિગતોના અવલોકન બાદ નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) ગત અન્વેષણ વર્ષ ૨૦૧૦/૧૧ તથા ૨૦૧૧/૧૨ ના વર્ષમાં જમીનની આવક રૂ! ૨૪,૦૦,૦૦૦/- સરેરાશ થવા પામેલ હતી,જયારે તપાસણી વર્ષ ૨૦૧૨/૧૩ માં સદરહુ આવક ઘટીને રૂ! ૫,૭૮,૦૦૦/- થવા પામેલ હતી.આમ,ગત અન્વેષણ વર્ષોની તુલનાએ ૨૦૧૨/૧૩ માં સદરહુ જમીનની આવક અસાધારણ રીતે ઘટવા અંગેનાં કારણો સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૨) જમીનની માલિકીની વિગતો દર્શાવતું મિલકત રજિસ્ટર નિભાવાતુ હોય તો જમીનના વિસ્તાર,માલિકી હકકના દસ્તાવેજો,જમીન ભાડે આપેલ હોય તો તે અંગેના ભાડા કરાર,ભાડાની વસુલ કરેલ અને બાકી રકમોની વિગતો વગેરે અન્વેષણમાં રજુ કરી ઉપરોકત આવક ઘટાડાની આધારિત ખાતરી કરાવવી ઘટે.

(3) સંસ્થાની માલિકીની જમીનો ભાડે/વેચાણ આપવા બાબતે સંસ્થાની બાંધકામ/ઇ.સી/એ.સી કમિટીમાં કોઇ ઠરાવ કરવામાં આવેલ હોય તો તે અંગેના યોગ્ય આધાર રજુ થવા ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૩ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં-19

==========================================================================

*ટુંકી મુદતની થાપણો ઉપર મળેલ વ્યાજના હિસાબોની અનિયમિતતા બાબત

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન રજુ થયેલ વાર્ષિક હિસાબો તેમજ રોકાણ રજિસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની સ્થિતિ ધ્યાને આવેલ હતી.

| અનં. | અન્વેષણ વર્ષ | બેંક ડીપોઝીટની રકમ રૂ! | ડીપોઝીટ ઉપરનુ વ્યાજ રકમ રૂ! |
|---|---|---|---|
| ૦૧ | ૨૦૧૨/૧૩ | ૮૪,૧૬,૧૬,૭૦૨.૭૫ | ૧૧,૪૮,૧૪,૭૫૯.૨૯ |

ઓડીટ અવલોકન :-

(૧) ઉપરોકત વિગત નજરે જોતાં સંસ્થાની ટુંકી મુદતની ડીપોઝીટો રૂ! ૮૪,૧૬,૧૬,૭૦૨.૭૫ હતી જેના ઉપર રૂ! ૧૧,૪૮,૧૪,૭૫૯.૨૯ વ્યાજ મળેલ હતુ.સંસ્થા દ્વારા જે જે બેંકમાં થાપણો મૂકવામાં આવે તે થાપણોની વિગતવાર નોંધ થાપણ રજિસ્ટરમાં અચુક કરવાની રહે છે.તેવી જ રીતે નિયત મુદતે ડીપોઝીટ ઉપર મળતા વ્યાજની નોંધ પણ સદરહુ રજિસ્ટરમાં સમયાંતરે કરવાની રહે છે,જેથી સંસ્થાના વાર્ષિક હિસાબો સાથે મળેલ વ્યાજનુ યોગ્ય મેળવણુ કરી શકાય.સંસ્થા દ્વારા થાપણ રજિસ્ટરની નિભાવણી થાય છે,પરંતુ થાપણ ઉપર મળેલ વ્યાજની નોધો કરી વિગતે તારીજ કાઢવામાં આવતી ન હોઇ સંસ્થાના વાર્ષિક હિસાબની જમા બાજુએ દર્શાવાયેલ વ્યાજ રૂ!૧૧,૪૮,૧૪,૭૫૯.૨૯ ના વ્યાજબીપંણાની ચકાસણી થઇ શકતી નથી.તો પ્રત્યેક થાપણ રજિસ્ટોમાં તે મુજબની કાર્યવાહી પૂર્ણ કરી હિસાબોના મેળવણાના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૨) ઉપર મુજબ બેંક થાપણો ઉપર મળેલ વ્યાજ કઇ કઇ બેંકો દ્વારા મળેલ છે,અને હજુ કઇ કઇ બેંકોનુ વ્યાજ મળવાનું બાકીમાં છે ? તેના યોગ્ય આધાર રજુ થવા ઘટે.તેમજ સદરહુ વ્યાજના જે તે કોડ સાથે લેજર મુજબનો ઉતારો (બેંક વ્યાજ/સિલકના) આધાર સહ રજુ થવો ઘટે.

(3) સંસ્થાની બચત રકમો સંસ્થાની આર્થિક સધ્ધરતા વધારવાના હેતુસર નિયત મુદતની થાપણો બેંકમાં મૂકવામાં આવે છે.પરંતુ સદરહુ થાપણો જે તે સમયે સબંધિત વિધાર્થીઓ પાસેથી વામાં આવેલ વિવિધ પ્રકારની ફી પેટેની છે.જે વિધાર્થીઓએ સદરહુ ફી ભરેલ છે તેમના ફી ની રકમો આ રીતે પ્રતિ વર્ષ થાપણો તરીકે મૂકવામાં આવતી રહે તો વિવિધ ફેકલ્ટીના વિધાર્થીઓમાટે રચનાત્મક/પ્રોત્સાહક કાર્યક્રમોનુ આયોજન થઇ શકે

નહી.પરિણામે,વિધાર્થીઓના ઉત્કર્ષ માટેનો સંસ્થાનો હેતુ સિધ્ધ થઇ શકે નહિ.સબબ,વિધાર્થી કલ્યાણ સબંધી રચનાત્મક પ્રવૃતિઓ દ્વારા સદરહુ ફંડ્નો ઉપયોગ થાય તે આવશ્યક છે. તદનુસાર યોગ્ય કક્ષાએ નિર્ણય લઇ સદરહુ થાપણોનો યોગ્ય અને અસરકારક વપરાશ થાય તેવાં આયોજનો કરી પરીણામલક્ષી કાર્યવાહી આધારિત ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૧ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-20

=====================================================================

*યુનિ.ના પાકા સરવૈયામાં મૂડી-દેવા બાજુ દર્શાવેલ બીજા ફંડોના હિસાબોની અનિયમિતતાઓ બાબત

=====================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના તપાસણી વર્ષ ૨૦૧૨/૧૩ ના વાર્ષિક હિસાબોનુ અવલોકન કરતાં વર્ષના અંતે એટલે કે ૩૧/3/૧૩ ના રોજ પાકા સરવૈયામાં મૂડી-દેવા બાજુ બીજા ફંડો તરીકે નીચે મુજબની દર્શાવેલ હોવાનુ ધ્યાને આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ०૧ | 1 | પરિશિષ્ટ -A મુજબ | 37,20,25,335.48 |
| ०૨ | + | વર્ષ દરમ્યાન ઉમેરો | 21,99,39,391.25 |
| 03 | = | કુલ | 59,19,64,726.73 |
| ०૪ | - | ઘસારાચૂકવ્યા વગેરે/ | -20,87,74,212.00 |
| ०૫ | = | બીજા ફંડો) Net Rs) | 38,31,90,514.73 |

ઓડીટ અવલોકન :-

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ વિવિધ ફંડની વિગતો દર્શાવેલ છે,સદરહુ ફંડોની રચના અલગથી કેવા કારણોસર /ઉદ્દેશથી કરવામાં આવેલ હતી ? રચના અંગેના યોગ્ય આધાર સહ સંપૂર્ણ વિગતો/રેકર્ડ રજુ થવુ ઘટે.

(૨) સદરહુ ફંડોની આવકના સ્ત્રોત અંગે તથા તેના ખર્ચનાં ધારા ધોરણો અંગે કોઇ નિયમો/ઠરાવો નિયત કરવામાં આવેલ હોય તો તેની વિગતો/આધાર રજુ થવા ઘટે.

(3) સદરહુ ફંડની આવક અને ખર્ચ અંગે રજુ થયેલ અંદાજપત્ર/સુધારેલ અંદાજપત્રમાં કોઇ જોગવાઇ થયાનુ જણાતુ નથી,તો આવક/ખર્ચની અંદાજપત્રમાં જોગવાઇ નહી કરવા અંગે તેમજ જોગવાઇ વિના ખર્ચ કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) ઉપરોકત ફંડની આવક રૂ! ૨૧,૯૯,૩૯,૩૯૧.૨૫ તેમજ ખર્ચ રૂ!-૨૦,૮૭,૭૪,૨૧૨.૦૦ યુનિવર્સિટીના આવક તથા ખર્ચમાં દર્શાવેલ નથી,જે અંગે સ્પષ્ટતા થવી ઘટે,તદુપરાંત

તેટલા અંશે યુનિવર્સિટીનો આવક-ખર્ચ તેટલા પ્રમાણમાં ઓછી આવક અને ખર્ચ દર્શાવે છે એમ ગણાય,અને તેથી જ તે બાબત પ્રમાણિત કરી શકાય નહિં.

ઉપરોકત મુદ્દાઓમાં દર્શાવેલ બાબતની આધાર સહ સ્પષ્ટતા કરવી ઘટે,અને સદરહુ ફંડો સબંધી તમામ રેકર્ડ પણ તાત્કાલિક રજુ થવુ ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૨ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-21

======================================================================

*સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ ન કરવા/વસુલાત ન કરવા બાબત

======================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના નાણાંકીય વર્ષ-૨૦૧૨/૧૩ ના ઓડીટ દરમ્યાન લેજરની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ સરકારી/અર્ધસરકારી સરકારી/અર્ધસરકારી સંસ્થાઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કામગીરી માટે એડવાન્સ રકમ ચુકવી/હવાલે મૂકવામાં આવેલ છે.જે નાણાંકીય વર્ષના અંત સુધી પણ વસૂલ થયેલ નથી કે સરભર થયેલ નથી.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૦૧) રાજય સરકારના PWD ડિપાર્ટમેન્ટને તારીખ.૧/૪/૦૫ થી આપેલ એડવાન્સ રૂપિયા ૪૨,૪૧,૬૬૩/- બાકી ખેંચાય છે.આ સદરહું રકમ કઇ કામગીરી માટે એડવાન્સ આપેલ છે.તેની વિગતો રજુ થવા તથા સદરહુ નાણા સાત વર્ષ જેટલા લાંબા સમયથી બાકી ખેંચાતી હોવાછતાં વસુલ ન કરવા/એડજસ્ટ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.અથવા જો આ અંગે કોઇ કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો રજૂ થવી ઘટે.

(૦૨) NT.C(9313035) ને આપેલ એડવાન્સ રૂપિયા ૧,૪૫,૦૬૮/- તારીખ.૧/૪/૦૭ થી બાંકી ખેંચાય છે.તો કયા હેતુ થી આ રકમ ચૂકવવામાં આવેલ છે.તથા સદરહુ રકમ વસુલ કરવા/એડજસ્ટ કરવા થયેલ કાર્યવાહીની વિગતો ઓડીટમાં રજુ થવી ઘટે.

(03) પોલીવેલન્ટ સેન્ટરને (૯૩૧૫૦૦૧) રૂપિયા ૫૫,૯૬૮/- તારીખ.૧/૪/૦૭ થી ચૂકવેલ બાકી ખેચાય છે.આ કેન્દ્રને કઇ કામગીરી સબબ એડવાન્સ ચૂકવેલ છે.તેની વિગતો રજુ થવા તથા પાંચ વર્ષના લાંબા ગાળા દરમિયાન સબબ રકમ એડજસ્ટ કરવા કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

(૦૪) સીવીલ સપ્લાય કોર્પોરેશનને (૯૩૧૩૦૩૨) તારીખ.૧/૪/૮૮ થી ચૂકવેલ રૂપિયા ૧,૮૩,૭૩૫/- નાણાંકીય વર્ષ પૂર્ણ થતાં સુધી બાકી ખેંચાય છે.તો સદરહું રકમ કઇ બાબતે ચૂકવેલ છે અને આટલા લાંબા સમય સુધી રકમ વસુલ/એડજસ્ટ કરવા તેમજ સદરહું રકમ વસુલ/એડજસ્ટ કરવાના પ્રયત્નોની વિગતો રજુ થવી ઘટે.તેમજ સદરહું રકમ વસુલ/એડજસ્ટ કરી આધાર સહ ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત દર્શાવ્યા મુજબની વિગતો રજુ થવા તથા એડવાન્સ ચૂકવેલ રકમ રૂપિયા૪૬,૨૬,૪૩૪/-વસુલ કરી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

પા.વા.નં. 33 નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાત ની વિગત.

| | |
|---|---|
| (૧) P.W.D | રૂ! ૪૨,૪૧,૬૬૩/- |
| (૨) NT.C | રૂ! ૧,૪૫,૦૬૮/- |
| (૩)Polyvalant | રૂ! ૫૫,૯૬૮/- |
| (૪) CSC | રૂ! ૧,૮૩,૭૩૫/- |
| કુલ | રૂ! ૪૬,૨૬,૪૩૪/- |

ફકરા નંબર-22

==================================================

***યુનિવર્સિટી સ્પોર્ટસ ફી ની આવકોનો યોગ્ય ઉપયોગ નહીં કરવા બાબત**

==================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સ્પોર્ટસ ફી સદરે થયેલ આવક તથા ખર્ચની તા.૩૧/૩/૧૩ના રોજ નીચે દર્શાવેલ સ્થિતિ જણાઇ આવેલ હતી.

| અ.નં. | આવકખર્ચની ટુંકી વિગત/ | રકમ |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | તા.૧/૪/૧૨ ના રોજની ઉઘડતી સિલક | ૨,૬૧,૮૭,૫૯૭.૦૦ |
| ૦૨ | અન્વેષણ વર્ષ દરમ્યાન થયેલ આવક | ૧૭,૭૩,૫૬૧.૦૦ |
| ૦૩ | કુલ રકમ | ૨,૭૯,૬૧,૧૫૮.૦૦ |
| ૦૪ | વર્ષ દરમ્યાન કરેલ કુલ ખર્ચ | ૫,૪૩૦.૦૦ |
| ૦૫ | વર્ષના અંતે બાકીજમા સિલક/ | ૨,૭૯,૫૫,૭૨૮.૦૦ |

ઓડીટ અવલોકન :-

(૦૧) ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલ દ્વારા ઠરાવ્યા મુજબ તેમજ ઓર્ડીનન્સ-૧૫૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિધાર્થીઓ દીઠ એક રકમના રૂ! ૫.૦૦ પ્રમાણે સ્પોર્ટસ ફી વસુલ કરવાની રહે છે,આ રીતે વસુલ કરેલ સ્પોર્ટ્સ ફી ના ભંડોળની એકત્રિત રકમ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ થકી વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઉપયોગમાં લેવાની રહે છે.સદરહુ યોજનાનો અમલ ૧૯૮૫-૮૬ ના વર્ષથી કરવામાં આવેલ હતો.તે બાબત ધ્યાને લેતાં સદરહુ ફી ની આવકમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે,જયારે વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરી કોઇ ખર્ચ થયાનુ ધ્યાને આવેલ નથી.પરિણામે, વિધાર્થીઓ પાસેથી આટલા લાંબા સમયથી વસુલ કરેલ સ્પોર્ટસ ફી નુ ભંડોળ વણવપરાયેલ જમા પડી રહેલ હોવાનુ ઉપરોકત વિગતો પરથી સ્પષ્ટ થાય છે.સંસ્થાના યોગ્ય આયોજનના અભાવે પૂરતુ ભંડોળ ઉપલબ્ધ હોવાછતાં તેનો અસરકારક અને સમયાંતરે ઉપયોગ નહી થવાથીવિધાર્થીઓને તેમના મૂળભૂત લાભથી વંચિત રાખવામાં આવેલ છે,જે અંગે

સ્પષ્ટતા કરવી તેમજ સદરહુ બાબતે યોગ્ય આયોજન દ્વારા પરિણામલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરી તેના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૦૨) તપાસણી વર્ષમાં કુલ-૩૬૬ કોલેજો ગુજ.યુનિવર્સિટી સંલગ્ન નોંધાયેલ હતી.વાર્ષિક વહીવટ અહેવાલની વિગતો મુજબ ઉકત સ્પોર્ટસ ફી પેટે રૂ! ૨૫,૦૦,૦૦૦/- ની વસુલાત થવી જોઇએ,તેને બદલે રૂ! ૧૭,૭૩,૫૬૧/- ની વસુલાત થવા પામેલ છે.તો અન્વેષણ વર્ષમાં રૂ! ૭,૨૬,૪૩૯/- જેટલી રકમ ઓછી વસુલાત થવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.બાકી રહેલ ફી ની રકમ રૂ! ૭,૨૬,૪૩૯/- વસુલ લઇ સંસ્થાના ભંડોળે જમા લઇ આધારિત ખાતરી કરાવવી ઘટે.વધુમાં સદરહુ બાકી ફી ની રકમ અંગે સબંધિત કોલેજોની કેટલી રકમ બાકી રહે છે તેની વિગતો તૈયાર કરી વિધાર્થીઓની સંખ્યાના મેળવણાના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(03) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૨/૧૩ ના અંદાજપત્રમાં રમતગમત અને વિધાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ પાછળ અનુક્રમે રૂ! ૩૩,૯૦,૦૦૦/- તથા રૂ! ૧૧,૮૫,૦૦૦.૦૦ એમ કુલ મળી રૂ!૪૫,૭૫,૦૦૦.૦૦ના ખર્ચનો અંદાજ મૂકવામાં આવેલ છે,જેની સામે તપાસણી વર્ષમાં સદરહુ કલ્યાણ પ્રવૃત્તિઓ પાછળ માત્ર રૂ! ૫૪૩૦/- નો જ ખર્ચ કરવામાં આવેલ છે.જે વાસ્તવિક અંદાજના પ્રમાણમાં સાવ નજીવો ગણી શકાય.આમ,અંદાજપત્રમાં સદરહુ બાબતે પૂરતા ભંડોળની અંદાજપત્રીય જોગવાઇ કરેલ હોવાછતાં ખર્ચ નહી કરવા અંગે સબંધિતથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.30 નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-23</u>

==================================================================

***કાનુની ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં સંસ્થાના કાનુની ખર્ચ પેટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ ની વિગતે રૂા૧૫,૯૮,૧૬૩/- ની ચુકવણી સબંધિત વકીલશ્રીને કરવામાં આવેલ હતી.સદરહુ ખર્ચ બાબતે સાધનિક રેકર્ડ રજુ કરવા પ્રા.વાં.ક્રમાંક-૧૦ તા.૧૩/૧૨/૧૬ થી સંસ્થાને જણાવવામાં આવેલ હતું.ત્યારબાદ પ્રા.વા.ક્રમાંક-૬૦ તા.૨૫/૧/૧૭ થી સ્મૃતિપત્ર પાઠવી કાનુન ખર્ચ સંબંધી તમામ રેકર્ડ અન્વેષણની ચકાસણી માટે રજુ કરવા જણાવેલ હોવાછતાં સંસ્થા દ્વારા સદરહુ રેકર્ડ રજુ થવા પામેલ નથી.જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ ના ક્રમ-૧ માં દર્શાવેલ નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં.૪૪/૨૦૧૨ માં નામ.સુપ્રિમ કોર્ટના એડવોકેટશ્રીઓની તાત્કાલિક રૂબરૂ મુલાકાત કરવા યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓએ નવી દિલ્હી ખાતે પ્રવાસ કરેલ હતો,તેઓના પ્રવાસ માટે થયેલ મુસાફરી ખર્ચનું જાયેન ટ્રાવેલ્સ એજન્સી ને ચુકવણુ કરવામાં આવેલ હતું.સદરહુ ખર્ચના વાઉચરમાં થયેલ નોંધ મુજબ સંસ્થાના પરીક્ષા વિભાગની ગંભીર ભૂલના કારણે યુનિવર્સિટીને આર્થિક તથા પ્રતિષ્ઠાની દ્રિષ્ટિએ નુકશાન થવા પામેલ છે.સદરહુ નોંધ ધ્યાને લેતાં પરીક્ષા વિભાગમાં કઇ બાબત માટે કોના દ્વારા કેવા કારણોસર ગંભીર ભૂલ થવા પામેલ હતી તેની કોઇ વિશેષ વિગતો વાઉચરમાં ઉપલબ્ધ નથી.વળી સદરહુ ગંભીર ક્ષતિ માટે સંસ્થાએ યોગ્ય તપાસ કરી કસુરવાર સામે નિયમોચિત કાર્યવાહી કરેલ છે કે કેમ ? તે સઘળી બાબતોની ચકાસણી માહિતી /રેકર્ડ ના અભાવે શકય બનેલ નથી.

(૨) સામેલ પરિશિષ્ટના ક્રમ-૯ માં દર્શાવેલ કેસની વિગત મુજબ સમાજવિધા ભવનના પ્રોફેસરશ્રી પ્રદીપ પ્રજાપતિને ફરજમોકુફી હેઠળ ઉતારવા ઉતારવા સંદર્ભમાં ટ્રીબ્યુનલ કેસ વિરૂધ્ધ સંસ્થાએ નામ.ગુજરાત હાઇકોર્ટમાં ચેલેન્જ અરજી દાખલ કરેલ હતી.તેની ફી પેટે એડવોકેટશ્રી એસ.એન.શેલતને ચૂકવેલ હતા.સદરહુ કેસમાં શ્રી પ્રદિપ પ્રજાપતિને કેવા કારણોસર કયારે ફરજમોકુફી હેઠળ ઉતારવામાં આવેલ હતા ? તેઓના કેસની છેવટની

પરિસ્થિતિ શું છે ? તેઓને પુન: ફરજ પર લેવામાં આવેલ છે કે કેમ ?તે સઘળી બાબતોની ખરાઇ માહિતી/રેકર્ડના અભાવે થઇ શકતી નથી.

(3) સામેલ પરિશિષ્ટ ના ક્રમ-૧૪ માં દર્શાવેલ નામ.ગુજરાત હાંઇકોર્ટ સ્પે.સી.એ.નં.૩૬૭૧/૨૦૧૨ ની વિગત મુજબ ડૉ.વિજલ મોદીએ તેમનુ નામ પી.જી.યાદીમાંથી રદ થતાં તેઓની પીટીશન વિરૂધ્ધ નામ.કોર્ટ માં અરજી/કેસ સારૂ એડવોકેટ શ્રી કમલ ત્રિવેદીને નાણાં ચૂકવેલ હતાં.સદરહુ કેસમાં અરજદારનું નામ પી.જી.યાદીમાંથી કેવા કારણોસર રદ કરવામાં આવેલ હતું ? કોની ક્ષતિ થકી નામ રદ કરેલ હતું? કસુરવાર સામે યોગ્ય કાર્યવાહી કરેલ હતી કે કેમ ? તેવી તમામ બાબતોની ખરાઇ કરવા માટે કેસનુ સાધનિક રેકર્ડ રજુ થવુ ઘટે.જે અન્વેષણમાં રજુ થવા પામેલ નથી.

(૪) સામેલ પરિશિષ્ટ ના ક્રમ-૧૬ ની વિગત મુજબ ગુજરાત યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉંસીલના ઠરાવ નં.૮ (૨૦૧૨) અન્વયે વિવિધ કેસ સંદર્ભમાં નીચે દર્શાવેલ વિગતે એડવોકેટશ્રીઓને ફી પેટે ચુકવણાં કરેલ હતાં.

| અ.નં. | કેસ નંબર/વર્ષ | ચૂકવેલ રકમ | એડ્વોકેટશ્રીનુ નામ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | ક્રીમી મીસ.એટલી.નં.૧૦૦૨૮/૨૦૧૨ | ૧,૦૦,૦૦૦/- | શ્રી મિહિર.જે.ઠાકોર |
| ૦૨ | મીસ.ક્રીમી.એટલી.નં.૧૦૦૨૮/૨૦૧૨ | ૨,૦૦,૦૦૦/- | શ્રી પ્રકાશ એમ.ઠકકર |
| ૦૩ | ક્રીમી મીસ.એટલી.નં.૧૦૦૨૮/૨૦૧૨ | ૨,૦૦,૦૦૦/- | શ્રી નીતિન.એમ.અમીન |
| | કુલ | ૫,૦૦,૦૦૦/- | |

ઉપરોકત કેસો કેવા કારણોસર કોની વિરૂધ્ધ થયેલ હતા ? સદરહુ કેસોની છેવટની છેવટનીપરિસ્થિતિ શું છે ? ઠરાવની વિગત મુજબ ઉકત કેસોનો નિકાલ ન થાય ત્યાં સુધી તમામ કાનુની ખર્ચ મંજુર કરવાનું ઠરાવેલ છે પરંતુ ઠરાવમાં કેસની વિગત,કાનુની ખર્ચના ધોરણો,ખર્ચની મર્યાદા,કાનુનવિદોના નામ વગેરે બાબતોની કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.આમ,માતબર રકમના કાનુની ખર્ચની મંજુરી માટે ઉપરોકત બાબતોનો ઉલ્લેખ નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.ઉપરોકત ખર્ચ/ફી પેટે ચૂકવાયેલ રકમના વ્યાજબીપણાની ચકાસણી માટે તમામ સાધનિક રેકર્ડ રજુ થવુ ઘટે.

(૫) સામેલ પરિશિષ્ટ ના ક્રમ-૧૫ માં દર્શાવેલ કેસની વિગત અનુસાર સંસ્થા હસ્તકના કન્વેન્શન સેન્ટર બાંધકામના ઇજારદારશ્રી મેસર્સ વર્ધમાન પ્રીસીયન પ્રોફાઇલ્સ એન્ડ ટ્યુબ્સ પ્રા.લિ.કાનપુર વિરૂધ્ધ કરેલ કેસ સંદર્ભમાં શ્રી આર.એ.પટેલ (એડવોકેટશ્રી)ને ફી પેટે ચૂકવેલ હતા.સદરહુ કેસમાં ઇજારદારશ્રીએ સંસ્થા વિરૂધ્ધ કાનપુર ખાતેની કોર્ટમાં કેસ કરેલ

હતો.સંસ્થા દ્વારા કઇ ક્ષતિના સંદર્ભમાં ઇઅજારદારશ્રીએ ઉકત કેસ દાખલ કરવામાં આવેલ હતો? સદરહુ કેસમાં બાંધકામ કે ચુકવણા સંદર્ભમાં કોઇ ગેરરીતિ થવા પામેલ હતી કે કેમ ? સદરહુ બાબતોની ચકાસણી માટે કેસનું સઘળુ રેકર્ડ અન્વેષણમાં રજુ થવુ ઘટે.

(૬) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ કાનુની ખર્ચની ધોરણસરની ચકાસણી કરવા માટે સંસ્થાએ તમામ શાખાઓ/ભવનોના કાનુની કેસોની વિગત દર્શાવતુ સંકલિત દાવા રજિસ્ટર નિભાવી અન્વેષણમાં રજુ કરવાનુ રહે છે,જે રજુ થયેલ ન હોઇ ઉપરોકત કેસોના આરંભથી છેવટની પરિસ્થિતિ તેમજ નિકાલ સંબંધી વિગતોની ખરાઇ થઇ શકતી નથી,જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૭) એડવોકેટશ્રી નિમણૂક માટે સંસ્થાએ કરેલ ઠરાવો નિમણૂક અંગેના નિયમો,ફી ના દર તેમજ ધારાધોરણ સંબંધી હુકમો/નિયમો,વગેરે રજુ થયેલ ન હોઇ ઉપરોકત ખર્ચના વ્યાજબીપણાની સાર્થક ચકાસણી કરી શકાયેલ નથી.

(૮) તપાસણી વર્ષ દરમ્યાન ઉપરોકત નામદાર કોર્ટો દ્વારા જાહેર કરવામાં આવેલ ચુકાદાઓની તથા તે પૈકી યુનિવર્સિટીની તરફેણમાં/વિરૂધ્ધમાં આવેલ ચૂકાદાઓની સંપૂર્ણ વિગતો આધાર સહ રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૯) અન્વેષણ વર્ષના અંતે બાકી રહેલ કેસોની સંપૂર્ણ યાદી તથા કેસોની છેવટની પરિસ્થિતિની વિગતો રજુ થવી ઘટે.

(૧૦) લીગલ ચાર્જીસ માટે સંસ્થાએ નિયત કરેલ નીતિનિયમો સંબંધી યોગ્ય આધાર રજુ થવા ઘટે.

ઉપરોકત મુદ્દાઓ બાબતે જવાબદારથી જરૂરી રેકર્ડ સહ ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂ! ૧૫,૯૮,૧૬૩/-આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૫ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂ! ૧૫,૯૮,૧૬૩/-

## કાનુની ખર્ચ પેટે કરેલ ચૂકવણાંની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૧

| અ.નં. | વાઉચર નંબર | વાઉચરની તારીખ | વાઉચરની રકમ | કોર્ટ કેસની ટુંકી વિગત | એડવોકેટશ્રીએજન્સીનુ નામ/ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ |
| ૧ | 00૮૨૪ | ૭/૫/૧૨ | ૨૬303/- | સુપ્રિમ કોર્ટ કન્ટેમ્પ્ટ પીટીશનનં. ૪૪/૨૦૧૨પરીક્ષા વિભાગની ગંભીર ભૂલ | જાયેન ટ્રાવેલ્સ અમદાવાદ |
| ૨ | 00૯૧૨ | ૯/૫/૧૨ | ૭૫000/- | નામગુજરાત. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૭૧૯/૨૦૧૧ | શ્રી નીતિન.એમ.અમીન્ |
| 3 | 0૧૧૫૨ | ૧૬/૫/૧૨ | ૮૮૨૪0/- | નામગુજરાત. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૬0૮૭/૨૦૧૨ | શ્રી એસ.એન.શેલત્ |
| ૪ | 0૨૮૧૬ | ૧૧/૭/૧૨ | ૭૫00/- | સીવીલ કોર્ટ મુ.નં.૪૯0૧/૨000 વોટર કુલર કોન્ટ્રાકટ વિવાદ | શ્રી આર.એ.પટેલ્ |
| ૫ | 030૨૪ | ૨૫/૭/૧૨ | ૭૧000/- | શ્રી સચિન ગજેન્દ્ર ગડકર લીગલ આસી. નં ૫/૧૧ થી ૯/૧૧ માસના પગાર પેટે | શ્રી સચિન ગજેન્દ્ર ગડકર |
| ૬ | 030૨૫ | ૨૫/૭/૧૨ | ૭૭૧૨0/- | નામગુજરાત. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧3૪૧૧/૨૦૧૦(પ્રદિપ પ્રજાપતી) | શ્રી એસ.એન.શેલત્ |
| ૭ | 0૪૫૭૪ | ૨૪/૯/૧૨ | ૧૫000/- | વર્ધમાન પ્રિસીયન પ્રોફોકાનપુરના .લી.એન્ડ ટયુબ્સ પ્રા. કેસ માટે સ્ટેમ્પ ખરીદી | શ્રી આર.એ.પટેલ્ |
| ૮ | 0૪૭0૭ | 30/૯/૧૨ | ૧૪૮૫0/- | ઉપરોકત કેસની કોર્ટ મુદતે હાજરી આપવા કરેલ પ્રવાસ ખર્ચ પેટે | શ્રી શૈલેશ.ડી ગોસ્વામી |
| ૯ | 0૫૬૯૯ | ૧/૧૧/૧૨ | ૯૭૫00/- | શ્રી પ્રદીપ પ્રજાપતિને ફરજમોકુફી હેઠળ મૂકતાં | શ્રી એસ.એન.શેલત્ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | ગુજ.હાઇકોર્ટમાં ચેલેન્જ અરજી કેસ બાબતે. | |
| ૧૦ | ૦૭૧૬૭ | ૧/૧/૧૩ | ૨૫૫૦૦૦/- | કન્ટેમ્પ્ટ પીટીશન (સી) નં.૪૪/૨૦૧૨ સંદર્ભમાં એડવોકેટશ્રીને ચુકવણુ. | શ્રી નિખિલ ગોયલ |
| ૧૧ | ૦૮૧૨૨ | ૫/૨/૧૩ | ૩૮૫૦૦/- | નામગુજરાત. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૫૭૨૭/૨૦૦૭ પીટીશન વીથ ડ્રો કરતાં | શ્રી વી.ડી.નાણાવટી |
| ૧૨ | ૦૮૬૨૯ | ૨૨/૨/૧૩ | ૧૭૫૦૦/- | સ્ટેનોગ્રાફર શ્રી આઇ.એન.વાડીનગરને છઠ્ઠા પગારપંચના લાભ બાબતે કરેલ સર્વિસ ટ્રીબ્યુનલ અરજી સંદર્ભમાં | શ્રી કૃષ્ણા ભટ્ટ |
| ૧૩ | ૦૪૨૫૪ | ૭/૯/૧૨ | ૪૫૫૦૦/- | સ્પે.સી..એ.નં.૯૮૭૧/૨૦૧૨ ના.ગુજ.હાઇકોર્ટ શૈક્ષણિક સ્ટાફની નિમણૂકમાં લાયકાત બાબતે. | શ્રી એસ.એન.શેલત્ |
| ૧૪ | ૦૪૨૯૯ | ૧૧/૯/૧૨ | ૧૪૩૦૦૦/- | નામગુજરાત. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૩૬૭૧/૨૦૧૨ (ડૉ.વિજલ મોદી) | શ્રી કમલ ત્રિવેદી |
| ૧૫ | ૦૪૩૮૨ | ૧૪/૯/૧૨ | ૮૦૦૦૦/- | ગુજ.યુનિ.કન્વેન્સન સેન્ટરના બાંધકામના ઇજારદાર સામે કાનુની લડત માટે વકિલ; ફી પેટે | શ્રી આર.એ.પટેલ્ |
| ૧૬ | ૦૪૫૧૫ | ૨૧/૯/૧૨ | ૫૦૦૦૦૦/- | ગુજયુનિ.ની. એકઝીકયુટી કાઉન્સીલના ઠરાવનં.૮ અન્વયે કાનુનવિદો માટેની ફી/ખર્ચની મંજુરી પેટે(૨૦૧૨) | શ્રી પ્રકાશ.એન.ઠકકર્ |
| ૧૭ | ૦૯૨૭૧ | ૧૩/૩/૧૩ | ૪૧૫૦૦/- | નામગુજરાત. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૩૪૮૬/૨૦૧૧ (ગુણ સુધારણા કેસ) | શ્રી એસ.એન.શેલત્ |
| ૧૮ | ૦૭૨૯૭ | ૫/૧/૧૩ | ૪૬૫૦/- | કાયદાકીય કામે પરચુરણ ખર્ચ પેટે | -//- |
| | | કુલ ખર્ચ રૂ| | ૧૫૯૮૧૬૩/- | | |

ફકરા નં-24

==================================================================

***"ઇન્ ઓપરેટીવ ખાતા" બંધ નહિ કરવા બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેજરબુકની ચકાસણી દરમ્યાન નીચે દર્શાવેલ બેંક ખાતાઓ ઘણા વર્ષોથી ઇન્ ઓપરેટીવ હોવાનુ ધ્યાને આવેલ હતુ.

| અ.નં | લેજર કોડ નંબર | બેંકનુ નામ | કઇ તારીખથી ખાતુ અન ઓપરેટીવ છે.? | જમા સિલક રૂ! |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૧ | ૯૪૦૫૦૦૫ | બેંક ઓફ બરોડા | તા.૧/૪/૧૯૮૬ | ૪૮૩.૦૩ |
| ૦૨ | ૯૪૦૫૦૦૩ | એસ.બી.આઇ | તા.૧/૪/૨૦૦૬ | ૪૬૯૯.૩૪ |
| ૦૩ | ૯૪૦૫૦૦૬ | પોસ્ટ ઓફીસ | તા.૧/૪/૨૦૦૬ | ૪૦૩૭.૯૬ |
| ૦૪ | ૯૪૦૬૦૧૮ | એસ.બી.આઇ.નરોડા | તા.૧/૪/૨૦૦૫ | ૨૨૩૧૪૪.૦૦ |
| ૦૫ | ૯૪૦૬૦૧૯ | એ.ડી.સી.બેંક,નરોડા | તા.૧/૪/૨૦૦૫ | ૩૭૦૮૧૨.૦૦ |
| ૦૬ | ૯૪૦૬૦૨૨ | એસ.બી.એસ. | તા.૧/૪/૨૦૦૯ | ૩૮૩૧૨૪૪.૦૦ |
| ૦૭ | ૯૪૦૬૦૨૪ | યુ.બી.આઇ. | તા.૧/૪/૨૦૧૧ | ૨૦૦૦૦૦૦૦.૦૦ |
| ૦૮ | ૯૪૦૬૦૨૫ | વિજયા બેંક | તા.૫/૧/૨૦૧૩ | ૪૯૪૭૭૮૦.૦૦ |
| ૦૯ | ૯૪૦૬૦૨૫ | વિજયા બેંક | તા.૧/૦૩/૨૦૧૩ | ૨૮૪૫૩૮૦૦.૦૦ |
| ૧૦ | ૯૪૦૫૦૧૬ | બેંક ઓફ ઇન્ડિયા | તા.૧/૪/૨૦૧૪ | ૧૦૦૦૦.૦૦ |
| ૧૧ | ૯૪૦૫૦૧૪ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા | તા.૧/૪/૨૦૦૫ | ૮૫૧૧૨૩૫.૦૦ |
| | | | કુલ રૂ! | ૬,૬૩,૫૭,૨૩૫.૩૩ |

ઓડીટનોંધ :-

(૦૧) ઉપરોકત વિગતે સંસ્થાએ પોતાના નાણાની લેવદદેવડ માટે વિવિધ બેંકોમાં ખાતા ખોલાવેલ છે.પરંતુ ક્રમ -૧ થી ૬ તથા ક્રમ-૧૦,૧૧ માં દર્શાવેલ લેજરકોડવાળી બેંકો માં

સંસ્થાએ લાંબા સમયથી કોઇપણ પ્રકારના નાણાંકિય વ્યવહારો કરેલ નથી.પરિણામે સદરહુ ખાતાં તેટલા સમયથી ઇનઓપરેટીવ રહેવા પામેલ છે. સદરહુ ખાતાઓમાં વર્ષ દરમ્યાન મળેલ વ્યાજ અંગેની કોઇ નોંધો પણ થયેલ ન હતી.આમ, સદરહુ પાંચ બેંક ખાતાની કુલ સિલક રૂ!૮૫,૩૦,૪૫૫.૩૩ ઉપર સબંધિત બેંકો દ્વારા પ્રતિવર્ષ કેટલા પ્રમાણમાં વ્યાજ જમા કરાવેલ છે ? તથા સદરહુ બેંકખાતા કેવા કારણોસર ઇનઓપરેટીવ રહેવા પામેલ છે ? સદરહુ બાબતની છેવટની પરિસ્થિતિના હિસાબમેળ સહિત જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં,સદરહુ બેંકખાતાઓમાં કોઇ નાણાંકીય વ્યવહારો કરવાની આવશ્યકતા ન જણાતી હોય તો તેવા બેંકખાતા બંધ કરી તેમાં જમા સિલકોની યોગ્ય વ્યવસ્થા થવી ઘટે. અગાઉના અન્વેષણ અહેવાલોમાં સદરહુ બાબતે અનુરોધ કરવા છતાં યોગ્ય અમલવારી નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ઉપરોકત વિગતના ક્રમ-૫ માં દર્શાવેલ લેજરકોડ હેઠળની બેંક રાષ્ટ્રિયકૃત બેંક નથી.સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સરકાર દ્વારા કે તેના નિયંત્રણ હેઠળના એકમો/બોર્ડ-નિગમો/યુનિવર્સિટીઓ એ કોઇપણ પ્રકારનુ રોકાણ કરવાનુ થાય તો તેવા પ્રસંગોએ સરકારી બેંકોમાં જ રોકાણ કરવાનુ રહે છે.નાણાંની સલામતીના ભાગરૂપે સરકારશ્રીએ ઉપર મુજબ અમલ કરવા જરૂરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે જ.આમછતાં ,ઉપરોકત કિસ્સામાં સંસ્થાએ કુલ રૂ! ૩,૭૦,૮૧૨.૦૦ ની એફ.ડી.ઉકત બિનસરકારી બેંકમાં કરેલ હોવાનુ જણાઇ આવેલ હતુ.આમ.સરકારશ્રીના નિયમો વિરૂધ્ધ ખાનગી બેંકોમાં એફ.ડી.કરવા અંગે જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે,તથા નિયમોચિત કાર્યવાહીથી સદરહુ નાણાં/એફ.ડી સરકારી બેંકમાં જમા કરાવી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-25</u>

==========================================================

*સંસ્થા તથા સંસ્થા હસ્તકનાં ભવનો/વિભાગો દ્વારા થયેલ પ્લેસમેન્ટ સંબંધી અનિયમિતતા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદમાં અભ્યાસ કરતા વિધાર્થીઓના વિગતવાર ડેટા તૈયાર કરી પ્લેસમેન્ટ સેલદ્વારા યોગ્ય લાયકાત ધરાવતા વિધાર્થીઓને વિવિધ ખાનગી કંપનીઓમાં નિમણૂક આપવાનો ઠરાવ ગત વર્ષની એકઝીકયુટીવ કાઉન્સીલની બેઠકમાં થયેલ હતો.સદરહુ પ્લેસમેન્ટ સેલ દ્વારા ગત નાણાંકીય વર્ષ તેમજ ૨૦૧૨/૧૩ ના અન્વેષણ વર્ષ દરમ્યાન કરેલ કામગીરી તથા તે થકી મળેલ પરિણામ અંગેની નીચે દર્શાવેલ વિગતો તેના સાધનિક રેકર્ડ સહ અન્વેષણમાં રજુ થવી ઘટે.

(૦૧) સંસ્થા દ્વારા પ્લેસમેન્ટ સેલની રચના અંગેના સક્ષમ અધિકારીશ્રીના હુકમો/પ્લેસમેન્ટ સેલની દરખાસ્ત વગેરે.

(૦૨) વિવિધ ભવનો/વિભાગોના લાયકાત ધરાવતા વિધાર્થીઓના ડેટા-બેઇઝની વિભાગવાર માહિતી.

(૦૩) પ્લેસમેન્ટ સેલદ્વારા કઇ કઇ કંપનીઓમાં કેટલા વિધાર્થીઓને નિયત પસંદગીથી,કયારથી કઇ જગ્યા પર નિમણૂંક આપવામાં આવી ? તેની પ્રત્યેક વિભાગવાર માહિતી(વર્ષવાર)

(૦૪) વિધાર્થીઓને નિમણૂક આપવામાં આવેલ હોય તો તેના હુકમોની ફાઇલ.

(૦૫) સદરહુ સેલની નિમણૂક તથા પસંદગી પ્રક્રિયા સંદર્ભમાં ફાળવવામાં આવેલ રકમ/ગ્રાન્ટ/એડવાન્સની તારીખવાર વિગતો.

(૦૬) ઉપરોકત (૦૫) ના સંદર્ભમાં પ્લેસમેન્ટ સેલ દ્વારા કરવામાં આવેલ ખર્ચની તારીખવાર માહિતી,તથા તેના ખર્ચના વાઉચરો/રેકર્ડ.

(૦૭) પ્લેસમેન્ટ સેલદ્વારા કરવામાં આવનાર તથા થયેલ ખર્ચ અંગે સંસ્થાએ વહીવટી/તાંત્રીક મંજુરી આપેલ હોય તો તેના આદેશો.

(૦૮) પ્લેસમેન્ટ સેલ ને મળેલ ગ્રાન્ટ/રકમ/એડવાન્સના ખર્ચ બાદ બચત રહેલ રકમના હિસાબોનું સંપૂર્ણ રેકર્ડ.

પ્લેસમેન્ટ સેલની રચનાના ઉદ્દેશ્યના વ્યાજબીપણાની ચકાસણી કરવા સારૂ ઉપરોકત વિગતો/રેકર્ડની આવશ્યકતા હોઇ તાત્કાલિક અન્વેષણમાં રજુ થવુ ઘટે.

પા.વા.નં.પ૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નંબર-26

==========================================================

*ગુજરાત યુનિવર્સિટી  સેન્ટ્રલ કન્ઝયુમર્સ સ્ટોર્સની મ્યુનિસિપલ ટેક્ષ ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતા બાબત

==========================================================

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | ચૂકવણાની ટૂકી વિગત | કોને ચૂકવ્યા |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૦૧ | ૪૪૨૬ | ૧૭/૯/૧૨ | ૪૪૧૩૪/- | ગુજરાત યુનિવર્સિટી  સેન્ટ્રલ કન્ઝયુમર્સ સ્ટોર્સ ટેક્ષ પેટે ચુકવણી | મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ |

(૦૧) ગુજરાત યુનિવર્સિટી  સેન્ટ્રલ કન્ઝયુમર્સ સ્ટોર્સનુ ૨૦૧૨/૧૩ ના વર્ષનુ ટેક્ષ બિલ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ દ્વારા મોકલી આપવામાં આવેલ હતુ.ગુજરાત યુનિવર્સિટી  દ્વારા કુલ રૂ! ૪૪,૧૩૪/- નુ ચુકવણુ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવામાં આવેલ હતુ.ઉપરોકત ટેક્ષના બિલની વિગતો નજરે જોતાં સદરહુ સ્ટોર્સના ટેક્ષની રકમ ૨૦૦૮/૦૯ ના વર્ષથી ચૂકવવાની બાકીમાં હોવાનુ જણાઇ આવેલ છે.તેથી ૨૦૦૮/૦૯ થી ૨૦૧૨/૧૩ ના વર્ષ સુધીની એકત્રિત રકમમાં વ્યાજની રકમ રૂ! ૯૮૪૦/- નો પણ સમાવેશ થયેલ છે.સદરહુ કન્ઝયુમર્સ સ્ટોર્સનામ્યુનિસિપલ ટેક્ષની રકમ દર વર્ષે ચૂકવવામાં આવી હોત તો વિલંબિત વ્યાજ રૂ! ૯૮૪૦/- ની ચૂકવણી કરવી પડી નહોત સંસ્થાની નિષ્કાળજીના કારણે સંસ્થાએ સદરહુ વિલંબિત વ્યાજની ચૂકવણી કરવી પડી હોવાનુ ટેક્ષ બિલની વિગતો પરથી સ્પષ્ટ થાય છે.જે અંગે  સ્પષ્ટતા થવી ઘટે.અન્યથા ઉકત વિગતે વિલંબિત વ્યાજની રકમ રૂ!૯૮૪૦/-જવાબદારથી વસુલ લઇ સંસ્થાના ભંડોળે જમા લઇ આધારસહ ખાતરી કરાવવી ઘટે.

(૦૨) સદરહુ કન્ઝયુમર્સ સ્ટોર્સની માન્યતા તથા તેના નિર્માણ/રીનોવેશન તેમજ તેના સંચાલન બાબતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ વર્ષવાર ખર્ચની વિગતો તેના રેકર્ડ સહ અન્વેષણ રજુ થવી ઘટે.

પા.વા.નં.૨૭ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાત રૂ! ૯૮૪૦/-

વાંધા હેઠળ રૂ! ૩૪,૨૯૪/-

ફકરા નંબર-27

==========================================================

*સંસ્થાની મિલકતોની પ્રોપર્ટી ટેક્ષની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાની કુલ મિલકતો પૈકી ૨૬૨ મિલકતોના પ્રોપર્ટી ટેક્ષ પેટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને નીચે દર્શાવેલ વિગતે રૂ! ૫૩,૪૪,૬૩૦/- નુ ચુકવણુ એડવાન્સ ટેક્ષ પેટે કરેલ હોવાનુ ધ્યાને આવેલ છે.

| વા.નં. | તારીખ | રકમ | એકાઉન્ટ કોડ | મિલકતની વિગત | કોને ચૂકવ્યા? |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૧૮૧ | ૭/૪/૧૨ | ૧૪૪૫૨૧૬/- | 7714000 | EFDF CONV.CENTRE | મ્યુનિસિપલ કોર્પોઅમદાવાદ. |
| ૧૮૧ | ૭/૪/૧૨ | ૩૮૯૯૪૧૪/- | 4502000 | સંસ્થાનીર૬૧ મિલકતો | મ્યુનિસિપલ કોર્પોઅમદાવાદ. |
| | કુલ | ૫૩,૪૪,૬૩૦/- | | | |

ઉપરોકત ચુકવણા સંદર્ભમાં રજુ થયેલ વાઉચરોની ચકાસણી કરતાં અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) મિલકતવેરાના મ્યુનિસિપલ કોર્પોરેશનના બિલમાં સંસ્થાની કુલ-૨૬૨ મિલકતોનો ઉલ્લેખ થયેલ છે પરંતુ બિલમાં દર્શાવેલ પ્રોપર્ટી નંબરના આધારની ખરાઇ માટે સંસ્થાએ મિલકત રજિસ્ટર કે તેના કોઇ સાધનિક દસ્તાવેજ રજુ/સામેલ કરેલ ન હોઇ ઉપરોકત મિલકતોના વ્યાજબીપણાની ખરાઇ થઇ શકેલ નથી.

(૦૨) ઉપરોકત-૨૬૨ મિલકતોના બાંધકામ માટે મળેલ મંજુરી તથા તેના રજિસ્ટ્રેશન બાબતે કરેલ કાર્યવાહીના આધાર સામેલ થયેલ નથી.

(૦૩) ઉપરોકત મિલકતોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મળેલ બી.યુ.પરમિશન તથા મુદત વધારા સહિતના કોઇ આધાર રજુ થવા પામેલ નથી.

(૦૪) આ સાથે સામેલ મિલકતોની વિગત દર્શાવતા પરિશિષ્ટ-૧ ના છેલ્લા પાન ઉપર દર્શાવેલ મિલકતોનો અગાઉનો મિલકતવેરો ચુકવવાનો બાકીમાં હોવાનુ જણાઇ આવે છે,તો સદરહુ મિલકતોનો પ્રોપર્ટી ટેક્ષ કયા વર્ષથી ભરવાનો બાકીમાં છે તથા તેના ઉપર

કેટલુ વ્યાજ ચૂકવવામાં આવેલ છે ? તેની અગાઉના ટેક્ષ બિલોના મેળવાણાના આધાર સહ સ્પષ્ટતા તેમજ ખાતરી કરાવવી ઘટે.

(૦૫) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકતો પૈકી કેટલી મિલકતો કયારથી બંધ હાલતમાં છે,તેની યોગ્ય આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી ઉપરોકત વિગતે ચૂકવેલ રૂ!૫૩૪૪૬૩૦/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી

વાંધા હેઠળ રૂ! ૫૩,૪૪,૬૩૦/-

ફકરા નંબર-28

==========================================================

*શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી તથા વિધાર્થીઓના પ્લેસમેન્ટમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ-૨૦૧૨/૧૩ ના હિસાબોની અન્વેષણની કામગીરી દરમ્યાન સંસ્થામાં કરવામાં આવેલ વિવિધ સંવર્ગની નિમણૂકો તથા વિધાર્થીઓના, પ્લેસમેન્ટ સંબંધી રેકર્ડ/માહિતી પ્રા.વા.ક્રમાંક-૩૨ થી નીચેની વિગતે રજુ કરવા સંસ્થાને જણાવવામાં આવેલ હતુ.

(૦૧) યુનિવર્સિટી ખાતે સને ૨૦૧૨/૧૩ ના વર્ષમાં મહેકમ અંગે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જે તે કેડરમાં મંજુર થયેલ અને ભરાયેલ જગ્યાઓની વિગત.

(૦૨) યુનિવર્સિટી ખાતે સને ૨૦૧૨/૧૩ ના વર્ષમાં સબંધિત વિભાગોમાં હંગામી નિમણૂંકોનો ખર્ચ વાર્ષિક હિસાબમાં દર્શાવવામાં આવેલ છે.આ અંગે નીચેની વિગતો રજુ થવી ઘટે.

(A) હંગામી નિમણૂકો અંગે યુનિવર્સિટી દ્વારા જે પોલીસી નિયત કરેલ છે.સરકારશ્રીની મંજુરી મેળવેલ હોય તો તેની નકલ રજુ થવી ઘટે.

(B) નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ નિમણૂકોની વિગત સંપૂર્ણ રેકર્ડ સાથે.આ અંગે નિમણૂક પહેલા કરેલ નિમણૂક પ્રોસીજરની વિગત રજુ થવી ઘટે.

(C)આ અંગે કરેલ નિમણૂકો પૈકી કયા કર્મચારી કઇ તારીખથી કઇ તારીખ સુધી યુનિવર્સિટીમાં સેવામાં રહેલ છે ? તેની વિગતો રજુ થવી ઘટે.

(03) નાણાંકીય વર્ષ દરમ્યાન નિયમિત જગ્યાઓ ઉપર કરેલ નિમણૂકોની વિગત તથા નિમણૂક અંગે અપનાવેલ પ્રોસીજરની સંપૂર્ણ વિગત રજુ થવી ઘટે.

(3)(અ)યુનિવર્સિટીના જુદા જુદા ભવનોમાં ચાલતા વિવિધ અનુસ્નાતક કોર્ષ અંગે સામેલ પરિ-૨ માં દર્શાવ્યા મુજબ મંજુર થયેલ સીટો,ભરાયેલ સીટ,અટકેલ ટકાવારી,વિધાર્થીઓના પાસ/નાપાસની વિગતો તથા તેઓને મળેલ નોકરીની વિગતો તાત્કાલિક રજુ થવી ઘટે અને તેથી યુનિવર્સિટી દ્વારા ચલાવતા અનુસ્નાતક કોર્ષ તથા અન્ય કોર્ષ વિધાર્થીઓ માટે કેટલા ઉપયોગી છે.યુનિવર્સિટી એકટ મુજબના ઉદ્દેશમાં કેટલા અંશે સફળ રહેલ છે તે જાણી શકાય.

(3)(બ)ઉપર (03)(અ) માં દર્શાવ્યા મુજબની વિગતો યુનિ.દ્વારા માન્ય કરેલ અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની માહિતી પણ રજુ થવી ઘટે.

માગેલ માહિતી તેમજ રેકર્ડ ના અનુસંધાનમાં રજુ થયેલ વિગતો પરત્વે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

ઓડીટનોંધ :-

(૧) સંસ્થામાં ફરજ બજાવતા શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની મંજુર થયેલ કુલ જગ્યાઓ ,તપાસણી વર્ષમાં ભરાયેલ જગ્યાઓ, તેમજ શાખાવાર /ભવનવાર, મંજુર થયેલ /ભરાયેલ જગ્યાઓની વિગતો તથા તે અંગેનુ રજીસ્ટર/રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ સદરહુ મહેકમ થકી થયેલ પગાર ભથ્થા અને અન્ય આનુસાંગીક ચુકવણીના ખર્ચના વ્યાજબીપણાની યથાર્થતા ચકાસી શકાયેલ નથી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક ગજય-૧૨૦૮-૪૧૬૪-ખ તા.૧૫/૦૧/૧૦ માં જણાવ્યા મુજબ બિન શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણે મંજુર કરવા તેમજ ચોથા પગાર પંચ તથા પાંચમા પગાર પંચમાં રહી જવા પામેલ સંવર્ગના ચોથા તથા પાંચમાં પગાર પંચના પગારધોરણે મુદ્દા નં.૪ થી નીચે મુજબ ઠરાવેલ છે.

રાજ્ય સરકારશ્રીની મંજુરી વગર ભરવામાં આવેલ: જુનિ.કલાર્ક,ટાઇપીસ્ટ,સ્ટેનો,હેડ કલાર્ક,લેબ આસી,ટેલીફોન ઓપરેટર વિગેરે મળી વર્ગ-૩ની ૫૮ જગ્યાઓ તેમજ વર્ગ-૪ ની ૧૦૯ જગ્યાઓ મળી કુલ ૧૬૭ જગ્યાઓ ઉપર ફરજ બજાવતાં કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના પગાર ધોરણો તેમજ પેન્શનના લાભો મળવાપાત્ર થશે નહીં.

આમ ઉપર દર્શાવ્યા મુજબ ૧૬૭ કર્મચારીઓની નિમણૂક સરકારશ્રીની મંજુરી વગર કરી ચાલુ રાખવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

(3) શૈક્ષણિક કર્મચારીઓ/અધિકારીઓની તેમજ વિધાર્થીઓની માહિતી ઓડીટે ઉપલબ્ધ કરાવેલ નથી તેથી વિધાર્થીની સંખ્યા મુજબ મહેકમની ચકાસણી શકય બનેલ નથી જે ચકાસણી કરાવવી ઘટે.રજુ થયેલ માહિતી મુજબ મેથેમેટીક્સ વિભાગના ગણિત/વિજ્ઞાનભવનના કુલ -૧૮ વિધાર્થીઓમાંથી ૭૫ % તથા એમફીલ વિભાગના માત્ર- 3 વિધાર્થીઓને જ ૧૦૦% જોબ/પ્લેસમેન્ટ પ્રાપ્ત થયાનુ જણાઇ આવે છે.અન્ય વિભાગો/ભવનો તરફથી પ્લેસમેન્ટ સબંધી માહિતી રજુ કરવામાં આવેલ નં હોઇ ભરાયેલ શૈક્ષણિક કર્મચારીઓના પ્રમાણમાં થયેલ પ્લેસમેન્ટ ના વ્યાજબીપણાની ખાત્રી થઇ શકતી નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૩૨ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-29</u>

==========================================================

***જાહેરાત પાછળ કરવામાં આવેલ ખર્ચની અનિયમિતતાઓ બાબત**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થા દ્વારા આપવામાં આવતી વિવિધ જાહેરાતોના પ્રકાશન પેટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબ રૂ! ૧૬,૫૭,૬૧૧/- જેટલો માતબર ખર્ચ થયાનું અન્વેષણના ધ્યાને આવેલ હતુ.સદરહુ ખર્ચ સંદર્ભમાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ :-</u>

(૧) જાહેરાતના પ્રકાશન માટે કે.શાહ એન્ડ કંપની જેવી ખાનગી એજન્સીઓને ઉપરોકત ચુકવણું કરવામાં આવેલ હોવાનું વાઉચરોની વિગત પરથી સ્પષ્ટ થયેલ છે.સદરહુ એજન્સીને તા.૧/૯/૧૦ થી સદરહુ પ્રકાશન સંબંધી કામગીરી સુપરત કરવામાં આવેલ છે.આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચના સમર્થનમાં ઉપરોકત ખાનગી એજન્સીઓનાં બિલો રજુ કરવામાં આવેલ છે.પરંતુ એજન્સીને સદરહુ કામગીરી સુપરત કરવા અંગે સંસ્થા દ્વારા કરવામાં આવેલ મૂળ કરાર/ટેન્ડર ફાઇલ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ એજન્સીને સુપરત કરેલ કામગીરીના વ્યાજબીપણાની અને તે થકી થયેલ ખર્ચની યથાર્તતાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સંલગ્ન શાખાઓ/ભવનો દ્વારા વિવિધ જરૂરીયાતોને ધ્યાને લઇ વિવિધ પ્રકારની જાહેરાતો ઉકત એજન્સી દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. પરંતુ આ અંગેનુ નિયત સંકલિત રજીસ્ટર નિભાવી અન્વેષણમાં રજુ કરેલ ન હોઇ શાખા/ભવનોની જાહેરાત સંબંધી આવશ્યકતા તેમજ તેના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકતી નથી.

સબબ ઉપરોકત વિગતો/રેકર્ડ અન્વેષણમાં રજુ કરાવતાં સુધી સદરહુ રકમ રૂ! ૧૬,૫૭,૬૧૧/-વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૩૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ રૂ! ૧૬,૫૭,૬૧૧/-

## જાહેરાતના ખર્ચની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૧

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ રૂ! | એજન્સીનુ નામ |
|---|---|---|---|---|
| 0૧ | 0૨ | 03 | 0૪ | 0૫ |
| 0૧ | 3૨૬ | ૧૭/૪/૧૨ | ૧,03,3૫૨/- | કેએન્ડ કંપની.આર. |
| 0૨ | 333 | ૧૭/૪/૧૨ | 3,૬3,૭૫૭/- | કેએન્ડ કંપની.આર. |
| 03 | ૧૧૫0 | ૧૬/૫/૧૨ | ૯0,૪૫૮/- | કેએન્ડ કંપની.આર. |
| 0૪ | ૧૪૧૭ | ૨૮/૫/૧૨ | ૧,૮0,૯૧૬/- | કેએન્ડ કંપની.આર. |
| 0૫ | ૧૮0૫ | ૭/૬/૧૨ | ૮૧,૨૮૨/- | કેએન્ડ કંપની.આર. |
| 0૬ | 3૫૪૯ | ૮/૮/૧૨ | ૪,૧3,૬૬0/- | કેએન્ડ કંપની.આર. |
| 0૭ | 3૬0૫ | ૯/૮/૧૨ | ૬3,૫૫૭/- | કેએન્ડ કંપની.આર. |
| 0૮ | 3૬0૮ | ૯/૮/૧૨ | ૫૧,૧3૯/- | કેએન્ડ કંપની.આર. |
| 0૯ | ૪૬૧0 | ૨૫/૯/૧૨ | ૫૮,300/- | કેએન્ડ કંપની.આર. |
| ૧0 | ૬0૯૫ | ૧૯/૧૧/૧૨ | ૮૮,૫૫૫/- | કેએન્ડ કંપની.આર. |
| ૧૧ | ૭૯૮૭ | ૧/૨/૧3 | ૧,૧૭,૨૪૧/- | કેએન્ડ કંપની.આર. |
| ૧૨ | ૮3૫૫ | ૮/૨/૧3 | ૪૫,3૯૪/- | કેએન્ડ કંપની.આર. |
| | | કુલ રૂ! | ૧૬,૫૭,૬૧૧/- | |

ફકરા નંબર-30

==========================================================

***સ્ટેશનરી ખરીદી તેમજ સ્ટેશનરી છપામણી ખર્ચની અનિયમિતતાઓ બાબત**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી હાલ પ્રગતીમાં છે.સંસ્થા તથા સંલગ્ન ભવનોની આવશ્યકતાનુસાર સ્ટેશનરી ખરીદી તેમજ છપામણીના હેતુસર સંસ્થા દ્વારા રૂ.૧,૫૯,૮૪,૮૦૪/- જેટલો માતબર પ્રમાણમાં ખર્ચ કરેલ હોવાનું ધ્યાને આવેલ હતું. સદરહુ ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી માટે અન્વેષણને તે સંલગ્ન રેકર્ડની આવશ્યકતા રહે છે. ઉપરોકત બંને હેતુઓ માટે સંસ્થાએ કરેલ ખર્ચ બાબતનું નીચે દર્શાવેલ રેકર્ડ તાત્કાલિક અન્વેષણમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતું.

(૦૧) વર્ષ દરમ્યાન સંસ્થાને આવશ્યક હોય તેવી સ્ટેશનરીની માગણી બાબતનું સંબંધિત શાખા/ભવનોમાંથી મળેલ માગણા પત્રકો/ઇન્ડેન

(૦૨) તપાસણી વર્ષ દરમ્યાન ખરીદ કરવા માટે મેળવેલ ભાવપત્રકો અને તે માટે આપેલ જાહેરાતની વિગતો.

(03) સબંધિત ખરીદ એજન્સી/વેપારીપેઢીઓ સાથે થયેલ રેટકોન્ટ્રાકટ/કરારની મૂળ ફાઇલો/વર્ક ઓર્ડરો/હુકમો વગેરે.

(૦૪) માલ મળે ત્યારે સ્ટેશનરી/સામાનનું આવક રજીસ્ટર.

(૦૫) સ્ટેશનરીના સ્ટોક તથા વિતરણની કિંમત દર્શાવતું સ્ટોક રજિસ્ટર.

(૦૬) સબંધિત શાખા/ભવનોને મળેલ સ્ટોકની મૂળ પહોંચો /રજિસ્ટર

(૦૭) વપરાયેલ ઉત્તરવહીઓના નિકાલની ફાઇલો તથા તે થકી થયેલ આવકોની વિગતો/ચલનો/રીસીપ્ટ

(૦૮) ઉત્તરવહીઓના નિકાલ માટે થયેલ કરાર તથા તેની મૂળ ફાઇલો

ગત વર્ષોના અન્વેષણ અહેવાલ/પ્રા.વાંધાઓની ફાઇલોની વિગત મુજબ ઉપરોકત રેકર્ડ રજુ કરવા અંગે શાખા/કચેરીને વારંવાર માગણી કરવા છતાં અપેક્ષિત રેકર્ડ રજુ નહી કરવામાં આવતા સદરહુ બાબતે થયેલ ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી. સબબ સદરહું રેકર્ડ અ ન્વેષણમાં રજુ કરી ખાત્રી કરાવતા સુધી થયેલ ખર્ચ રૂ. ૧,૫૯,૮૪,૮૦૪/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.3૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-31</u>

==========================================================

*સંસ્થાના વાહન ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો,લેજર બુકો તથા ખર્ચના વાઉચરોંની ચકાસણી કરતાં સંસ્થાના વાહનોની નિભાવણી પેટે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ રૂ! ૪,૩૬,૯૧૮/- નો ખર્ચ થયેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતુ.સદરહુ ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી કરવા સારૂ વાહનોની લોગબુકો,હિસ્ટ્રીશીટો,ડિસ્મેન્ટ્લ રજિસ્ટરો,વીમા પોલીસીઓ તેમજ ખર્ચ સબંધી તમામ રેકર્ડ/દસ્તાવેજો રજુ કરવા પ્રા.વા.ક્રમાંક-૪૧ તા.૪/૧/૧૭ થી સબંધિત શાખા/ભવનોને જણાવવામાં આવેલ હતુ.પરંતુ ઉપરોકત દસ્તાવેજો રજુ નહિ થતાં પ્રા.વાં.ક્રમાંક.૬૦,તા.૨૫/૧/૧૭ થી સ્મૃતિપત્ર દ્વારા પુન:સબંધિત ભવનોને જણાવવામાં આવેલ હતુ.પરંતુ ઉપરોકત દસ્તાવેજો ચકાસણી સારૂ અન્વેષણમાં રજુ થવા પામેલ ન હતા.આ સંદર્ભમાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) અન્વેષણ વર્ષ દરમ્યાન સંસ્થા પાસે વાહનનં.1354,4232,4260 તથા 8215 તેમજ 6421 હોવાનુ પેટ્રોલ/ડીઝલ/મરામત સંબંધી વાઉચરો પરથી જણાઇ આવેલ હતુ.સંસ્થા પાસે ઉપલબ્ધ તમામ વાહનોની ઉકત પ્રા.વાં.થી માંગવામાં આવેલ હતી.જેની વિગતો સંસ્થાએ પૂરી પાડેલ નથી.વળી,સંસ્થાએ હયાત વાહનોની લોગબુકો,હીસ્ટ્રીશીટો વગેરે દસ્તાવેજો રજુ કરેલ ન હોઇ ઉકત પેટ્રોલ/ડીઝલ પેટે કરેલ ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.

(૨) વાહનોની ખરીદીથી લઇ તેની મરામત તથા કન્ડમ સુધીની તમામ વિગતો વાહનની હિસ્ટ્રીશીટ તથા ડીસ્મેન્ટલ રજિસ્ટરમાં દર્શાવવાની રહે છે.સંસ્થાએ પોતાના વાહનોની હિસ્ટ્રીશીટ તથા ડિસ્મેટલ રજિસ્ટર નિભાવે અન્વેષણને રજુ કરેલ ન હોઇ વાહનની ખરીદી,મરામત,વીમા ખર્ચ સહિતની સઘળી વિગતોની ધોરણસરની ચકાસણી થઇ શકેલ નથી.

(3) સંસ્થામાં ઉપલબ્ધ વાહનો પૈકી જેની ફેરણી(કિલોમીટર) પૂર્ણ થયેલ હોય અને તે કન્ડમ કરવાપાત્ર હોય તેવા વાહનોની વિગતો ઉપરાંત કન્ડમ પ્રક્રિયા પૂર્ણ કરેલ હોય તેવાં વાહનોની માહિતી ઉપરોકત પ્રા.વાં.થી માંગવા છતાં તે રજુ થવા પામેલ નથી.જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધારિત પૂર્તતા થતાં સુધી કરેલ ખર્ચ રૂ! ૪,૩૬,૯૧૮/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં.૯૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૪,૩૬,૯૧૮/-

## વાહનોના પેટ્રોલ/ડીઝલ/મરામત ખર્ચની વિગત દર્શાવતુ

### પરિશિષ્ટ-૧

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ રૂ! | ખર્ચની ટુંકી વિગત. |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૧ | ૦૦૪૮૮ | ૨૭-૪-૧૨ | ૩૪૫૩૯/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૦૨ | ૦૦૫૨૩ | ૩૦-૪-૧૨ | ૬૦૨૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૦૩ | ૦૧૦૫૪ | ૧૪-૫-૧૨ | ૨૯૦૬૧/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૦૪ | ૦૧૪૩૫ | ૨૮-૫-૧૨ | ૧૭૭૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૦૫ | ૦૧૫૩૨ | ૩૧-૫-૧૨ | ૧૭૭૫/- | વાહન મરામત ખર્ચ પેટે. |
| ૦૬ | ૦૧૮૩૨ | ૮-૬-૧૨ | ૨૯૬૫૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૦૭ | ૦૨૪૯૬ | ૨-૭-૧૨ | ૬૮૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૦૮ | ૦૩૧૭૭ | ૩૧-૭-૧૨ | ૯૮૯૦/- | વાહન મરામત ખર્ચ પેટે. |
| ૦૯ | ૦૩૧૭૮ | ૩૧-૭-૧૨ | ૧૩૪૮૮/- | વાહન મરામત ખર્ચ પેટે. |
| ૧૦ | ૦૦૨૨૧ | ૧૦-૪-૧૨ | ૨૦૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૧ | ૦૦૩૦૦ | ૧૬-૪-૧૨ | ૫૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૨ | ૦૩૬૬૯ | ૧૪-૮-૧૨ | ૨૨૯૮૩/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૩ | ૦૩૯૮૧ | ૩૧-૮-૧૨ | ૨૩૩૭૮/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૪ | ૦૪૨૯૮ | ૧૧-૯-૧૨ | ૧૬૬૭૧/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૫ | ૦૪૩૭૩ | ૧૩-૯-૧૨ | ૧૩૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૬ | ૦૪૮૭૧ | ૩-૧૦-૧૨ | ૨૩૮૬૮/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૭ | ૦૫૦૯૩ | ૧૧-૧૦-૧૨ | ૩૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૮ | ૦૫૩૨૭ | ૧૮-૧૦-૧૨ | ૧૦૨૨/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૧૯ | ૦૫૩૬૮ | ૨૨-૧૦-૧૨ | ૭૮૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૦ | ૦૫૪૬૮ | ૩૦-૧૦-૧૨ | ૨૫૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૧ | ૦૫૫૪૨ | ૩૧-૧૦-૧૨ | ૩૭૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૨ | ૦૫૯૧૭ | ૬-૧૧-૧૨ | ૧૦૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૩ | ૦૫૯૨૩ | ૬-૧૧-૧૨ | ૨૩૦૪૮/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૪ | ૦૬૪૪૯ | ૫-૧૨-૧૨ | ૩૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ | ૦૬૬૦૪ | ૧૨-૧૨-૧૨ | ૨૦૩૫૮/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૬ | ૦૬૬૮૫ | ૧૪-૧૨-૧૨ | ૪૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૭ | ૦૬૯૦૩ | ૨૪-૧૨-૧૨ | ૫૦૯૮/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૮ | ૦૭૩૨૯ | ૫-૧-૧૩ | ૨૨૦૦૪/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૨૯ | ૦૭૫૭૪ | ૧૬-૧-૧૩ | ૩૧૯૮/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| 30 | ૦૮૧૩૬ | ૫-૨-૧૩ | 3333/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૧ | ૦૮૩૨૨ | ૮-૨-૧૩ | ૪૧૩૮૬/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૨ | ૦૮૫૬૯ | ૨૧-૨-૧૩ | ૨૦૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| 33 | ૦૮૯૫૬ | ૫-૩-૧૩ | ૭૨૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૪ | ૦૯૨૩૦ | ૧૩-૩-૧૩ | ૨૩૯૧૯/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૫ | ૦૯૨૬૦ | ૧૩-૩-૧૩ | ૬૪૭૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૬ | ૦૯૩૮૦ | ૧૯-૩-૧૩ | ૩૨૩૮૭/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૭ | ૧૦૧૫૫ | ૩૧-૩-૧૩ | ૩૨૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૮ | ૦૮૭૨૩ | ૨૭-૨-૧૩ | ૨૦૦/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૩૯ | ૦૮૯૫૬ | ૫-૩-૧૩ | ૮૭૫/- | વાહન પેટ્રોલ-ડીઝલ ખર્ચ |
| ૪૦ | ૦૨૮૫૭ | ૧૩-૭-૧૨ | ૨૯૫૭૭/- | વાહન મરામત ખર્ચ પેટે. |
| | | કુલ રૂ! | ૪,૩૬,૯૧૮/- | |

ફકરા નંબર-32

==========================================================

*અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીને મળેલ પ્રદાન/દાનના હિસાબો તથા ખર્ચ બાબત

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક અહેવાલનુ અવલોકન કરતાં વિવિધ દાતાઓશ્રી તરફથી સંસ્થાને નીચે દર્શાવેલ વિગતે દાન આપવામાં આવ્યુ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતુ.

| અનં. | દાતાશ્રીનુ નામ | દાનની તારીખ | દાનની રકમ |
|---|---|---|---|
| ૦૧૦ | ૦૨૦ | ૦૩૦ | ૦૪ |
| ૦૧ | શ્રી તરલા પ્રધ્યુમન વોરા(અમેરીકા) | તા.૧૫/૫/૧૨ | ૧,૬૩,૫૦૦/- |
| ૦૨ | શ્રી મનોજ એ(વડોદર)પંડયા. | તા.૧૬/૬/૧૨ | ૫૦,૦૦૦/- |
| ૦૩ | શ્રી ડૉ(અમદાવાદ)ભટ્ટ.જી.આર. | તા.૫/૯/૧૨ | ૫૦,૦૦૦/- |
| ૦૪ | શ્રી ચેતન રાવલ(અમદાવાદ) | તા.૨૨/૮/૧૨ | ૫૫,૦૦૦/- |
| ૦૫ | શ્રી લીન્ઝ ભોય જયોર્જ | તા.૨૧/૨/૧૩ | ૫૫,૦૦૦/- |
| ૦૬ | શ્રી કૌશિકભાઇ જૈન(અમદાવાદ) | તા.૨૧/૨/૧૩ | ૫૫,૦૦૦/- |
| ૦૭ | શ્રી સવિતાબેન એમબાજપાઇ. | તા.૨૦/૨/૧૩ | ૫૫,૦૦૦/- |
| | | કુલ રૂ! | ૪,૮૩,૫૦૦/- |

સંસ્થાને મળેલ ઉપરોકત દાન બાબતે રજુ થયેલ દસ્તાવેજોની ચકાસણી કરતાં અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) ઉપરોકત દાનની રકમો સંસ્થાના હિસાબોમાં નિયત પહોંચબુકો દ્વારા સ્વીકારી હોવાનું જણાય છે પરંતુ સદરહુ રકમ કયા લેજરકોડ નંબરે દર્શાવવામાં આવેલ છે તે સ્પષ્ટ થતુ નથી.

(૦૨) સંસ્થાના વાર્ષિક હિસાબોની આવક બાજુએ સદરહુ દાનની રકમ કયા સદરે જમા લેવામાં આવેલ છે તેનાં કોઇ ઉલ્લેખ નથી.

(૦૩) સદરહુ પ્રકારે સંસ્થા દ્વારા કોઇ નિયત રજિસ્ટર/હિસાબો નિભાવવામાં આવતા હોય તો અન્વેષણની ચકાસણી માટે અગાઉના હિસાબમેળ સહિત રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૪) સદરહુ પ્રકારે સંસ્થાને મળતી દાનની રકમનો કયા હેતુસર વપરાશ કરવો તે અંગે સંસ્થાએ કોઇ ધારાધોરણો /નિયમો /ઠરાવો કરેલ હોય તો તે અન્વેષણમાં રજુ થવા ઘટે.

(૦૫) ઉપરોકત દાતાશ્રીઓ દ્વારા મળેલ દાનનો સંસ્થાએ કયા હેતુસર વપરાશ કરેલ છે.તેના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૦૬) વિશેષ રકમના દાતાઓને પુરસ્કૃત કરવા અંગે સંસ્થાના નિયમોમાં કોઇ જોગવાઇ થયેલ હોય તો તે અંગેના આધાર રજુ થવા ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ રજુ થવા ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૨ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-33

==========================================================================

*આવકની રકમોના સ્ત્રોત ની અનિયમિતતાઓ બાબત.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ ડીપોઝીટ અને બીજા ખાતાઓના સદરે જમા રકમની માતબર રકમ દર્શાવેલ છે ,પરંતુ તેની આવક અંગેની કોઇ વિગતો સ્પષ્ટ થતી નથી,જેની નીચે દર્શાવેલ મુદ્દાઓ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

| અ.નં. | ડીપોઝીટ અને બીજાં ખાતાઓ પરિ-.H | જમાબાજુ રકમ રૂ! |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | કોશનમની ડીપોઝીટ A/C G.F | ૭,૪૭,૪૬૧૦૦. |
| ૦૨ | સ્કાફ બેજ ડીપોઝીટ | ૧,૫૮,૫૮૯૦૦. |
| ૦૩ | સીટી..ડી(ઉધારબાજુ). | ૧,૯૭૫૦૦. |
| ૦૪ | કેસ્કુલ.એસ. ડીપોઝીટ એકાઉન્ટ | ૧૨,૨૭,૬૩,૪૪૫૭૫. |
| ૦૫ | એકો.યુ.આઇ.ન્ફરન્સ નવે(ઉધારબાજુ) ૮૬- | ૨૩,૬૪૬૯૦. |
| ૦૬ | અનપેઇડ બિલ્સ | ૪,૪૧,૩૭,૮૫૫૭૨. |
| | કુલ રૂ! | ૧૬,૭૮,૩૨,૯૭૩૩૭. |

ઓડીટનોંધ:-

(૦૧) ઉપર દર્શાવેલ રૂ! ૧૬,૭૮,૩૨,૯૭૩.૩૭ જે વાર્ષિક હિસાબોમાં (પરિ-એચ) જમા બાજુએ દર્શાવેલ છે,પરંતુ સદરહુ આવકોના સ્ત્રોત અંગે કોઇ સ્પષ્ટતા થતી નથી.કે.એસ.સ્કૂલ ડીપોઝીટ પેટે માતબર રકમ રૂ! ૧૨,૨૭,૬૩,૪૪૫.૭૫ જમા બાજુએ દર્શાવેલ છે સદરહુ રકમ કઇ આવક પેટેની છે તેની આવકના રેકર્ડ સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ઉપરોક્ત જમા દર્શાવેલ રકમોના લેજરકોડ અંગે કોઇ ઉલ્લેખ થયેલ ન હોઇ લેજર હિસાબોમાં નિયત કરેલ કોડ નંબરની પૂરી વિગતો સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૩) ઉપરોક્ત વિગતો (રકમ) જમા બાજુએ દર્શાવવા થકી હિસાબો ક્ષતિરહિત હોવાના સ્પષ્ટ આધાર (તેના મેળવણા સહીત) રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૪) ઉપરોકત ક્રમ-૫ માં દર્શાવેલ એ.આઇ.યુ.કોન્ફરન્સ નવેમ્બર/૮૬ સદર હેઠળ રૂ! ૨૩,૬૪૬.૯૦ નો ખર્ચ દર્શાવેલ છે,આટલા લાંબા સમય બાદ સદર ખર્ચ કરવાના સક્ષમ અધિકારીશ્રીના હુકમો રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૯ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-34</u>

==========================================================

***કન્વેંન્શન સેન્ટર તથા યુનિવર્સિટી એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ સદરે જમા લીધેલ રકમોની અનિયમિતતાઓ બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેઝર બુકની ચકાસણી કરેલ હતી.વાર્ષિક હિસાબોમાં બીજા ફંડો સદરે માતબર રકમોનો ઉમેરો કરવામાં આવેલ હતો.આ પ્રકારના નીચે દર્શાવેલ સદરો પેટે ઉમેરવામાં આવેલ રકમો અંગે નીચે દર્શાવેલ મુદ્દાઓની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

| | | |
|---|---|---|
| (૦૧) કન્વેન્શન સેન્ટર | વર્ષ દરમ્યાન જમા/ઉમેરો | રૂ! ૧૦,૬૯,૧૫,૪૩૫.૦૦ |
| (૦૨)યુનિ.એજયુ.રીસ.એન્ડ ડેવ.ફંડવ્યાજ- | વર્ષ દરમ્યાન જમા/ઉમેરો | રૂ! ૯,૭૩,૮૮,૬૪૨.૨૫ |
| (૦૩)ભૂકંપ રીલીફ ફંડ કાઉન્ટ | -વર્ષ દરમ્યાન જમા/ઉમેરો | રૂ! ૨,૭૫,૮૦૦.૦૦ |
| | કુલ | રૂ! ૨૦,૪૫,૭૯,૮૭૭.૨૫ |

<u>ઓડીટનોંધ :-</u>

(૦૧) ઉપરોકત વિગતે કન્વેન્શન સેન્ટર સદરે રૂ! ૧૦,૬૯,૧૫,૪૩૫/- નો ઉમેરો કરી આવક જમા કરવામાં આવેલ છે,પરંતુ સદરહુ ઉમેરો કઇ આવકોમાંથી જમા લઇ કરવામાં આવેલ છે તેની વિગતો સ્પષ્ટ થતી નથી.તેવી જ રીતે ક્રમ-૨ માં દર્શાવેલ યુનિવર્સિટી એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ પેટે રૂ! ૯,૭૩,૮૮,૬૪૨.૨૫ નોઉમેરો કરવામાં આવેલ છે.સદરહુ કામ (ફંડ) ના હિસાબોની નિભાવણી અંગે જવાબદારથી વિગતે સ્પષ્ટતા થવી ઘટે.સદરહુ ફંડની એફ.ડી.કરેલ હોય તો તેના વ્યાજના હિસાબોના મેળવણા સહિતના આધારોથી ખાતરી કરાવવી ઘટે.

(૦૨) વાર્ષિક હિસાબોમાં સદર આવકોનો ઉમેરો કરી હિસાબ તૈયાર કરેલ છે પરંતુ તેના વિગતવાર હિસાબો કયા લેજરકોડ નંબરે નિભાવાય છે તેની ત્રણેય સદરોની વિગતો સ્પષ્ટ થવી ઘટે.

(03) ક્રમ-3 માં દર્શાવેલ ભૂકંપ રીલીફ ફં સદરે દર્શાવેલ રકમ રૂ! ૨,૭૫,૮૦૦/- આગળના વર્ષોથી જમા છે.જેનુ ફંડ કોના તરફથી મળેલ છે ? કયારે મળેલ છે ? અને કેવા કારણોસર આગળના વર્ષોથી જમા રહેલ છે ? તે સઘળી બાબતોના હિસાબો સહિત જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) ઉપરોકત સદરો હેઠળ દર્શાવેલ રકમોનો બેંક એકાઉન્ટ દ્વારા હિસાબો નિભાવાતા હોય તો તેના વ્યાજ સહિતના હિસાબમેળ સહ ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૫૦ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-35

===========================================================

*વ્યાજના હિસાબોની નિભાવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

===========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબોનુ અવલોકન કરેલ હતું.સદરહુ હિસાબોમાં આવક બાજુએ પરચુરણ આવક સદરે વ્યાજની રૂ। ૯૬,૦૪,૮૦૪/- જેટલી માતબાર રકમ દર્શાવવામાં આવેલ છે.સદરહુ વ્યાજની આવકની યથાર્તતા ચકાસવા સંદર્ભમાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

ઓડીટ નોંધ :-.

(૦૧) વર્ષ ૨૦૧૨/૧૩ ના વાર્ષિક હિસાબોમાં અન્ય સદરોમાં દર્શાવેલ રકમ બાબતે પરિશિષ્ટ સાથે સ્પષ્ટતા કરવામાં આવેલ છે.જ્યારે વ્યાજની આવક માટે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.તેથી સદરહુ વ્યાજ કઇ કઇ બેંકોમાં મૂકેલ એફ.ડી. થકી પ્રાપ્ત થયેલ છે ? સદરહુ થાપણો કયા કયા દરે,કયારથી,અને કેટલા સમય માટે થાપણ તરીકે મૂકેલ છે ? તદ્ઉપરાંત સદરહુ વ્યાજની રકમ થાપણો સિવાયના વ્યાજની છે કે કેમ? તેવી તમામ બાબતોનીસ્પષ્ટતા થઇ શકતી નથી.તો સદરહુ વ્યાજની રકમની ખરાઇ માટે સંસ્થાના બેંક હિસાબો મુજબ થાપણો તથા તેના ઉપર મળેલ વ્યાજની રકમના વિગતવાર/ક્ષતિરહિત હિસાબો રજુ કરી અન્વેષણને આધારિત ખાતરી કરાવવી ઘટે.

(૦૨) ઉપરોકત વ્યાજની રકમની સ્પષ્ટતા થવા સારૂ સંબંધિત બેંકોની બેંકપાસબુકો/ચેકબુકો /બેંક સ્ટેટમેન્ટસ વગેરે અન્વેષણમાં રજુ કરી વ્યાજની આવક સહિતના હિસાબમેળ કરી ખાતરી કરાવવી ઘટે.

(03) સંસ્થા દ્વારા વિવિધ બેંકોમાં આર્થિક વ્યવહારો કરવામાં આવે છે.આ સંદર્ભમાં સંસ્થા દ્વારા રજિસ્ટર નિભાવી માસિક/ત્રિમાસિક/વાર્ષિક ધોરણે હિસાબોનું મેળવણું કરવામાં આવે છે કે કેમ ? જો તદનુસાર અમલવારી થતી હોય તો તેવા સઘળા હિસાબો અન્વેષણમાં રજુ કરી તફાવત તથા કારણોથી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૦૪) સદરહુ વ્યાજના સંદર્ભમાં સંસ્થાએ બેંક થાપણો મૂકવા બાબતેસંસ્થાની વિવિધ કમિટીઓ દ્વારા કરવામાં આવેલ ઠરાવો અન્વેષણની ખરાઇ માટે રજુ થવા ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૫૨ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-36</u>

===========================================================

*સંસ્થાની મિલકતો તથા તેની આવકોના હિસાબોની અનિયમિતતાઓ બાબત.

===========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષ ના વાર્ષિક હિસાબો તથા આવકની લેઝર બુકોના હિસાબોની ખરાઇ કરતાં સંસ્થાની પોતાની માલિકીની જમીન તથા અન્ય મિલકતો પેટે માતબર રૂ ૨૮,૬૯,૨૬૪/-ની આવક થયેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું

<u>ઓડીટ અવલોકન :-</u>

(૦૧) સંસ્થા હસ્તક કેટલી જમીન,મકાનો,દુકાનો તથા અન્ય મિલકતો અન્ય/એજન્સીઓને કયારથી ભાડે આપવામાં આવેલ છે ? સદરહુ મિલકતોના ભાડા પેટે કેટલી માસિક/વાર્ષિક આવક થવા પામે છે ? ભાડા પેટે નિયમોનુસાર કરાર કરવામાં આવેલ છે કે કેમ ? તેવી સઘળી વિગતો તેના સાધનિક રેકર્ડ સહ અન્વેષણની ચકાસણી માટે રજુ થવી ઘટે.

(૦૨) ઉપરોકત આવક પૈકી રૂ ૫,૭૮,000/- જમીન આવક પેટે કોડ નં.૧૮૦૧000 ખાતે દર્શાવવામાં આવેલ છે,સદરહુ જમીન કઇ એજન્સી/ઇસમને કયારથી,કેટલા દરથી ભાડા પેટે આપવામાં આવેલ છે ? તેની ભાડા કરારની ફાઇલ/વિગતો સહ સ્પષ્ટતા થવી ઘટે.

(03) ઉપરોકત આવકોના વાઉચરોમાં કોડ નંબર ૧૮૦૧000 ખાતે ફકત Misc jncom M O Collection દર્શાવેલ છે,આ અંગે M O કલેકશન રજિસ્ટરની આવકની પહોંચો સાથે મેળવણું કરતાં પહોંચોમાં કોઇ વિગતો ઉપલબ્ધ ન હોઇ ખરેખર આવકના પ્રકારના વ્યાજબીપણાની ખાતરી થઇ શકતી નથી.

(0૪) ઉપરોકત (૨) માં દર્શાવેલ રકમો કોની મંજુરીથી,કયા ધોરણે મેળવવામાં આવેલ છે ? સદરહુ રકમો સ્વીકારવા તથા જમા કરાવવા અંગેના સક્ષમ અધિકારીશ્રીના હુકમો રજુ કરી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓમાં દર્શાવેલ માહિતી તેના મૂળ રેકર્ડ સહિત અન્વેષણમાં રજુ થવુ ઘટે.

પા.વા.નં.૫૪ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

<u>ફકરા નંબર – 37</u>

==========================================================

***એફ.આઇ.આર ગુ.ર.નં.૬૪/૨૦૧૨ તથા એફ.આઇ.આર.ગુ.ર.નં.૧૪/૨૦૧૩ ની કાર્યવાહી / પ્રગતિની અનિયમિતતાઓ બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી કાર્યવાહી તા.૭/૧૨/૧૬ ના રોજ હાથ ધરવામાં આવેલ છે. અન્વેષણના પ્રારંભમાં પ્રાથમિક વાંધા ક્રમાંક-૨,તા.૭/૧૨/૧૬ તથા પ્રાથમિક વાંધા ક્રમાંક-3,તા.૭/૧૨/૧૬ થી અનુક્રમે સંસ્થામાં તપાસણી વર્ષમાં થયેલ આગ,ચોરી,લૂંટફાટ સંબંધી તથા ઉચાપત ,માલમિલકતને થયેલ નુકશાન સંબંધી માહિતી રજુ કરવા સંસ્થાને જણાવેલ હતુ.

ઉપરોકત પ્રા.વાં.ના સંદર્ભમાં સંસ્થાના તા.૨૧/૧૨/૧૬ ના પત્રથી આપેલ પ્રત્યુતરની વિગતો મુજબ સંસ્થાના કેમેસ્ટ્રી વિભાગમાં થયેલ ગેસ સિલિન્ડરની ચોરી સંદર્ભમાં તા.૧૯/૪/૧૬ ના રોજ નોંધવામાં આવેલ પોલિસ ફરિયાદ F.I.R. નં.૬૪/૨૦૧૨, તથા સમાજવિધા ભવનમાં થયેલ ચોરી /નુકશાન સંદર્ભમાં નોંધવામાં આવેલ F.I.R. નં૧૪/૨૦૧૩ બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ :-</u>

(૦૧) અન્વેષણ વર્ષ ૨૦૧૨/૧૩ દરમ્યાન સંસ્થામાં થયેલ ઉપરોકત ચોરી/નુકશાન સંદર્ભમાં નોંધવામાં આવેલ બે પોલિસ ફરિયાદ બાદ પોલિસ ખાતા દ્વારા શુ કાર્યવાહી કરવામાં આવેલ છે ? તેઓ દ્વારા થયેલ કાર્યવાહી અને કેસની છેવટની પરિસ્થિતિ શું છે ? તે અંગેની અન્વેષણને આધાર સહ સ્પષ્ટતા તેમજ ખાતરી કરાવવી ઘટે.

(૦૨) સંસ્થાના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની વિગતો મુજબ યુનિવર્સિટી જમીન-જાયદાદની જાળવણી પેટે રૂ! ૮૮,૬૮,૫૪૨.૮૦ નો માતબર ખર્ચ કરવામાં આવેલ હતો.સંસ્થાની મિલકતોની સુરક્ષા માટે સંબંધિત સિકયોરીટી એજન્સીને જવાબદારી સુપરત કરેલ હતી. સિકયોરીટી માટે નિયુકત કરેલ સંબંધિતોની ફરજો દરમ્યાન ઉપરોકત ચોરી/નુકશાનના પ્રસંગો બનવા પામેલ હોય તો સંસ્થાએ સદરહુ બાબતે કોઇ તપાસ કરાવેલ હતી ? જો યોગ્ય તપાસ કરાવી હોય તો જવાબદારો સામે સંસ્થાએ

નિયમોચિત કાર્યવાહી કરેલ હતી કે કેમ ? તે અંગેના યોગ્ય આધાર છેવટની પરિસ્થિતિની વિગતો સહ અન્વેષણમાં રજુ થવા ઘટે.

પા.વા.નં.૫૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નંબર-38

*શિક્ષણ ઉપકરની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

| અ નં. | વા .નં. | તારીખ | ખર્ચની રકમ રૂ ! | ચુકવણીની ટુંકી વિગત |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૧ | ૨૯૮૯ | ૨૩/૭/૧૨ | ૧૦,૧૮,૧૩૫/- | મુખ્ય ભવન કાર્યાલયો તથા કવાર્ટસના ૨૦૦૩/૦૪ તેમજ ૨૦૦૪/૦૫ ના વર્ષની શિક્ષણ ઉપકરની ચુકવણી પેટે. |

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન ખર્ચનાં વાઉચરોની ચકાસણી કરતાં યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય,વિવિધ શૈક્ષણિક ભવનો તથા સંસ્થાના કવાટર્સ વગેરે ના શિક્ષણ ઉપકર પેટે ૨૦૦૩/૦૪ તથા ૨૦૦૪/૦૫ ના વર્ષોની બાકી રકમની ચુકવણી ઉપરોકત વિગતે મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને ચેક નં. ૫૭૦૭૩૫ થી કરવામાં આવેલ હતી .સદરહુ ચુકવણીમાં અન્વેષણને નીચે દર્શાવેલ અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) ઉપરોક્ત શિક્ષણ ઉપકરની ચુકવણી નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ ના વર્ષની કરવામાં આવેલ હતી. તે પછીના નાણાકીય વર્ષો તથા તે અગાઉના નાણાકીય વર્ષોની શિક્ષણ ઉપકરની રકમ ઉક્ત મ્યુ. કમિશ્નરશ્રીને ચુકવેલ હોય અને તેનું કાંઇ સાધનિક રેકર્ડ નિભાવેલ હોય તો તે અન્વેષણમાં રજુ થવું ઘટે., જેથી ગત નાણાકીય વર્ષોની બાકી ચુકવણીની વિગતોની ખરાઇ થઇ શકે.

(૦૨) સંસ્થાની કુલ -૨૬૧ મિલકતોની પ્રોપર્ટી ટેક્ષની વર્ષ ૨૦૧૨૧૩ ની રૂ! ૩૮,૯૯,૪૧૪/- ની ચુકવણી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદને વાઉચ નં.૧૮૧ તા.૭/૪/૧૨ થી કરવામાં આવેલ હતી. સદરહુ પ્રોપર્ટી ટેક્ષ ના બીલમાં શિક્ષણ ઉપકરની રકમની ગણતરી કરીને જ બીલ બનાવવામાં આવેલ હતુ જ્યારે ઉપરોકત ૨૦૦૩/૦૪ તથા ૨૦૦૪/૦૫ ના વર્ષના શિક્ષણ ઉપકરના બીલ અલાયદા બનાવી રજુ કરેલ છે. તો ૨૦૦૩/૦૪ તથા ૨૦૦૪/૦૫ ના બીલોમાં શિક્ષણ ઉપકરની ગણતરી નહીં કર્યા ના આધાર મુળ બીલો રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા રજુ થયેલ શિક્ષણ ઉપકરના ઉકત બીલમાં કુલ ૨૬૨ મિલકતોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદરહુ મિલકતો ગુજરાત યુનિવર્સિટીના

મિલકત રજિસ્ટરે નોંધાયેલ હોય તો અન્વેષણની ખરાઇ માટે રજુ થવુ ઘટે. જેથી સંસ્થાની ઉકત મિલકતોની હયાતીના વ્યાજબીપણાની ચકાસણી કરી શકાય.

(૦૪) સદરહુ મિલકતોના બાંધકામ માટે સંસ્થાએ સક્ષમ બાંધકામ એજન્સીને કરેલ દરખાસ્તોના સંદર્ભમાં મળે મંજુરી તથા તેના રજીસ્ટ્રેશન સંબંધી યોગ્ય આધાર રજુ કરી ખાતરી કરાવવીઘટે.

(૦૫) ઉપરોકત મિલકતોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બી. યુ . પરમીશન તથા મુદત વધારા સંબંધી મંજુરી મળેલ હોય તો તેના યોગ્ય આધાર રજુ થવા ઘટે.

(૦૬) આ સાથે સામેલ શિક્ષણ ઉપકરના બીલના અંતિમ બે પાનામાં દર્શાવેલ રકમની વિગતો નજરે જોતાં શિક્ષણ ઉપકરની રકમ અગાઉના ઘણા વર્ષોની બાકી હોવાનું જણાઇ આવે છે.તો સદરહુ શિક્ષણ ઉપકરની રકમ કયા વર્ષથી ચુકવવાની બાકી માં છે. ? તથા તેના ઉપર કોઇ વ્યાજની ગણતરી કરવામાં આવેલ છે કે કેમ ? તેની અગાઉના શિક્ષણ ઉપકરનાં બિલોના મેળવણાના આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૭) ઉપરોકત કુલ -૨૬૨ મિલકતો પૈકી કેટલી મિલકતો કયારથી બંધ હાલતમાં છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી ચુકવેલ શિક્ષણ ઉપકરની રકમ રૂા ૧૦,૧૮,૧૩૫/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં.૫૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા ૧૦,૧૮,૧૩૫/-

ફકરા નંબર-39

==========================================================

*સંસ્થાની માલિકીની મિલકતોના વીમા ઉતરાવવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરો તથા લેજરબુકની ચકાસણી કરતાં લેજર કોડ નં.૪૫૦૧૦૦૦ હેઠળ વીમા ખર્ચ પેટે રૂા ૧,૩૯,૫૪૯/- ની ચુકવણી સંબંધીત વીમા એજન્સીઓને કરવામાં આવેલ હોવાનું અન્વેષણનાં ધ્યાને આવેલ હતું.સદરહુ બાબતે અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) ખર્ચના વાઉચરોની ચકાસણી દરમ્યાન સંસ્થા હસ્તક કુલ-૨૯૨ મિલકતો હોવાનુ જણાઇ આવેલ છે.સદરહુ મિલકતો પૈકી કેટલી મિલકતોનો વીમો ઉતારવાપાત્ર હતો ? તે પૈકી કેટલી મિલકતોનો વીમો-કયારથી,કઇ વીમા એજન્સીઓ પાસેથી કયા કયા દરે ઉતરાવવામાં આવેલ છે.? સદરહુ વીમો મિલકતોના નિર્માણ થયા તારીખથી આજ પર્યંત ઉતારવામાં આવે છે કે કેમ ?તે તમામ વીમા પોલીસીઓ તથા તેનુ રજિસ્ટર અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૨) ઉપરોકત ૨૯૨ મિલકતો સંસ્થાના મિલકત રજિસ્ટરે નોંધવામાં આવેલ છે કે કેમ ? મિલકત રજીસ્ટર રજુ કરી મિલકતોની હયાતીના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

(૦૩) ઉપરોકત મકાનોની સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિયત આકારણી કરવામાં આવેલ હોય તો તે અંગેના સાધનિક આધાર/રજીસ્ટર રજુ કરી કિંમતના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

(૦૪) સંસ્થાની મિલકતોના બી.યુ.પરમિશન બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મળેલ મંજુરીના આધાર રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૫) સંસ્થા હસ્તકના કન્વેન્શન સેન્ટરના નિર્માણમાં માતબર રકમનો ખર્ચ થયેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ છે.સદરહુ સેન્ટરનો વીમો કઇ વીમા એજન્સી પાસેથી કયારે ઉતરાવવામાં આવેલ છે ? વીમા સંબંધી તમામ રેકર્ડ રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૬) સંસ્થા હસ્તકની ઉપરોકત મિલકતો પૈકી કઇ મિલકતોના વીમા ઉતારવામાં આવેલ નથી ? તથા કેવા કારણોસર વીમા ઉતારવામાં આવેલ નથી ? જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પા.વા.નં.૬૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

<u>ફકરા નંબર-40</u>

===================================================================

***સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની મંજુરી તથા ડેવલેપમેન્ટ ફંડની બાકી વસુલાતની અનિયમિતતાઓ બાબત.**

===================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો વર્ષ ૨૦૧૨/૧૩ નો વાર્ષિક હેવાલ ગુજ.યુનિ.દ્વારા (૫૦) તથા સ્ટે-૯૦ અન્વયે પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.સદરહુ હેવાલની વિગતોનુસાર સંસ્થા હસ્તક કુલ-૭૫૧ કોલેજો હતી.અન્વેષણ/અહેવાલ વર્ષ દરમ્યાન ૧૫ નવી કોલેજોને જોડાણ આપવામાં આવતાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની સંખ્યા વધીને ૩૬૬ થવા પામેલ હતી.

સંસ્થા દ્વારા નવીન જોડાણ આપવામાં આવેલ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની મંજુરી તથા ડેવલપમેન્ટ ફંડ/ફી અંગે નિયત થયેલ ધોરણો મુજબ નકકી કરેલ ડેવલપમેન્ટ ફંડ/ફી વસુલ કરવામાં આવેલ છે કે કેમ ? તેની ધોરણસરની ચકાસણી કરવા આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ માહિતીની અન્વેષણને આવશ્યકતા હોઇ દર્શાવેલ માહિતી તથા ફી નિર્ધારણના માપદંડોના સક્ષમ અધિકારીશ્રીના હુકમો/ઠરાવ વગેરે સાધનિક રેકર્ડ સહ અન્વેષણની ચકાસણી માટે રજુ થવા ઘટે.

જે કોલેજોની ડેવલપમેન્ટ ફંડ/ફી વસુલ કરવાની બાકીમાં છે તેવી તમામ કોલેજોની માહિતી સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવવાની છે.વધુમાં જે કોલેજોને ડેવલપમેન્ટ ફંડ/ફી ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે તેની અલાયદી યાદી ઉકત માહિતી સાથે (મુકિત હુકમો સહિત) રજુ થવી ઘટે.

<u>ઓડીટ નોંધ :-</u>

ઉપરોકત વિગતો તેમજ રેકર્ડ અન્વેષણમાં રજુ નહિ થવા થકી તપાસણી વર્ષમાં સંસ્થાએ આપેલ નવીન કોલેજોના જોડાણ/મંજુરી ,ફી અંગેના નિયત ધોરણો ,વસુલ કરવામાં આવેલ ફી તેમજ વસુલ કરવાની બાકી ફી વગેરેની ધોરણસરની ચકાસણી થઇ શકેલ નથી જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

## ફકરા નંબર-41

==================================================================

*કન્વેન્શન સેન્ટરના ભાડા કરાર સંબંધી રેકર્ડ રજુ કરવા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં બીજા ફંડો (પરિશિષ્ટ-૧)ની વિગતો ધ્યાને લેતાં કન્વેન્શન સેન્ટર ખાતે નીચે મુજબ સ્થિતિ જણાયેલ હતી.

| અ .નં. | છેલ્લા હિસાબ મુજબ ફંડ(રકમ) | ૨૦૧૨દરમ્યાન ૧૩/ ઉમેરો | કુલ ફંડ | વર્ષ દરમ્યાન રોકાણ | વર્ષના અંતે જમા ફંડ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૦૧ | રૂ!૧૧,૭૦,૬૧,૪૦૧/- | ૧૦,૬૯,૧૫,૪૩૫/- | ૨૨,૩૯,૭૬,૮૩૬/- | ૭,૧૪,૯૨,૬૨૧/- | ૧૫,૨૪,૮૪,૨૧૫/- |

**ઓડીટનોંધ :-**

(૦૧) ગુજરાત યુનિવર્સિટી હસ્તકના કન્વેન્શન સેન્ટરના બાંધકામ બાદ સદરહુ સેન્ટરને ખાનગી એજન્સીને ભાડા કરારથી આપવામાં આવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ છે.ઉપરોકત વિગતો નજરે જોતાં કન્વેન્શન સેન્ટર સદર ખાતે રૂ! ૧૦,૬૯,૧૫,૪૩૫/- નો ઉમેરો કરવામાં આવેલ છે.સદરહુ આવકના વ્યાજબીપણાની ખરાઇ કરવા માટે સંસ્થાએ ખાનગી એજન્સીઓ સાથે કરેલ ભાડા-કરાર સંબંધી તમામ રેકર્ડ અનવેષણની ચકાસણી માટે રજુ થવુ ઘટે.

(૦૨) અગાઉના વર્ષના ભંડોળમાં ૨૦૧૨/૧૩ દરમ્યાન થયેલ વધારા સહ કુલ ફંડ રૂ! ૨૨,૩૯,૭૬,૮૩૬/- માંથી તપાસણી વર્ષ દરમ્યાન રૂ! ૭,૧૪,૯૨,૬૨૧/- નુ રોકાણ/ચુકવણુ કરવામાં આવેલ છે.સદરહુ રોકાણ/ચુકવણા અંગેનુ સાધનિક રેકર્ડ/દસ્તાવેજો રોકાણ/ખર્ચની વિગતો સહિત અન્વેષણની ચકાસણી માટે તાત્કાલિક રજુ થવુ ઘટે.

ઉપરોકત વિગતે જરૂરી રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ  કોલમ નં.૧ થી ૬ માં દર્શાવેલ ફંડ તેમજ રોકાણોના હિસાબોની ધોરણસરની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૬ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-42

==========================================================

*રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં સ્ટોક રજીસ્ટરોમાં જણાયેલ અનિયમિતતા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર વિભાગ તરફથી રજુ કરવામાં આવેલ રેકર્ડની ચકાસણી કરતાં જણાયેલ છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર વિભાગમાં સ્ટેશનરી સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવેલ છે.

આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(O૧) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદી સ્ટોકની જમા અંગેની નોંધ કરવામાં આવે છે પણ કરેલ ખરીદી અંગેની માલની વિગત જેવી કે જથ્થો,દર,કુલ કિંમત વિગેરે રજીસ્ટરમાં ન લખાતી હોવાથી ખરેખર જે તે માલ વિગત મુજબનો જમા લીધાની ખાતરી થઇ શકેલ નથી.

(O૨) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદીના COST UNIT લખાય છે પણ ખર્ચનું ટોટલ કરવામાં આવતું નથી.જેના કારણે ખરેખર બીલ મુજબનો માલ જમા લીધાની ખાતરી થઇ શકેલ નથી.

(O3) સ્ટોક રજીસ્ટરોમાં ઇસ્યુ સ્લીપ નંબર કે તારીખ લખવામાં આવતી નથી જેના કારણે ઇસ્યુ કરેલ માલ ખરેખર ઇસ્યુ મુજબનો જ ઇસ્યુ થયા બાબતની ખાતરી થઇ શકેલ નથી.ઇસ્યુ સ્લીપો પણ રજુ કરવામાં આવેલ નથી.

(O૪) સ્ટોક રજીસ્ટરોમાં સક્ષમ કર્મચારી કે અધિકારીશ્રીની સહીઓ મેળવવામાં આવેલ નથી.સહીઓ ન મેળવવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ઉકત સંદર્ભમાં સ્પષ્ટતા તથા ખાતરી ઓડીટે કરાવવી ઘટે.આ બાબતમાં સ્પષ્ટતા થવી ઘટે.

પા.વા.નં.૮૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

<u>ફકરા નંબર-43</u>

==========================================================

***ફિઝિકસ વિભાગમાં સ્ટોર સ્ટોક રજીસ્ટરોમાં સિલક ના કાઢવા તથા અન્ય અનિયમિતતા બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના ફિઝિકસ વિભાગ તરફથી રજુ કરવામાં આવેલ રેકર્ડ ની ચકાસણી કરતાં જણાયેલ છે કે ફિઝિકસ વિભાગમાં ઇક્યુપમેન્ટ સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવેલ છે.

**આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.**

(૦૧) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદી સ્ટોકની જમા અંગેની નોંધ કરવામાં આવે છે પણ કરેલ ખરીદી અંગેની માલની વિગત જેવી કે જથ્થો,દર,કુલ કિંમત વિગેરે રજીસ્ટરમાં ન લખાતી હોવાથી ખરેખર જે તે માલ વિગત મુજબનો જમા લીધાની ખાતરી થઇ શકેલ નથી.

(૦૨) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદીના COST UNIT લખાય છે પણ ખર્ચનું ટોટલ કરવામાં આવતું નથી.જેના કારણે ખરેખર બીલ મુજબનો માલ જમા લીધાની ખાતરી થઇ શકેલ નથી.

(૦૩) સ્ટોક રજીસ્ટરોમાં ઇસ્યુ સ્લીપ નંબર કે તારીખ લખવામાં આવતી નથી જેના કારણે ઇસ્યુ કરેલ માલ ખરેખર ઇસ્યુ મુજબનો જ ઇસ્યુ થયા બાબતની ખાતરી થઇ શકેલ નથી.ઇસ્યુ સ્લીપો પણ રજુ કરવામાં આવેલ નથી.

(૦૪) સ્ટોક રજીસ્ટરોમાં ઉઘડતી સિલક જે તે તારીખની સિલક તથા બંધ સિલક દર્શાવવામાં આવતી નથી,બંધ સિલક ન દર્શાવવાના કારણે ખરેખર સ્ટોક અંગેની પરિસ્થિતિ જાણી શકાતી નથી,તદ઼ ઉપરાંત ખરેખર કેટલો સ્ટોક હોવો જોઇએ અને કેટલો સ્ટોક છે તે બાબતની ચકાસણી શકય બનતી નથી.ચાર્જની લેવડ દેવડ દરમ્યાન પણ પ્રશ્નો અંગેની પણ ખાતરી થઇ શકેલ નથી.

(૦૫) નિયમોનુસાર સ્ટોર સ્ટોકની ઓચિંતી ચકાસણી તથા વર્ષના અંતે ભૌતિક ચકાસણી કરી સ્ટોર સ્ટોક રજીસ્ટરમાં દર્શાવેલ બંધ સિલક જથ્થો સ્ટોક મળી રહે છે તેવુ પ્રમાણપત્ર

આપવાનું રહે છે.પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષથી આવુ પ્રમાણપત્ર અપાયેલ નથી.જેના કારણે આવેલ વધ કે ઘટ અંગેની ખાતરી થઇ શકેલ નથી.

(૦૬) ભવન તરફથી હિસાબી શાખામાં મોકલવાના બીલોનું રજીસ્ટર નિભાવવામાં આવતુ ન હોવાથી કેમેસ્ટ્રી વિભાગનુ મંજુર થયેલ ખર્ચની વિગતો જાણી શકાતી નથી,તેમજ કેટલી મર્યાદામાં ખર્ચ કરેલ છે એટલે કે ખર્ચ વધારે થયો કે ઓછો થયેલ છે તેની કોઇ માહીતી મળી શકે તેમ ન હોવાથી ઉકત સંદર્ભમાં પણ ખાતરી થઇ શકેલ નથી.વધુમાં હિસાબી શાખામાં નોંધાયેલ ખર્ચ જેટલી તમામ ચીજ વસ્તુઓ રજીસ્ટરમાં જમા થયાની ખાતરી થતી નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૧ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-44</u>

==========================================================

*ઉત્તરવહી છપામણીના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સંલગ્ન કોલેજોની ડિસેમ્બર/૧૨ તથા માર્ચ-એપ્રિલ/૧૩ માં યોજાનાર પરીક્ષાઓની ઉત્તરવહીઓની છપામણી પેટે નીચે દર્શાવેલ વિગતે ખર્ચ થયેલહોવાનું સંસ્થાના વર્ષ-૨૦૧૨/૧૩ ના હિસાબો પરથી જણાઇ આવેલ હતું.

| અ. નં. | વા.નં. | તારીખ | રકમ | ખર્ચની ટૂંકી વિગત | એજન્સીનું નામ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૦૧ | ૨૫૬૨ | ૩/૭/૧૨ | ૪,૫૦,૧૧૯/- | ઉત્તરવહી છપામણી પેટે | નવનીત પબ્લીકેશન,અમદાવાદ |
| ૦૨ | ૨૮૪૪ | ૧૩/૭/૧૨ | ૧૪,૨૫,૦૦૦/- | ઉત્તરવહી છપામણી પેટે | નવનીત પબ્લીકેશન,અમદાવાદ |
| ૦૩ | ૭૮૮૩ | ૩૧/૧/૧૩ | ૫૬૯૪/- | ખાનગી પ્રેસ તપાસ | ગંગા ટ્રાવેલ્સ અમદાવાદ |
| ૦૪ | ૯૨૬૫ | ૧૩/૩/૧૩ | ૨૦,૯૯૯/- | ખાનગી પ્રેસ તપાસ | ગંગા ટ્રાવેલ્સ અમદાવાદ |
| ૦૫ | ૧૦૧૮૪ | ૩૧/૩/૧૩ | ૫૩,૮૬,૨૯૯/- | ઉત્તરવહી છપામણી પેટે | અનપેઇડ બિલ ખાતે હવાલા એન્ટ્રી |
| ૦૬ | ૧૦૩૯૭ | ૩૧/૩/૧૩ | ૭૮,૬૫,૧૦૧/- | ઉત્તરવહી છપામણી પેટે | અનપેઇડ બિલ ખાતે હવાલા એન્ટ્રી |
| | | કુલ રૂ। | ૧,૫૧,૫૩,૨૧૨/- | | |

ઉપરોકત ખર્ચ સંદર્ભમાં રજુ થયેલ વાઉચરો તથા અન્ય દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન અન્વેષણને જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૦૧) ઉપરોકત ક્રમ -૧ તથા ક્રમ-૨ માં દર્શાવેલ વાઉચરોનો સંયુકત ખર્ચ રૂ। ૧૮,૭૫,૧૧૯/- થવા પામે છે.સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગ ના ઠરાવ ક્રમાંક/ એસપીઓ/૧૦૨૦૦૫ /૧૪૦૫ /૨૧, તા.૮/૭/૨૦૧૧ ની જોગાવાઇ મુજબ રૂ। પાંચ લાખથી વધુ રકમની ખરીદી/કામ કરવા માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી સ્પર્ધાત્મક ભાવો મેળવવાના રહે છે.તે મુજબ અમલવારી નહીં કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) પરીક્ષા વિભાગની તા.૨૫/૭/૧૨ ની નોંધ અનુસાર કાર્યકારી કુલસચિવશ્રી,કાર્યકારી પરીક્ષા નિયામકશ્રી,મદદ.કુલપતિશ્રી(પરીક્ષા) તથા પ્રકાશન અધિકારીશ્રીઓની સંયુકત ચર્ચા બેઠકમાં નીચે મુજબની ઉત્તરવહીઓ છપાવવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.

(ક) ૨૪ પેજની મુખ્ય ઉત્તરવહીઓ 30,00,000 (ત્રીસ લાખ)

(ખ) ૦૮ પેજની પુરવણી ઉત્તરવહીઓ ૧૦,00,000 (દસ લાખ)

(ગ) ખાખી સ્ટીકર 3૫,00,000 (પાંત્રીસ લાખ)

ઉપર મુજબની ઉત્તરવહીઓ છપાવવા માટે પ્રકાશન અધિકારીશ્રીના તા.3૧/૮/૧૨ ના પત્રની વિગતો મુજબ ગુજરાત સમાચાર,દિવ્ય ભાસ્કર તથા સંદેશ વર્તમાનપત્રોમાં જાહેરખબર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી,તે માટે "મેસર્સ કે.શાહ એન્ડ કંપનીને વા.નં.૪૬૧૦ તા.૨૫/૯/૧૨ થી રૂ! ૫૮,300/- ની ફી ચુકવેલ હતી.સદરહુ જાહેરખબરના અનુસંધાનમાં કેટલા કોમર્શીયલ તથા ટેકનીકલ બીડ/ટેન્ડરો ભરાઇને આવેલ હતાં,તેની કોઇ વિગતો કે રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ જેની ધોરણસરની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.જે અંગે જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.અત્રે ઉલ્લેખનીય છે કે ઉકત વિગતે જાહેરખબર પેટે રૂ! ૫૮,300/-નો માતબર ખર્ચ કરવા છતાં ઉકત રૂ! ૧૮,૭૫,૧૧૯/- ના ખર્ચ થકી છપાવેલ ઉત્તરવહીઓ માટે ગત વર્ષના જુના ટેન્ડર ભાવો ધ્યાને લઇ વર્કઓર્ડર આપવામાં આવેલ હતો.તેથી જાહેરખબર પ્રસિધ્ધ કરવા માટે કરેલ ખર્ચ નિરર્થક સાબિત થવા પામેલ હતો.જે અંગે સબંધિતથી સ્પષ્ટતા થવી ઘટે.

(03) પ્રકાશન અધિકારીશ્રીના તા.૨૧/૬/૧૨ ના પત્રની વિગતો મુજબ ગત વર્ષ ૨૦૧૧/૧૨ ના અંતે નીચે મુજ્બ સ્ટોક જમા હતો.

| અ.નં. | ઉત્તરવહીની વિગત | જૂનો સ્ટોક | નવી છપાવી | દર રૂપિયા/પૈસા | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ક | ૦૮ પેજ ઉત્તરવહીઓ | ૫૫,000 | 3,૪૧,000 | ૧.૨૫૭૧૪ | ૪,૨૮,૬૮૫/- |
| ખ | ૦૪ પેજ પૂરક ઉત્તરવહીઓ | ૨3,00,000 | ૨0,00,000 | 0.૫૭૧૪3 | ૧૧,૪૨,૮૬0/- |
| ગ | ખાખી સ્ટીકર | ૧૫,00,000 | ૧૫,00,000 | 0.૧૪૨૯ | ૨,૧૪,3૫0/- |
| | | | | કુલ રૂ! | ૧૭,૮૫,૮૯૫/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | + ૪% વેટ રૂ! | ૭૧,૪૩૬/- |
| | | | - - | + ૧% અન્ય વેરો | ૧૭,૮૫૯/- |
| | | | | કુલ રૂ! | ૧૮,૭૫,૧૯૦/- |

(ક) પ્રસ્તુત વિગતો નજરે જોતાં ઉપરોકત (ક) માં દર્શાવેલ ૦૮ પેજની ઉત્તરવહીઓનો સ્ટોક (જૂનો) ૫૫૦૦૦ હોવાછતાં નવી ૩૪૧૦૦૦ ઉત્તરવહીઓ છપાવેલ હતી.તેથી આવશ્યકતા કરતાં વધુ ઉત્તરવહીઓની છપામણી પેટે રૂ! ૬૪,૧૪૩/- નો અતિખર્ચ કરેલ હતો.

(ખ) ૦૪ પેજની ઉત્તરવહીઓનો જૂનો સ્ટોક ૨૩,૦૦,૦૦૦ હોવાછતાં નવીન ૨૦,૦૦,૦૦૦ ઉત્તરવહીઓની છપામણી કરતાં રૂ! ૧૧,૪૨,૮૬૦/- નો વધુ ખર્ચ થયેલ હતો.

(ગ) ખાખી સ્ટીકરનો જૂનો સ્ટોક ૧૫,૦૦,૦૦૦ હોવાછતાં પુન: ૧૫,૦૦,૦૦૦ સ્ટીકરની છપામણી કરાવતાં રૂ! ૨,૧૪,૩૫૦/- નો વધુ ખર્ચ થવા પામેલ હતો.

આમ,ઉપરોકત ત્રણેય પ્રકારની ઉત્તરવહી/સ્ટીકરનો સ્ટોક ઉપલબ્ધ હોવાછતાં બિનજરૂરી છપામણી થકી સંસ્થાને ખૂબ જ મોટુ આર્થીક નુકશાન કરાવેલ છે,જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) જુના ટેન્ડરમાં કોઇ જોગવાઇ નહીં હોવાછતાં ઉપરોકત ઉત્તરવહીઓની છપામણીનાં બિલોમાં ૪% લેખે રૂ! ૭૧,૪૩૬/- નો વેટ ગણી ઉકત બિલોનુ ચુકવણું કરવા અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) ટેન્ડરમાં દર્શાવેલ ઉત્તરવહીઓની સાઇઝ તથા વજન બાબતે સંસ્થાએ વૈજ્ઞાનિક પરિક્ષણ કરાવ્યા બાબતના કોઇ આધાર રજુ થયેલ ન હોઇ ઉત્તરવહીઓ ટેન્ડરની શરતોમુજબ જ છપાઇને આવી હોવાના વ્યાજબીપણાની ખરાઇ થઇ શકતી નથી.

(૦૬) સંસ્થાનો પોતાનો પ્રેસ ઉપલબ્ધ હોવાછતાં ઉત્તરવહીઓનું છાપકામ ખાનગી એજન્સીઓને આપવાથી યુનિવર્સિટીને ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થીક નુકશાન થવા પામેલ છે,તેમજ આવા લાભથી સંસ્થા વંચિત રહેલ છે.મુદ્રણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલિત ધોરણે એટલે કે નહી નફો નહી નુકશાનના ધોરણે પ્રેસ હોવાછતાં ઉપરાંત યુનિવર્સિટી પ્રેસ ખાતે અધતન પ્રકારની મશીનરી માટે જંગી નાણાનુ

રોકાણ કરેલ હોવાછતાં સંસ્થાને તેનો લાભ મળી શકતો નથી.તેથી યુનિવર્સિટી પ્રેસ સ્થાપનાનો હેતુ સિધ્ધ થઇ શકેલ નથી.જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૭) સંસ્થાની પરીક્ષાઓના સંદર્ભમાં વધુ આવશ્યકતા ઉભી થતાં સંસ્થાના પ્રેસ પત્રાંક-નં.ર તા.૪/૧૨/૧૨ થી "નવનીત પબ્લીકેશન (આઇ)લી,અમદાવાદ"ને ર૪ પેજની દસ લાખ મુખ્ય ઉત્તરવહી,૮ પેજની વીસ લાખ પૂરક ઉત્તરવહી,4X3 ખાખી સ્ટીકર ૪૦ લાખની છપામણીનો વર્કઓર્ડર આપવામાં હતો.તેમાં એકઝીકયુટીવ કાઉન્સીલની પૂર્વ મંજૂરી મેળવવામાં આવેલ નહોતી,તેમજ સંસ્થાએ આપેલ જાહેરખબરથી મંગાવેલ ટેન્ડર ભાવોને પણ ધ્યાને લેવામાં આવેલ નહોતા.સદરહુ વર્કઓર્ડર ગત વર્ષના જુના ભાવોને ધ્યાને લઇ આપવામાં આવેલ હતો.પરિણામે,સ્પર્ધાત્મક ભાવોનો લાભ સંસ્થાને મળેલ ન હોઇ આર્થિક દ્રષ્ટિએ બહોળુ નુકશાન થયાનો અન્વેષણને સંદેહ છે,જે અંગે જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૮) ઉપરોકત ક્રમ-૭ ની વિગત ખાનગી એજન્સીને છપામણીનો વર્કઓર્ડર મળતાં તે એજન્સીને છપામણીનો વર્કઓર્ડર મળતાં તે એજન્સી દ્વારા કામગીરી પૂર્ણ કરી એજન્સીએ તેમના તા.૪/૧/૧૩ ના પત્રથી "જયાંસુધી ટેન્ડર ખોલવા અંગેની પ્રોસેસ પૂરી ન થાય ત્યાં સુધી રૂ!૬૦,૦૦,૦૦૦/-(સાઇઠ લાખ પૂરા)નુ એડહોક ચુકવણુ કરવા વિનંતી કરેલ હતી,જેના સંદર્ભમાં પ્રેસ વિભાગની તા.૧૮/૧/૧૩ ની નોંધ ઉપર સદરહુ એજન્સીને તેમની માગણી મુજબ રૂ!૬૦,૦૦,૦૦૦/- નુ એડહોક ચુકવણુ કરવાનો કુલપતિશ્રીએ આદેશ આપેલ હતો.તે અન્વયે પ્રા.વાં.ના પ્રારંભમાં દર્શાવેલ વા.નં.૧૦૧૮૪ તેમજ વા.નં.૧૦૩૯૭ તા.૩૧/૩/૧૩ થી સદરહુ કુલ રકમ રૂ!૧,૩૨,૫૧,૪૦૦/-"અનપેઇડ બિલ" સદરે હવાલાથી મૂકવામાં આવેલ હોવાનુ જણાઇ આવે છે.આમ,ટેન્ડર ખોલવા અને તેની મંજુરી મળવાની અપેક્ષાએ કામગીરી કરાવવા તથા એડહોક ચુકવણાની મંજુરીની પ્રક્રિયા કેટલે અંશે સુસંગત ગણી શકાય ? નિયમોના આધાર સહ જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૯) પ્રેસ વિભાગના તા.૧૮/૧/૧૩ ના પત્રમાં દર્શાવ્યા મુજબ ઉપરોકત એજન્સીને આપવામાં આવેલ વર્કઓર્ડરની શરત નં.૩ મુજબ ઉત્તરવહીઓને જમણી બાજુ નિયત સ્થાને હોલ કરવામાં આવેલ નથી.તદુપરાંત ઉત્તરવહીઓમાં સળંગ સિલાઇને

બદલે ગમીંગ કરવામાં આવેલ છે.જેવી વિવિધ ખામીઓ હોવાછતાં ઉપરોકત વિગતે એડહોક ચુકવણીની મંજુરી આપવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૧૦) ઉપરોકત તા.૪/૧૨/૧૨ ના વર્કઓર્ડરથી છપામણી માટેના ઓર્ડર તથા તે સંદર્ભમાં છપાવીને સંસ્થાને પૂરી પાડવામાં આવેલ ઉત્તરવહીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ઓર્ડર મુજબ ઉત્તરવહી | છપાઇને આવેલ ઉત્તરવહી | ઘટ (ઉત્તરવહી) |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | ૨૪ પેઇજ મુખ્ય ઉત્તરવહી સંખ્યા દસ લાખ | ૧૦,૦૦,૦૦૦(દસ લાખ) | ૦૦ |
| ૦૨ | ૦૮ પેઇજ પૂરક ઉત્તરવહી સંખ્યા વીસ લાખ | ૫,૨૫,૦૦૦(પાંચ લાખ પચીસ હજાર) | ૧૪,૭૫,૦૦૦ |
| ૦૩ | ૪X૩ ખાખી સ્ટીકર સંખ્યા ચાલીસ લાખ | ૯,૬૧,૦૦૦(નવ લાખ એકસઠ હજાર) | ૩૦,૩૯,૦૦૦ |

પ્રેસ શાખાના તા.૧૮/૧/૧૩ ના પત્રની વિગતો મુજબ એજન્સીને આપવામાં આવેલ વર્કઓર્ડરના પ્રમાણમાં એજન્સીએ ખૂબ જ ઓછા પ્રમાણમાં કામગીરી પૂર્ણ કરેલ હોવાછતાં એડહોક ધોરણે રૂ! ૬૦ લાખ ચૂકવવાંની મંજૂરી આપવા અંગે જાવબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૧૧) પ્રેસ વિભાગના તા.૧૮/૧/૧૩ ની વિગતો મુજબ ખાનગી એજન્સી દ્વારા નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ નહીં થવાથી એજન્સીએ તા.૨૧/૧૨/૧૨ ના પત્રથી મુદત વધારાની માગણી કરેલ હતી.(પત્રની નકલ ફાઇલમાં સામેલ નથી) સદરહુ કાર્યવાહી તા.૮/૧/૧૩ ના રોજ પૂર્ણ થયાનુ જણાવેલ છે.તે બાબત ધ્યાને લેતાં વર્કઓર્ડરની શરત ક્રમાંક-૯ નુ ઉલ્લઘન હોઇ તા.૨૩/૧૨/૧૨ થી તા.૮/૧/૧૩ સુધીના પ્રતિદિન રૂ! ૫૦૦૦/-લેખે દિન-૧૭ નો દંડ રૂ!૮૫૦૦૦/- જવાબદારથી વસુલ મેળવી જમાના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા /પૂર્તતા થતાં સુધી દર્શાવેલ

ખર્ચ  રૂ! ૧,૫૧,૫૩,૨૧૨/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં. ૯૭ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૧,૫૧,૫૩,૨૧૨/-

દંડ વસુલાત રૂ! ૮૫,000/-

ફકરા નંબર-45

*પ્રાપ્ત રજાનુ રોકડમાં રૂપાંતર ની ચુકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ કેશબુક સાથે ખર્ચ વાઉચરોની ચકાસણી પ્રાપ્ત રજાનુ રોકડમાં રૂપાંતર ની વાઉચર નં. ૮૮૫૭ તા.૦૧/૦૩/૨૦૧૩ થી રૂ! ૬,૬૫,૨૭૦ /- ની ચુકવણી નીચેની વિગતે કરેલ હતી.

| અન.ં. | કર્મચારીનુ નામ | હોદ્દો | રજા ની વિગત | ચુકવેલ રકમ રૂ ! | ચુકવવાપાત્ર રકમ રૂ ! | વસુલાત પાત્ર રકમ રૂ ! |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૦૧ | શ્રી એન.કે.પાઠક | પ્રોફેસર | પ્રા-.રજા. ૧૯૨ મેડી-રજા. ૨૩૯ | ૬૬૫૨૭૦- | ૫૪૫૫૨૨- | ૧૧૯૭૪૮- |
| | | | | કુલ રૂ ! | | ૧૧૯૭૪૮- |

ઓડીટનોંધ :-

(૦૧) ગુજરાત સરકારશ્રી ના નાણાં વિભાગના તા.૧૫/૧/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: પીજીઆર.૧૦૦૯-૧૬-પેય સેલ(એમ) થી નિવૃત્ત થતા કર્મચારી /અધિકારીશ્રીને નિવૃત્તિ સમય પ્રાપ્ત રજા દિન-300ની મર્યાદામાં મંજુર કરવાનુ રહે છે .પ્રાપ્ત રજા નિવૃત્તિ તારીખે દિન-300 સિલકમાં ન હોય તો બાકી રહેતી મેડીકલ રજા ઉમેરી દિન-300 નુ ચુકવણુ કરવાનુ રહે છે પરંતુ ઉમેરાયેલ મેડીકલ રજા ની અડધી રકમ મંજુર કરવાની રહે છે.

(૦૨) સદરહુ બીલમાં સક્ષમ અધિકારીશ્રી એ શ્રી પાઠકની દિન-૧૦૮ મેડીકલ રજા ઉમેરી, પૂરી રકમ ચુકવેલ છે .જે મંજુર કરી શકાય નહિ.જેથી કોષ્ટકની વિગતે વધુ ચુકવાયેલ રકમ રૂ! ૧૧૯૭૪૮/-ની વસુલાત કરી પાકા સદરે જમા કરાવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પા.વા.નં.૯૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂ!.૧૧૯૭૪૮/-

<u>ફકરા નંબર-46</u>

==========================================================

*વાઉચરમાં દર્શાવેલ રકમ અને કેશબુકમાં લખવામાં આવેલ રકમમાં તફાવત આવવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ ના અન્વેષણ દરમ્યાન કેશબુક સાથે વાઉચરોની ચકાસણી કરતાં કેશબુકમાં વાઉચર મુજબની રકમ અને કેશબુક મુજબની રકમમાં આ સાથે સામેલ રાખેલ પરિ-૦૧ મુજબ રૂ!૬૦૪૭૯૦/- તફાવત જણાયેલ છે ઉકત તફાવત ખરેખર કેવા કારણોસર આવેલ છે.કેશબુક એક હિસાબી/નાણાંકિય બાબતનુ અગત્યનુ રેકર્ડ હોઇ જેમાં આવક-ખર્ચ અંગેની વિગતો દર્શાવવામાં આવતી હોય છે.જે આવક/ખર્ચ ના આધારે અન્ય હિસાબી રજીસ્ટરોમાં જરૂરી નોંધ થતી હોય છે.તદ ઉપરાંત વાર્ષિક હિસાબો પણ તૈયાર થતાં હોય છે.આ તફાવતનાં કારણે જો અસરો આપવામાં ન આવેલ હોય તો અન્ય પણ વિસંગતા ઉભી થાય છે. આ ઉપરાંત ધ્યાન ખેંચતી બાબત એ છે કે વાઉચર ફાઇલમાં રાખેલ છપેલ વાઉચરોમાં બનાવનાર ચેક કરનાર અને હિસાબી અધિકારીશ્રીએ સહી કરવાની વિગત દર્શાવેલ છે પરંતુ બનાવનાર સિવાય કોઇની પણ સહી નથી અને તેથી અન્ય કોઇ કક્ષાએ ચકાસણી થયેલ ન હોવાથી આવી ક્ષતિઓ રહેવા પામેલ છે.આ ઉપરાંત ૩૧/૩/૧૩ ના રોજ ઘણા બધા વાઉચરોથી ફંડ કોડ લખવાની ભૂલ,રકમ લખવાની ભૂલ,સદરની ભૂલને કારણે થયેલ ક્ષતિઓનાસુધારા વાઉચરો બનાવતાં સમયે યોગ્ય ચકાસણી થતી નથી અને વાઉચરના આધારે કેશબુક,લેઝર અને વાર્ષિક હિસાબ બનતા હોવાથી તેમાં પણ ક્ષતિઓ રહે છે.પરિણામ સ્વરૂપે લાંબા ગાળા સુધી બેંક મેળવણામાં પણ આ બાબત ખેંચાય છે.વાર્ષિક હિસાબ પણ ક્ષતિયુકત રહે તેવી શકયતાઓ છે તેથી તમામ વાઉચરો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરી ઓડીટમાં રજુ થવા ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૯૫ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

=================================================================

## કેશબુકે મંજુરી કરતાં ઓછી/વધુ રકમ જમા લીધેલ રકમનુ પરિશિષ્ટ-૧

=================================================================

| અ.નં. | વાઉચર નં. | તારીખ | એકાઉન્ટ કોડ | વાઉચરની રકમ | વધુઓછી / રકમ | વિગત |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૦૧ | ૪૧૪ | ૨૧/૪/૧૨ | ૯૩૦૮૦૦૧ | ૧૧૬૨/- | -૧૬૨- | મંજુરી રૂ.૧૦૦૦/- |
| ૦૨ | ૯૩૪ | ૯/૫/૧૨ | ૭૭૧૪૦૦૦ | ૧૭૭૪૨/- | -૩૦૦- | બીલ રૂ.૧૭૪૪૨/- |
| ૦૩ | ૧૩૨૬ | ૨૩/૫/૧૨ | ૨૧૨૭૦૦૮ | ૮૬૮૮૨/- | -૩૦૦૦- | બીલ રૂ.૮૩૮૮૨/- |
| ૦૪ | ૫૪૯૮ | ૩૦/૧૦/૧૨ | ૦૭૦૧૦૦૨ | ૧૮,૧૪૮/- | -૧૫૧૪૮- | મંજુરી રૂ.૩૦૦૦/- |
| ૦૫ | ૬૫૭૬ | ૧૨/૧૨/૧૨ | ૧૦૨૫૦૦૦ | ૫૩૦૦/- | -૩૧૮૦- | મંજુરી રૂ.૨૧૨૦/- |
| ૦૬ | ૬૬૫૯ | ૧૩/૧૨/૧૨ | ૯૩૫૧૦૬૧ | ૧૮૨૪૦૧/- | -૨૦૦૦- | કેશબુકે રૂ.૧૮૪૪૦૧/- |
| ૦૭ | ૯૮૬૦ | ૩૧/૩/૧૩ | ૭૯૦૪૦૧૫ | ૧૦૧૪૦૦/- | -૯૦૦૦+ | મંજુરી/બીલ રૂ.૧૧૦૪૦૦/- |
| ૦૮ | ૫૩૧ | ૩૦/૪/૧૨ | ૩૯૦૩૦૦૦ | ૩૬૭૦૮/- | -૧૮૦૦- | મંજુરી/બીલ રૂ.૩૪૯૦૮/- |
| ૦૯ | ૫૩૨ | ૩૦/૪/૧૨ | ૩૯૦૩૦૦૦ | ૫૨૯૧૬/- | -૧૨૫૦- | મંજુરી રૂ.૫૧૬૬૬/- |
| ૧૦ | ૧૧૧૨ | ૧૫/૫/૧૨ | ૩૫૦૧૦૦૦ | ૬૯૨૫/- | -૧૦૦+ | કેશબુકે રૂ.૬૮૨૫/- |
| ૧૧ | ૫૭૫૮ | ૩/૧૧/૧૨ | ૦૪૦૨૧૦૫ | ૨૦૫૨૨/- | -૨૦૦- | બીલ/મંજુરી રૂ.૨૦૩૨૨/- |
| ૧૨ | ૯૪૧૪ | ૧૯/૩/૧૩ | ૨૧૨૭૦૧૫ | ૧૧૩૫૬/- | -૧૦- | કેશબુકે રૂ.૧૧૩૬૬/- |
| ૧૩ | ૯૪૭૪ | ૨૧/૩/૧૩ | ૯૩૦૪૦૦૬ | ૫૦૦૦૦/- | -૪૫૦૦૦+ | કેશબુકે રૂ.૫૦૦૦/- |
| ૧૪ | ૯૫૯૮ | ૨૬/૩/૧૩ | ૫૭૦૩૦૦૧ | ૪૦૬૦/- | -૧૦+ | કેશબુકે રૂ.૪૦૫૦/- |
| | | | | | | |

## કેશબુકે નોંધાયેલ ખોટા કોડ નંબરનુ પરિશિષ્ટ-૧

| અ નં. | વાઉચર નંબર | તારીખ | ખોટો કોડ નંબર | રકમ | સાચો કોડ નંબર |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૦૧ | ૬૬૦૩ | ૧૨૧૨/૧૨/ | ૯૩૨૬૦૦૦ | ૪૨૭૦૪૮/- | ૩૫૨૪૦૦૨ |
| ૦૨ | ૭૧૦૦ | ૩૧૧૨/૧૨/ | ૮૧૦૧૦૪૮ | ૨૮૯૯૯૨૫/- | ૭૭૧૨૦૦૦ |
| ૦૩ | ૭૧૦૧ | ૩૧૧૨/૧૨/ | ૦૪૦૩૩૦૭ | ૪૯૧૦/- | ૦૪૦૩૦૦૭ |
| ૦૪ | ૭૧૦૨ | ૩૧૧૨/૧૨/ | ૪૦૩૩૦૭ | ૭૪૮/- | ૦૪૦૩૦૦૭ |
| ૦૫ | ૭૧૦૩ | ૩૧૧૨/૧૨/ | ૭૯૦૨૦૧૦ | ૪૨૮૦/- | ૭૯૦૧૦૨૦ |

ફકરા નંબર-47

==========================================================

*પ્રશ્નપત્રો છપામણીના ખર્ચનુ રેકર્ડ/દસ્તાવેજો રજુ કરવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની તપાસણી ની કાર્યવાહી પ્રગતિમાં છે.સંસ્થાના ૨૦૧૨/૧૩ના વાર્ષિક હિસાબોની વિગત મુજબ પરીક્ષા સદર હેઠળ થયેલ માતબર ખર્ચ રૂ! ૩,૧૯,૭૭,૮૫૬/- ની ધોરણસરની ચકાસણી માટે રેકર્ડ રજુ કરવા સારૂ ખર્ચ સબંધી આવશ્યક રેકર્ડ/દસ્તાવેજોની વિગત સહિતનો પ્રાથમિક વાંધા અત્રેના પ્રા.વા.નં.૭૦ તા.૧૫/૨/૧૭ તથા ક્રમ નં.૯૩ તા.૨૭/૨/૧૭ તથા થી આપવામાં આવેલ હતા.તે પ્રાથમિક વાંધામાં દર્શાવ્યા મુજબનું રેકર્ડ અન્વેષણની ચકાસણી માટે રજુ થવા પામેલ નથી.

ઓડીટનોંધ :-

સંસ્થાના લેજર કોડ નં.૩૫૧૫૦૦૦ હેઠળ પરીક્ષાના પ્રશ્નપત્રોની છપામણી પેટે વિવિધ વાઉચરોથી સબંધિત એજન્સીઓને રૂ! ૩,૧૯,૭૭,૮૫૬/- નુ ચુકવણું કરેલ હોવાનુ જણાઇ આવેલ છે.પરંતુ સદરહુ ખર્ચ માટે સંસ્થાએ આપેલ જાહેરાત,જાહેરાતના સંદર્ભમાં ભરાઇને આવેલ ટેન્ડરો,ટેકનીકલ/કોમર્શીય બીડ,ટેન્ડરોનુ તુલ્નાત્મક પત્રક,વર્ક ઓર્ડરની ફાઇલ,એજન્સીએ પૂરા પાડેલ સ્ટોક નોંધણી રજિસ્ટરો,વહેંચણી અને જમા સ્ટોક રજિસ્ટરો,ટેન્ડર ફી રજિસ્ટર,ટેન્ડર ડીપોઝીટ રજિસ્ટર વગેરે રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણની ચકાસણી માટે રજુ થયેલ ન હોઇ જેની ધોરણસરની ચકાસણી થઇ શકેલ નથી

સબબ પ્રશ્નતળેનુ સાધનિક રેકર્ડ અન્વેષણમાં રજુ કરી ખાત્રી કરાવતાં સુધી દર્શાવેલ ખર્ચ રૂ! ૩,૧૯,૭૭,૮૫૬/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૯૩ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂ! ૩.૧૯.૭૭.૮૫૬/-

<u>ફકરા નંબર-48</u>

==========================================================

*અન્ય "કર ખર્ચ " સદરે થયેલ ખર્ચની માહિતી તથા તે અંગેનું સાધનિક રેકર્ડ રજુ કરવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની તપાસણી દરમ્યાન રજુ થયેલ વાર્ષિક હિસાબોનુ અવલોકન કરતાં વાર્ષિક હિસાબોના ખર્ચ ક્રમાંક.૮(૨)(પાન નં.૬) ઉપર અન્ય કર ખર્ચ સદર હેઠળ રૂ| ૧,૦૦,૬૦,૫૯૨.૯૭ નો ખર્ચ થયેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે,જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ :-</u>

(૦૧) ઉપરોકત વિગતો ધ્યાને લેતાં અન્ય કર ખર્ચ પેટે રૂપિયા એક કરોડ કરતાં વધુ રકમની ચુકવણી કરવામાં આવી હોવાનુ સ્પષ્ટ થાય છે.સદરહુ 'અન્ય કર ખર્ચ હેઠળ કયા કયા કર આવરી લેવામાં આવેલ છે તેની વિગતો સ્પષ્ટ થતી નથી.સંસ્થાના લેજરબુકમાં વિવિધ કોડ નંબર હેઠળ અલગ-અલગ કરની ચુકવણી થતી હોવાથી ખર્ચનું પ્રમાણ ઓછું જણાય છે.પરંતુ આવા અલગ અલગ કોડ હેઠળના ખર્ચને સંયુકત ધોરણે ગણતરીમાં લેતાં સંસ્થાએ કર સદર હેઠળ માતબર ખર્ચ/ચુકવણી કરી હોવાનું સ્પષ્ટ થાય છે.તેથી ઉકત ખર્ચનુ લેજરકોડ અન્વયે પૃથ્થકરણ કરી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) વિવિધ લેજરકોડ હેઠળ થયેલ ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી કરવા સારૂ તે સંલગ્ન તમામ માહિતી તથા સાધનિક દસ્તાવેજો સત્વરે સંબંધિત શાખા/ભવનોમાંથી મેળવી અન્વેષણમાં રજુ થવા ઘટે.

(03) સંસ્થાની વિવિધ કમિટિઓ દ્વારા ઉપરોકત ખર્ચને યોગ્ય મંજુરી આપવામાં આવેલ હોય તો તેની વિગતો/રેકર્ડ પણ અન્વેષણની ખરાઇ માટે રજુ થવુ ઘટે.સદરહુ ખર્ચ સંદર્ભમાં સંસ્થાએ કરેલ ઠરાવો/કરાર વગેરે અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૯૨ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ રૂ| ૧.૦૦.૬૦.૫૯૨.૯૭

ફકરા નંબર-49

==================================================================

***" યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ " સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં "બીજા ફંડો પરિશિષ્ટ-એ" માં યુનિ.એજ્યુ.રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ" સદરે નીચે દર્શાવેલ વિગતે સ્થિતિ ધ્યાને આવેલ હતી.

| | |
|---|---|
| (૦૧) વર્ષ ૨૦૧૧/૧૨ ના અંતે સિલક | રૂ! ૧૪,૬૭,૪૯,૯૭૧=૭૭ |
| (૦૨) ૨૦૧૨/૧૩ દરમ્યાન થયેલ ઉમેરો | રૂ! ૯,૭૩,૮૮,૬૪૨=૨૫ |
| (૦૩) કુલ સિલક | રૂ! ૨૪,૪૧,૩૮,૬૧૪=૦૨ |
| (૦૪) ૨૦૧૨/૧૩ દરમ્યાન રોકાણ/ખર્ચ | રૂ! ૧૩,૭૦,૦૭,૧૦૧=૦૦ |
| (૦૫) ૩૧/૩/૧૩ ના રોજ બંધ સિલક | રૂ! ૧૦,૭૧,૩૧,૫૧૩=૦૨ |

ઉપરોકત કોલમ-૪ માં દર્શાવ્યા મુજબ તપાસણી વર્ષ દરમ્યાન રૂ! ૧૩,૭૦,૦૭,૧૦૧=૦૦ નો ખર્ચ થયેલ હોવાનું દર્શાવેલ છે.તે સંદર્ભમાં સંસ્થાના લેજરકોડ 7712000 હેઠળ ખર્ચની વિગતવાર આંકડાકિય વિગતો દર્શાવી છે. સદરહુ લેજરકોડ હેઠળ દર્શાવેલ ખર્ચ પૈકી અન્વેષણ વર્તુળ દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ પસંદગીના વાઉચરોની ચકાસણી કરેલ હતી.જે અંગે અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પ્રત્યેક વાઉચરોની લઘુતમ રકમ રૂપિયા દસ લાખથી વધુની છે,તે બાબતને ધ્યાને લેતાં સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક/એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/૨૧,તા.૮/૭/૨૦૧૧ થી નિયત કરેલ રૂ! પાંચ લાખથી વધુની ખરીદી માટે ઇટેન્ડરીંગની પ્રક્રિયાને અનુસર્યા વિના ખરીદી/કામો કરાવેલ છે,જે નિયમો સાથે સુસંગત નથી.પરિશિષ્ટમાં દર્શાવેલ વિવિધ ખરીદી/કામો માટે ઉકત ઇટેન્ડારીંગ પ્રક્રિયાથી બહોળા સ્પર્ધાત્મક ભાવો મેળવી કામો કરાવેલ હોત તો સંસ્થાને વધુ આર્થિક લાભ મળી શકયો હોત.સદરહુ પ્રક્રિયા નહીં અનુસરવા થકી સંસ્થાએ આર્થિક લાભ ગુમાવેલ છે,જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચ પૈકી મહત્તમ ખર્ચ સંસ્થાના કન્વેન્શન હોલના બાંધકામ સંદર્ભમાં થયેલ હોવાનું જણાઇ આવે છે.સદરહુ કામો સંસ્થાએ ટેન્ડર પધ્ધતિથી કરાવેલ છે.તપાસણી વર્ષ ૨૦૧૨/૧૩ માં પૂર્ણ થયેલ હોય તેવા કામોની વિગતો પ્રા.વાં.ક્રમાંક- ૬,તા.૧૩/૧૨/૧૬ થી માંગવામાં આવેલ હતી.સદરહુ રજુ કરવા વારંવાર મૌખિક તેમજ પ્રા.વા.ક્રમાંક-૬૦ તા,૨૫/૧/૧૭ તથા પ્રા.વા.ક્રમાંક-૯૦ તા.૨૩/૨/૧૭ થી માંગવા છતાં અન્વેષણમાં રજુ થવા પામેલ ન હોઇ તપાસણી વર્ષમાં પૂર્ણ થયેલ કામોની ધોરણસરની ચકાસણી શકય બનેલ નથી.જે અંગે સ્પસઃટતા થવી ઘટે.

(૦૩) પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચ વાર્ષિક હિસાબોમાં "બીજા ફંડો" સદર હેઠળ કરવામાં આવેલ છે.સદરહુ "બીજી ફંડ"સદર હેઠળ કરવાના ખર્ચ સંદર્ભમાં સંસ્થાએ કોઇ નિયમો/ધારાધોરણો નિયત કરવામાં આવેલ હોય તો તે રજુ કરવા જણાવતાં તે રજુ થયેલ ન હોઇ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચના યથાર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સંસ્થાના વર્ષ ૨૦૧૨/૧૩ ના નાણાંકિય વર્ષના અંદાજપત્રમાં સદરહુ ફંડની આવક તથ ખર્ચના અંદાજોની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી.આમ,સદરહુ ફંડ સંસ્થાના હિસાબોનો ભાગ હોવાછતાં તેનો સમાવેશ વાર્ષિક અંદાજોમાં નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) ઉપરોકત ફંડના વ્યાજના હિસાબો માટે સંસ્થાએ નિયત રેકર્ડ/રજિસ્ટર નિભાવેલ હોય તો તે અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા તેમજ ખાતરી કરાવતાં સુધી વેપારી એજન્સીઓને કરેલ ચુકવણાની ઉપરોકત રકમ રૂ! ૧૧,૪૨,૮૦,૧૬૮/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં. ૧૦૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૧૧,૪૨,૮૦,૧૬૮/-

" યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ " સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.

| અ નં | વા.નં. | તારીખ | રકમ | ખર્ચની વિગત | પાર્ટી/એજન્સીનું નામ | કોડ નંબર |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | 965 | 09-05-12 | 13992847 | યુનિ. કન્વેશન હોલના Hvac ના કોન્ટ્રાકટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Uday Buildcon Pvt.ltd. | 7712000 |
| 02 | 1511 | 15-11-12 | 10425211 | યુનિ. કન્વેશન હોલના Ac હોલના Phase 3 ના કોન્ટ્રાકટરના 11 th Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Blue Star ltd. | 7712000 |
| 03 | 3751 | 20-08-12 | 17824426 | યુનિ. કન્વેશન હોલના AC(Phase 3) અંગેના કામોના કોન્ટ્રાકટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Hitachi Home & Life Solution ltd. | 7712000 |
| 04 | 5412 | 23-10-12 | 19027108 | યુનિ. કન્વેશન હોલના False Ceiling અંગેના કામોના કોન્ટ્રાકટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Preksha Interiors pvt.ltd. | 7712000 |
| 05 | 1741 | 06-06-12 | 2109358 | પરીક્ષા ભવનના હોલ B ના Interier કામોના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Chitra Interiors Pvt.ltd. | 7712000 |
| 06 | 1951 | 13-06-12 | 2125264 | પરીક્ષા ભવનના હોલ A ના Interier કામોના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Chitra Interiors Pvt.ltd. | 7712000 |
| 07 | 1954 | 13-06-12 | 2899925 | યુનિ. કન્વેશન હોલના Carpet અંગેના કામોના કોન્ટ્રાકટરના 2 nd & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Fairway Marketing | 7712000 |

(૦૨) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચ પૈકી મહત્તમ ખર્ચ સંસ્થાના કન્વેન્શન હોલના બાંધકામ સંદર્ભમાં થયેલ હોવાનું જણાઇ આવે છે.સદરહુ કામો સંસ્થાએ ટેન્ડર પધ્ધતિથી કરાવેલ છે.તપાસણી વર્ષ ૨૦૧૨/૧૩ માં પૂર્ણ થયેલ હોય તેવા કામોની વિગતો પ્રા.વાં.ક્રમાંક- ૬,તા.૧૩/૧૨/૧૬ થી માંગવામાં આવેલ હતી.સદરહુ રજૂ કરવા વારંવાર મૌખિક તેમજ પ્રા.વા.ક્રમાંક-૬૦ તા,૨૫/૧/૧૭ તથા પ્રા.વા.ક્રમાંક-૯૦ તા.૨૩/૨/૧૭ થી માંગવા છતાં અન્વેષણમાં રજુ થવા પામેલ ન હોઇ તપાસણી વર્ષમાં પૂર્ણ થયેલ કામોની ધોરણસરની ચકાસણી શકય બનેલ નથી.જે અંગે સ્પસઃટતા થવી ઘટે.

(૦૩) પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચ વાર્ષિક હિસાબોમાં "બીજી ફંડો" સદર હેઠળ કરવામાં આવેલ છે.સદરહુ "બીજી ફંડ"સદર હેઠળ કરવાના ખર્ચ સંદર્ભમાં સંસ્થાએ કોઇ નિયમો/ધારાધોરણો નિયત કરવામાં આવેલ હોય તો તે રજુ કરવા જણાવતાં તે રજુ થયેલ ન હોઇ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચના યથાર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સંસ્થાના વર્ષ ૨૦૧૨/૧૩ ના નાણાંકિય વર્ષના અંદાજપત્રમાં સદરહુ ફંડની આવક તથ ખર્ચના અંદાજોની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી.આમ,સદરહુ ફંડ સંસ્થાના હિસાબોનો ભાગ હોવાછતાં તેનો સમાવેશ વાર્ષિક અંદાજોમાં નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) ઉપરોકત ફંડના વ્યાજના હિસાબો માટે સંસ્થાએ નિયત રેકર્ડ/રજિસ્ટર નિભાવેલ હોય તો તે અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા તેમજ ખાતરી કરાવતાં સુધી વેપારી એજન્સીઓને કરેલ ચુકવણાની ઉપરોકત રકમ રૂ! ૧૧,૪૨,૮૦,૧૬૮/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં. ૧૦૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૧૧,૪૨,૮૦,૧૬૮/-

" યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ " સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.

| અ નં | વા.નં. | તારીખ | રકમ | ખર્ચની વિગત | પાર્ટી/એજન્સીનું નામ | ફંડ નંબર |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | 965 | 09-05-12 | 13992847 | યુનિ. કન્વેશન હોલના Hvacના કોન્ટ્રાક્ટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Uday Buildcon Pvt.ltd. | 7712000 |
| 02 | 1511 | 15-11-12 | 10425211 | યુનિ. કન્વેશન હોલના Ac હોલના Phase 3 ના કોન્ટ્રાક્ટરના 11 th Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Blue Star ltd. | 7712000 |
| 03 | 3751 | 20-08-12 | 17824426 | યુનિ. કન્વેશન હોલના AC(Phase 3) અંગેના કામોના કોન્ટ્રાક્ટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Hitachi Home & Life Solution ltd. | 7712000 |
| 04 | 5412 | 23-10-12 | 19027108 | યુનિ. કન્વેશન હોલના False Ceiling અંગેના કામોના કોન્ટ્રાક્ટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Preksha Interiors pvt.ltd. | 7712000 |
| 05 | 1741 | 06-06-12 | 2109358 | પરીક્ષા ભવનના હોલ B ના Interier કામોના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Chitra Interiors Pvt.ltd. | 7712000 |
| 06 | 1951 | 13-06-12 | 2125264 | પરીક્ષા ભવનના હોલ A ના Interier કામોના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Chitra Interiors Pvt.ltd. | 7712000 |
| 07 | 1954 | 13-06-12 | 2899925 | યુનિ. કન્વેશન હોલના Carpet અંગેના કામોના કોન્ટ્રાક્ટરના 2 nd & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Fairway Marketing | 7712000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 08 | 1959 | 13-06-12 | 7355430 | યુનિ.કન્વેશન હોલના ફર્નિચર અંગેના કામોના કોન્ટ્રાકટરના 7 th & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Comfy Furniture Centre | 7712000 |
| 09 | 2226 | 22-06-12 | 3084730 | યુનિ. કન્વેશન હોલના Stage Lightiong કામોના કોન્ટ્રાકટરના Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Shah Audio Infotech Pvt.ltd. | 7712000 |
| 10 | 2243 | 25-06-12 | 2666500 | યુનિ. કન્વેશન હોલના Carpet અંગેના કામોના કોન્ટ્રાકટરના 1 St 2 nd & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Preksha Interiors Pvt.ltd. | 7712000 |
| 11 | 2245 | 25-06-12 | 9698567 | યુનિ. કન્વેશન હોલના ખુરશીઓ અંગેના કામોના કોન્ટ્રાકટરના 5 th & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Hof Global Venture | 7712000 |
| 12 | 2268 | 26-06-12 | 7630682 | યુનિ. કન્વેશન હોલના Fire Fighting System અંગેના કામોના કોન્ટ્રાકટરના 4 th & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Destiny Zone Security System | 7712000 |
| 13 | 2860 | 13-07-12 | 7647524 | યુનિ. કન્વેશન હોલના બાંધકામના કોન્ટ્રાકટરના 3 rD & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Shah Audio Infotech Pvt.ltd. | 7712000 |
| 14 | 4198 | 06-09-12 | 3934736 | યુનિ. કન્વેશન હોલના Smoke Extraction System અંગેના કામોના કોન્ટ્રાકટરના 5 th & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | M/S. Aditi Air Conditioning pvt.ltd. | 7712000 |
| 15 | 5413 | 23-10-12 | 3857860 | યુનિ. કન્વેશન હોલના False Ceiling અંગેના કામોના કોન્ટ્રાકટરના 2 | M/S. Preksha Interiors pvt.ltd. | 7712000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | nd & Final બીલના સરભર કરી બાકીના ચૂકવ્યાં | | |
| | | | **114280168** | | | |

ફકરા નંબર-50

==================================================================

*સંસ્થા દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓના ખર્ચનુ સાધનિક રેકર્ડ રજુ નહિ થવા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ વર્ષના હિસાબોનુ અવલોકન કરતાં સંસ્થા દ્વારા લેવામાં આવેલ વિવિધ પરીક્ષાઓ સંદર્ભમાં નીચે મુજબનો ખર્ચ થયેલ હોવાનુ ધ્યાને આવેલ હતુ.

| અ.નં. | પરીક્ષાની ટુંકી વિગત | ૨૦૧૨-૧૩ નો ખર્ચ |
|---|---|---|
| ૧ | વિનયન પરીક્ષા | ૮૬૪૦૮૪૦/- |
| ૨ | વિજ્ઞાન પરીક્ષા | ૨૮૬૩૪૦૯/- |
| ૩ | તબીબી પરીક્ષા | ૨૭૭૩૮૮૮/- |
| ૪ | વાણિજ્ય પરીક્ષા | ૪૨૪૫૫૭૨/- |
| ૫ | ઇજનેરી પરીક્ષા | ૧૨૮૫૨૭૧.૫૦ |
| ૬ | રેફરી પરીક્ષા | ૬૯૫૩૪/- |
| ૭ | શિક્ષણ શાસ્ત્ર પરીક્ષા | ૩૦૦૦૦૦૦/- |
| ૮ | મુદ્રણ દોષ તપાસણી પરીક્ષા | ૧૨૪૭૦૮/- |
| ૯ | પરીક્ષા અંગેના મુસાફરી ભથ્થા | ૪૩૬૧૮૨૧/- |
| ૧૦ | પરીક્ષા દેખરેખ ખર્ચ | ૧૫૧૭૪૪૨૩/- |
| ૧૧ | પરીક્ષા માટેની લેખન સામગ્રી | ૬૫૦૭૯૭/- |
| ૧૨ | પ્રાયોગીક પરીક્ષા માટે મદદનીશોના મહેનતાણાનો ખર્ચ | ૬૨૭૫૧૨૨/- |
| ૧૩ | રસાયણો તથા સાધન સામગ્રી | ૧૦૨૯૬૦૨/- |
| ૧૪ | પરીક્ષા તાર-ટપાલ ખર્ચ | ૧૨૬૭૪૭૬/- |
| ૧૫ | કેન્દ્રો ઉપર પરીક્ષા સંચાલન ખર્ચ | ૮૧૪૮૦૯૭.૭૪ |
| ૧૬ | પરીક્ષા અધિક સમયનુ મહેનતાણુ | ૬૯૧૬૧૧/- |
| ૧૭ | પરીક્ષા ભથ્થાનો ખર્ચ | ૧૪૭૭૬૭૪.૯૬ |
| ૧૮ | પરીક્ષા ડમી નંબર સબંધી ખર્ચ | ૧૧૬૦૦૦૭૫/- |
| ૧૯ | પરીક્ષાના કોમ્પ્યુટર ખર્ચ | ૨૩૨૧૩૭૧.૬૦ |
| | કુલ | ૭,૬૦,૦૧,૨૯૩.૮૦ |

ઉપરોકત ખર્ચ સંદર્ભમાં નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ :-</u>

ગુજરાત યુનિવર્સિટીના ૨૦૧૨-૧૩ ના વર્ષના હિસાબોની તપાસણીની કાર્યવાહી તા.૦૭/૧૨/૨૦૧૬ થી હાથ ધરવામાં આવેલ હતી.અન્વેષણ સબંધી સાધનિક રેકર્ડ રજુ કરવા અન્વેષણ વર્તુળ ના પ્રા.વાંધા ક્રમાંક-૧ તા.૭/૧૨/૨૦૧૬ થી સંસ્થાને જણાવવામાં આવેલ હતું.ત્યારબાદ પ્રા.વાંધા ક્રમાંક-૩૬ તા.૦૩/૦૧/૨૦૧૭ થી પરીક્ષાલક્ષી માહિતી તથા રેકર્ડ સત્વરે રજુ કરવા સંસ્થાને જણાવવામાં આવેલ હતુ.પુનઃ પ્રાથમિક વાંધા ક્રમાંક-૬૦ તા.૨૫/૧/૨૦૧૭ થી ઉપરોકત બાબતે સ્મૃતિપત્ર પાઠવી માહિતી તથા પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ હતુ.આમછતાં પરીક્ષાશાખા દ્વારા કોઇ માહિતી કે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હતો.ત્યારબાદ પરીક્ષા ખર્ચના રેકર્ડની પુરી વિગતો દર્શાવી તમામ માહિતી /રેકર્ડ રજુ કરવા પ્રાથમિક વાંધા ક્રમાંક-૭૦ તા.૧૫/૨/૨૦૧૭ થી સંસ્થાને જણાવવા છતાં પરીક્ષાશાખા તરફથી કોઇ પ્રત્યુત્તર કે રેકર્ડ રજુ કરવામાં આવેલ ન હતુ.આમ,વારંવારની વિનંતી છતાં સંસ્થાએ ઉપરોકત રેકર્ડ રજુ ન કરતાં છેવટે પ્રશ્નપત્ર છપામણી માટે થયેલ ખર્ચ રૂ.૩,૧૯,૭૭,૮૫૬/- સબંધી રેકર્ડ રજુ કરવા પ્રાથમિક વાંધા ક્રમાંક-૯૩ તા.૨૭/૨/૨૦૧૭ થી સંસ્થાને જણાવેલ હતુ.છતાં સદરહુ રેકર્ડ અન્વેષણની ચકાસણી માટે રજુ થયેલ ન હતુ.

ઉપરોકત વિગતે પરીક્ષા ખર્ચ રૂ. ૭,૬૦,૦૧,૨૯૩.૮૦ ની ધોરણસરની ચકાસણી કરવા સારૂ ઉપરોકત રેકર્ડ રજુ કરવુ આવશ્યક છે.જે અન્વેષણની વારંવારની મૌખીક તેમજ લેખીત જાણ છતાં સબંધિત દ્વારા પ્રત્યુત્તર પાઠવવા તથા રેકર્ડ રજુ કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ નથી .સબબ પ્રશ્નતળેનુ તથા સાધનિક રેકર્ડ રજુ નહિ કરવા અંગે સબંધિતથી સ્પષ્ટતા થવી ઘટે.રેકર્ડ રજુ કરી ખાત્રી કરાવતાં સુધી થયેલ ખર્ચ રૂ. ૭,૬૦,૦૧,૨૯૩.૮૦ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પા.વા.નં. ૩૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ. ૭,૬૦,૦૧,૨૯૩.૮૦

<u>ફકરા નંબર-51</u>

==============================================================

***ખાનગી પેઢીઓને ઑન એકાઉન્ટ ચૂકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા લાંબા સમયથી બાકી રહેલ રકમો એડજસ્ટ /વસુલ ન કરવા બાબત.**

==============================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેજર એકાઉન્ટ રજિસ્ટરોની ચકાસણી કરવામાં આવતાં જણાયેલ છે કે યુનિવર્સિટી દ્વારા જુદી જુદી વેપારી એજન્સીઓને સાધન સામગ્રીની ખરીદી પેટે તેમજ કોઇ સેવા પૂરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ ઑન એકાઉન્ટ ચુકવણું કરવામાં આવે છે.પરંતુ આ પ્રકારે આપેલ રકમોના હિસાબો જે તે નાણાંકીય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી.આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ રકમો જે તા.૧/૪/૮૮ થી તા.૩૧/૩/૧૩ સુધીમાં ચૂકવેલ છે,પરંતુ તે વર્ષાન્તે સરભર કરવામાં આવેલ નથી.વધુમાં સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વેપારી પેઢી/એજન્સીઓ પાસેથી કેટલાક કિસ્સાઓમાં રૂા ૨૫/- લાખથી પણ વધુ રકમ સરભર કરવાના બાકીમાં જણાઇ આવેલ છે.તો આટલા લાંબા સમય બાદ પણ આટલી માતબર રકમો વસુલ/સરભર નહીં કરવા અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

૨/ ઉપરોકત વેપારી એજન્સીઓ પાસેથી સદરહુ રકમ વસુલ/સરભર કરવા અંગે સંસ્થાએ કરેલ કાર્યવાહી/પત્રવ્યવહાર સંબંધી દસ્તાવેજો અન્વેષણની ચકાસણી અર્થે રજુ થવા ઘટે.

૩/ વેપારી એજન્સીઓ પાસેથી માલસામાન કે કોઇપણ પ્રકારની સેવા મેળવ્યા સિવાય તેમજ એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય ઑન એકાઉન્ટ ચુકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

૪/ ખરીદ પધ્ધતિ મુજબ કોઇપણ વેપારી એજન્સી/પેઢી પાસેથી માલસામાન ખરીદી અંગેના કે તેની પાસેથી લીધેલ કોઇપણ પ્રકારની સેવાના બિલો રજુ થયા બાદ જ જે તે સદરે ખર્ચ પાડી ચુકવણું કરવાનું રહે છે.ખાસ જોગવાઇના આધારે કે પેઢી સાથે કરાર કરવામાં આવેલ હોય તો પણ નાણાંકીય નિયમોને આધીન એડવાન્સ રકમ ચૂકવી શકાય નહીં,આમછતાં કોઇ સંજોગોમાં એડવાન્સ રકમ ચૂકવ્યા સિવાય ખરીદી કે સેવા શકય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી એડવાન્સ સદરે ઉધારી (પાકા સદરે ખર્ચ પડે નહિ) જયારે જયારે તે અંગેના બિલો રજુ કરવામાં આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમમાંથી સરભર કરવાની રહે છે,જે પ્રથાનુ સંસ્થા ખાતે પાલન થતું નથી,અને ઑન એકાઉન્ટ રકમ આપવાના કારણે ગંભીર નાણાંકીય ગેરરીતિ થવાની પૂરેપૂરી સંભાવના રહેલ છે.તો આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન

થાય તે માટે સંસ્થાએ લીધેલ પગલાની અન્વેષણને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.આ અગાઉના અન્વેષણો દ્વારા સદરહુ બાબતે ધ્યાન દોરવા છતાં સદરહુ પ્રથા અમલમાં રાખવા અંગે સ્પષ્ટતા કરવા તથા આપંદેથી સદરહુ પ્રથા બંધ કરવા ઓડીટ અનુરોધ છે.

૫/ ઉપર દર્શાવ્યા મુજબ વર્ષના અંતે રૂ! ૨૬,૭૩,૯૪,૪૬૦/- વસુલ કરવાના બાકી છે,ખરેખર સદરહુ રકમ ખર્ચ કરવા આપેલ છે,અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાંકીય વર્ષમાં સરભર કરવાની બાકી છે અને તેથી તેટલા અંશે ખર્ચ પણ ઓછો નોંધાયેલ ગણાય.આમ,ઉપર દર્શાવ્યા મુજબ નાણાંકીય વર્ષના અંતે રૂ! ૨૬,૭૩,૯૪,૪૬૦/- ચૂકવેલ/એડવાન્સ/ઑન એકાઉન્ટ રકમ સરભર/વસુલ કરવાના રહે.આ રકમો પૈકી વસુલ કરવાપાત્ર રકમ વાર્ષિક ૮ % ના દરે વ્યાજ સહિત સંબંધિતથી/જવાબદારથી વસુલ થવી ઘટે.તેમજ આ રકમો એડવાન્સ તરીકે ચૂકવ્યા બાદ સમયસર એડજસ્ટ/વસુલ ન કરવા સબબ સંબંધિત વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા ઓડીટ સૂચન છે.તદનુસાર કરેલ કાર્યવાહીના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

૬/ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ વેપારી એજન્સીઓ સાથે કોઇપણ પ્રકારનો નાણાંકીય વ્યવહાર છેલ્લા ત્રણ વર્ષથી નહી થયેલ હોવાછતાં તે સામે દર્શાવેલ રકમો વસુલ કરવાની બાકીમાં છે.જે અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.(રૂ! ૭,૦૨,૪૨,૮૫૬/-) ટાઇમલીમીટ એકટની જોગવાઇ મુજબ ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન કોઇ લેવડ દેવડ ન થાય અને રકમ બાકી રહે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં મુશ્કેલી ઉપસ્થિત થાય તો આટલી માતબર રકમો વસુલ કરવા માટે જો કોઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની સંપૂર્ણ વિગતો/રેકર્ડ રજુ કરવુ ઘટે,અન્યથા આવી કાયદેસરની કાર્યવાહી નહીં થવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

પા.વા.નં. ૩૭ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

==================================================

## પરિશિષ્ટ-૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન એકાઉન્ટની વિગત દર્શાવતું પત્રક.

==================================================

| અનં. | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચનો કોડ નંબર | તા.૩૧/૦૩/૨૦૧૩ ની બાકી રકમ |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | સીવીલ સપ્લાય | 01-04-88 | 9313032 | 183735 |
| 02 | એલસ્ટાફ.એફ.પી.એડ જી.સી.ટી. | 01-04-88 | 9320015 | 78095 |
| 03 | સી.લી.સી.એમ. | 01-04-92 | 9331210 | 132132 |
| 04 | આર(સપ્લાય વોટર).બી.ઓ. | 01-04-95 | 9321010 | 48000 |
| 05 | ડમી નો વર્ક | 01-04-96 | 9311010 | 277845 |
| 06 | પોલીવેલન્ટ કેડર એડ | 01-04-96 | 9315001 | 55968 |
| 07 | નિશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 500000 |
| 08 | એલએડ પેસ.સી.ટી. | 01-04-01 | 9320008 | 25463 |
| 09 | એડલ્ટ એજ્યુકેશન | 01-04-03 | 9310003 | 10037827 |
| 10 | એસસ્ટાફ ડી .સી.એ.લોન.લએ.પી. એફ | 01-04-03 | 9320014 | 77759 |
| 11 | હર્ષા કન્સ્ટ | 01-04-04 | 9351036 | 33318 |
| 12 | પીડી.ડબ્લ્યુ. | 01-04-05 | 931034 | 4241663 |
| 13 | યુએડવાન્સ.એ.ઇ.ડી.જી.પી.વી.એસ. | 01-04-06 | 9305003 | 2078610 |
| 14 | ડીલોકલ સ્પોર્ટસ.એડ.ઇ.પી. | 01-04-06 | 9309003 | 238536 |
| 15 | એડકોમ એડમી.બી.ચવા.એફ.સી.એ. | 01-04-06 | 9322000 | 63000 |
| 16 | કેકપુર. | 01-04-06 | 9331202 | 621643 |
| 17 | જય વિજય કન્સ્ટ | 01-04-06 | 9351044 | 5716871 |
| 18 | સેમ ઇલેક્ટોનિક્સ | 01-04-06 | 9351046 | 4076963 |
| 19 | જેએન્જી.કે. | 01-04-06 | 9351048 | 7396381 |
| 20 | એનએલ.ટી. | 01-04-07 | 9313035 | 145068 |
| 21 | અનીલ પ્રિંટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 1231370 |

| | | | | |
|---|---|---|---|---|
| 22 | હર્ષદ શાહ એન્ડ કુ. | 01-04-07 | 9351040 | 5200439 |
| 23 | એમજય વિજય કન્સ્ટ.એસ. | 01-04-07 | 9351052 | 1913099 |
| 24 | સીપ્રેસ. | 01-04-08 | 9351016 | 3756200 |
| 25 | વિનય કન્સ્ટ | 01-04-08 | 9351037 | 119997 |
| 26 | ડીજીટલ એન્જી.પ્રા.પ્રો. | 01-04-08 | 9351047 | 112416 |
| 27 | એમસુઝુકી ઇન્ટીરીયમ.એસ. | 01-04-08 | 9351055 | 1773149 |
| 28 | એમપટેલ ફાઉન્ડેશન.એસ. | 01-04-08 | 9351058 | 910123 |
| 29 | એમ.પ્રા.વર્ધમાન પ્રિ.એસ. | 01-04-08 | 9351059 | 15769296 |
| 30 | હેમંત કેશાહ. | 06-01-12 | 9351064 | 2335894 |
| 31 | એમરોલર કન્સ્ટ.એસ. | 11-08-11 | 9351067 | 1072293 |
| 32 | યુસેન્ટ્રલ લેબ.સી.એસ. | 01-04-09 | 9304011 | 72093 |
| 33 | બીએડ.એ.બી. | 01-04-09 | 9306003 | 6915441 |
| 34 | ગુજરાત કન્સ્ટ | 01-04-09 | 9351038 | 8127762 |
| 35 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351039 | 254001 |
| 36 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351050 | 251000 |
| 37 | એમએન્જી.કે.જે.એસ. | 01-04-09 | 9351051 | 1713600 |
| 38 | સમવીત બીલ્ડ કેર | 06-08-11 | 9351060 | 3466154 |
| 39 | એમપટેલ બ્રધર્સ.એસ. | 31-03-12 | 9351061 | 33491722 |
| 40 | એમ.વોલ્ટસ લી.એસ. | 13-02-12 | 9351063 | 2631660 |
| 41 | શ્રી ચીતરા જુથ પ્રા | 14-03-12 | 9351065 | 3037351 |
| 42 | એમમનીયાર એસો.એસ. | 01-04-09 | 9351068 | 67547 |
| 43 | ઇરીડીયમ ટેકનોલોજીસ | 17-05-11 | 9351072 | 2149304 |
| 44 | મોહતા ઇલે.એન્ડ એન્જી કુ. | 01-04-09 | 9351073 | 1335460 |
| 45 | યુ.બોટની ડિપા.એડ.સી.એસ. | 01-04-10 | 9304005 | 1216392 |
| 46 | યુકેમેસ્ટ્રી .એડ.સી.એસ. | 01-04-10 | 9304006 | 1723924 |
| 47 | યુફીઝીકસ.એડ.સી.એસ. | 01-04-10 | 9304007 | 37933 |
| 48 | યુઝુલોજી.એડ.સી.એસ. | 01-04-10 | 9304009 | 167863 |
| 49 | યુમાઇક્રોબાયોલોજી.એડ.સી.એસ. | 01-04-10 | 9304010 | 1149671 |
| 50 | યુજીઓગ્રાફી.એડ.સી.એસ. | 01-04-10 | 9304012 | 31156 |
| 51 | એડફોરેન્સીક સાયાન્સ. | 01-04-10 | 9304017 | 46540 |

| | | | | |
|---|---|---|---|---|
| 52 | ઉદય બીલ્ડ પ્રા.લી. | 01-04-10 | 9351041 | 2386113 |
| 53 | સીવીક ઓરગેનીકસ | 01-04-10 | 9351057 | 371911 |
| 54 | એમબિલ્ડર્સ.સી.જે.એસ. | 27-08-11 | 9351062 | 229420 |
| 55 | એમહર્ષદ શાહ.એસ. | 18-11-11 | 9351066 | 13684995 |
| 56 | એમસ્નેહલ કન્સ્ટ.એસ. | 26-03-12 | 9351069 | 49097712 |
| 57 | કોમ્પલાસ્ટ કોર્પોરેશન | 01-04-10 | 9351074 | 862373 |
| 58 | શ્રી ઇન્ફાકોન પ્રો.લી. | 31-03-12 | 9351075 | 5743839 |
| 59 | માલીબુ ટેલી.પ્રો. | 01-04-10 | 9351076 | 28125 |
| 60 | ફેનીક ઇન્ફા | 01-04-10 | 9351077 | 16254897 |
| 61 | બ્યુસ્ટાર લિ. | 31-03-12 | 9351078 | 149370 |
| 62 | એચલોખંડવાલા.એફ. | 02-11-10 | 9351082 | 2042341 |
| 63 | વીપુલ પંડયા | 31-03-12 | 9351079 | 152505 |
| 64 | પેક્ષા એસોસીએટ | 29-03-12 | 9351083 | 17533141 |
| 65 | હીટાચી હોમ એન્ડ લાઇફ સોલ્યુશન | 26-06-12 | 9351080 | 445612 |
| 66 | હોફ ગ્લોબલ વેન્ચર | 25-01-12 | 9351081 | 242464 |
| 67 | કોમ્ફાય ફર્નિચર સેન્ટર | 31-03-12 | 9351084 | 183887 |
| 68 | રોલર સેન્ટર | 11-08-11 | 9351067 | 1072293 |
| 69 | કોમ્બાસ્ટ કોર્પો. | 31-03-12 | 9351074 | 862373 |
| 70 | રવિ એન્જી | 01-04-04 | 9351029 | 66253 |
| 71 | પટેલ એન્જી | 01-04-04 | 9351030 | 48461 |
| 72 | અંદીતી એરકંડીશનીંગ | 13-02-12 | 9351092 | 98369 |
| 73 | પ્રેક્ષા ઇન્ટીરીયર | 31-03-12 | 9351091 | 8052743 |
| 74 | ધરા સેલ્સ એજન્સી | 06-03-12 | 9351090 | 8838067 |
| 75 | એમવીક્ટોર્સ.એસ. | 18-10-11 | 9351089 | 108290 |
| 76 | નવકાર કેમીકલ્સ | 05-10-11 | 9351088 | 38948 |
| 77 | ફેરવે માર્કેટીંગ | 25-07-11 | 9351087 | 72498 |
| 78 | ડેસ્ટીની ઝોન સિકયુરીટી | 18-10-11 | 9351086 | 190767 |
| 79 | સીવીલ ઓરગાનીસર | 18-10-11 | 9351057 | 371911 |
| 80 | હરવાની કન્સ્ટ | 01-04-06 | 9351045 | 55055 |
| | | | Total Rs. | 26,73,94,460/- |

====================================================================

પરિશિષ્ટ-૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન એકાઉન્ટની છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કોઇ વ્યવહાર થયેલ ન હોય તેની વિગત દર્શાવતું પત્રક.

====================================================================

| અનં. | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચનો કોડ નંબર | વર્ષ/૨૦૧૨-૧૩ |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | સીવીલ સપ્લાય | 01-04-88 | 9313032 | 183735 |
| 02 | એલસ્ટાફ.એફ.પી.એડ જી.સી.ટી. | 01-04-88 | 9320015 | 78096 |
| 03 | સી.લી.સી.એમ. | 01-04-92 | 9331210 | 132132 |
| 04 | આર(ટર સપ્લાયવો).બી.ઓ. | 01-04-95 | 9351010 | 48000 |
| 05 | ડમી નો વર્ક | 01-04-96 | 9311010 | 277845 |
| 06 | પોલીવેલન્ટ કેડર એડ | 01-04-96 | 9315001 | 55968 |
| 07 | નિશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 500000 |
| 08 | એલએડ પેસ.સી.ટી. | 01-04-01 | 9320008 | 25463 |
| 09 | એડલ્ટ એજયુકેશન | 01-04-03 | 9310003 | 10032883 |
| 10 | એસસ્ટાફ ડી એફ.સી.એ.લોન.એલ.પી. | 01-04-03 | 9320014 | 77759 |
| 11 | હર્ષા કન્સ્ટ | 01-04-04 | 9351036 | 33318 |
| 12 | પીડી.ડબ્લ્યુ. | 01-04-05 | 9313034 | 4241663 |
| 13 | યુએડવાન્સ.એ.ઇ.ડી.જી.પી.વી.એસ. | 01-04-06 | 9305003 | 1813204 |
| 14 | ડીલોકલ સ્પોર્ટસ.એડ.ઇ.પી. | 01-04-06 | 9309003 | 238536 |
| 15 | એડકોમ એડમી.બી.વાય.એફ.સી.એ. | 01-04-06 | 9322000 | 63000 |
| 16 | કેકપુર. | 01-04-06 | 9331202 | 621643 |
| 17 | જય વિજય કન્સ્ટ | 01-04-06 | 9351044 | 5716871 |
| 18 | સેમ ઇલેકટોનિકસ | 01-04-06 | 9351046 | 4076963 |
| 19 | જેએન્જી.કે. | 01-04-06 | 9351048 | 7396381 |
| 20 | એનએલ.ટી. | 01-04-07 | 9313035 | 145068 |
| 21 | અનીલ પ્રિંટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 1231370 |
| 22 | હર્ષદ શાહ એન્ડ કુ. | 01-04-07 | 9351040 | 12365112 |

| | | | | |
|---|---|---|---|---|
| 23 | એમજય વિજય કન્સ્ટ.એસ. | 01-04-07 | 9351052 | 1913099 |
| 24 | સીપ્રેસ. | 01-04-08 | 9351037 | 119997 |
| 25 | વિનય કન્સ્ટ | 01-04-08 | 9351037 | 119997 |
| 26 | ડીજીટલ એન્જી.પ્રા.પ્રો. | 01-04-08 | 9351047 | 112416 |
| 27 | એમસુઝુકી ઇન્ટીરીયમ.એસ. | 01-04-08 | 9351055 | 1773149 |
| 28 | એમપટેલ ફાઉન્ડેશન.એસ. | 01-04-08 | 9351058 | 910123 |
| 29 | એમ.પ્રા.વર્ધમાન પ્રિ.એસ. | 01-04-08 | 9351059 | 15769296 |
| 30 | રવિ એન્જી | 01-04-04 | 9351029 | 66253 |
| 31 | પટેલ કન્સ્ટ | 01-04-04 | 9351030 | 48461 |
| 32 | હરવાની કન્સ્ટ. | 01-04-06 | 9351045 | 55055 |
| | | | **Total Rs.** | **7,02,42,856/-** |

<u>ફકરા નંબર-52</u>

==================================================================

*ખર્ચના વાઉચરો કે વિગત વગર રકમ ખર્ચ ખાતે ઉધારી અનપેઇડ બિલ સદરે જમા કરાવવા બાબત

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન વાઉચર તથા લેજરકોડ રજિસ્ટરોની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબના વાઉચરોથી કુલ રૂ! ૨,૪૮,૪૨,૫૬૧/- જેટલી માતબર રકમ સબંધિત ખર્ચના સદરે ઉધારી અનપેઇડ બિલ તરીકે જમા લેવામાં આવી હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ છે.સદરહું ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) જયારે કોઇપણ પ્રકારના બિલ રજુ થયેલ હોય,ખર્ચની ચોકકસ વિગતો ઉપલબ્ધ હોય અને બિલો ચુકવણી અર્થે કચેરીમાં રજુ થયેલ હોય પરંતુ કોઇ કારણોસર તેનું ચુકવણું વર્ષના અંત સુધીમાં ના થઇ શકેલ હોય તેવા સંજોગોમાં આવા બિલોની રકમ સબંધિત ખર્ચ ખાતે ઉધારી અન પેઇડ બિલ તરીકે જમા કરવાની નોંધ પ્રવર્તમાન નામા પધ્ધતિ મુજબ થાય છે.

યુનિવર્સિટી દ્વારા કોઇપણ બિલો,વિગતો કે ચોકકસ રકમ વિના ઉચ્ચક રીતે સબંધિત ખર્ચ ખાતે રકમ ઉધારી અનપેઇડ બિલો ખાતે જમા કરાવવામાં આવેલ છે.આ પધ્ધતિથી આપેલ નોંધ કયા નિયમો કે આધારોથી આપવામાં આવી છે ? આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ઉપર દર્શાવ્યા મુજબ ખર્ચ ખાતે રકમો ઉધારવાથી યુનિવર્સિટીનો ખર્ચ તેટલા પ્રમાણમાં વધુ આવે અને આવક કરતાં ખર્ચનો વધારો/ઘટાડો કરવામાં તફાવત આવે અને તેથી આવક/ખર્ચની સાચી પધ્ધતિ જાણી શકાય નહીં.તો આ રીતે હવાલા દ્વારા ખર્ચ ઉધારી અનપેઇડ બિલો ખાતે જમા કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે,સ્પષ્ટતા થતાં સુધી યુનિવર્સિટીની આવક તથા ખર્ચની સાચી પરિસ્થિતિનો સ્પષ્ટ આંક પ્રમાણિત કરી શકાય નહિં.

(03) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વાઉચરોમાં વાઉચર બનાવનાર,વાઉચર મંજૂર કરનાર/ચેક કરનાર સક્ષમ સુપરવાઇઝર તથા હિસાબી અધિકારીશ્રીની સહીઓ થવા પામેલ નથી.વળી,સદરહુ પધ્ધતિથી ખર્ચ પાડવા/હવાલો આપવા નિયમોચિત મંજુરી મેળવવામાં આવેલ હોય તેવી મંજુરીના ઠરાવો/આદેશો ઉપલબ્ધ કરાવી પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વાંધાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા વ ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂ! ૨,૪૮,૪૨,૫૬૧/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૦ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂ! ૨,૪૮,૪૨,૫૬૧/-

## *ખર્ચના વાઉચરો વિના સબંધિત ખર્ચના સદરે રકમો ઉધારી અનપેઇડ બિલ સદરે જમા કર્યાની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૧

| અ.નં | વા.નં. | તારીખ | ઉધાર ખર્ચનુ સદર | કોડ નંબર | રકમ | અનપેઇડ બિલની રકમ | અનપેઇડ કોડ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ |
| ૦૧ | ૪૭૭૯ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું આર્ટસ | ૩૫૦૧૦૦૦ | ૭૦૦૦૦૦- | ૪૬,૦૦,૦૦૦- | ૯૩૩૧૨૦૩ |
| ૦૨ | ૪૭૭૯ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું કોમર્સ | ૩૫૦૫૦૦૦ | ૪૦૦૦૦૦- | | |
| ૦૩ | ૪૭૭૯ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું MBBS | ૩૫૦૩૦૦૧ | ૨૦૨૦૦૦૦- | | |
| ૦૪ | ૪૭૭૯ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું BDS | ૩૫૦૮૦૦૦ | ૧૩૩૦૦૦૦- | | |
| ૦૫ | ૪૭૭૯ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું LAW | ૩૫૦૪૦૦૦ | ૧૫૦૦૦૦- | | |
| ૦૬ | ૪૭૮૦ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણુંઆર્ટસ | ૩૫૦૧૦૦૦ | ૧૬૦૦૦૦૦- | ૭૬,૫૦,૦૦૦- | ૯૩૩૧૨૦૩ |
| ૦૭ | ૪૭૮૦ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણુંમેડીકલ | ૩૫૦૩૦૦૧ | ૪૭૦૦૦૦- | | |
| ૦૮ | ૪૭૮૦ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું BDS | ૩૫૦૮૦૦૦ | ૧૧૮૦૦૦૦- | | |
| ૦૯ | ૪૭૮૦ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું LAW | ૩૫૦૪૦૦૦ | ૭૦૦૦૦૦- | | |
| ૧૦ | ૪૭૮૦ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું ફાર્મસી | ૩૫૦૭૦૦૦ | ૮૦૦૦૦૦- | | |
| ૧૧ | ૪૭૮૦ | ૩૦/૯/૧૨ | પરીક્ષા મહેનતાણું કોમર્સ | ૩૫૦૫૦૦૦ | ૨૯૦૦૦૦૦- | | |
| ૧૨ | ૪૭૮૧ | ૩૦/૯/૧૨ | કોન્વોકેશન ખર્ચ | ૪૬૦૮૦૦૦ | ૩૧૪૪૧૪૩- | ૮૨,૪૩,૦૨૧- | ૯૩૩૧૨૦૩ |
| ૧૩ | ૪૭૮૧ | ૩૦/૯/૧૨ | પ્રશ્નપત્ર છપામણી | ૩૫૧૫૦૦૦ | ૫૦૯૮૮૭૮- | | |
| ૧૪ | ૪૭૮૨ | ૩૦/૯/૧૨ | કોન્વોકેશન ખર્ચ | ૪૬૦૮૦૦૦ | ૬૦૬૦૯૦- | ૧૯,૦૬,૦૯૦- | ૪૬૦૮૦૦૦ |
| ૧૫ | ૪૭૮૨ | ૩૦/૯/૧૨ | એડવાન્સ(જન) | ૯૩૧૧૦૦૩ | ૧૩૦૦૦૦૦- | | |
| ૧૬ | ૪૭૮૩ | ૩૦/૯/૧૨ | વી(એ.ટી).સી. | ૩૪૦૨૦૦૦ | ૧૩૦૭૯૫૦- | ૧૩,૦૭,૯૫૦- | ૯૪૦૨૦૦૨ |
| ૧૭ | ૪૭૮૪ | ૩૦/૯/૧૨ | યુજી ટયુશન ફી.એસ. | ૦૯૦૧૦૦૦ | ૧૩૭૫૦૦- | ૨,૫૫,૦૦૦- | ૦૯૦૧૦૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | ૪૭૮૪ | ૩૦/૯/૧૨ | યુએસ.જી પરીક્ષા ફી. | ૦૯૦૨૦૦૦ | ૯૪૦૦૦- | | ૦૯૦૨૦૦૦ |
| ૧૯ | ૪૭૮૪ | ૩૦/૯/૧૨ | યુએસ.જી લાય. ફી. | ૦૯૦૩૦૦૦ | ૨૩૫૦૦ | | ૦૯૦૩૦૦૦ |
| ૨૦ | ૪૭૮૫ | ૩૦/૯/૧૨ | યુએસ.જી.બાયો ટેક ફી. | ૧૧૭૩૦૦૦ | ૮૫૬૫૦૦- | ૮,૫૬,૫૦૦- | ૧૧૦૧૦૦૦ |
| ૨૧ | ૪૭૮૬ | ૩૦/૯/૧૨ | યુએસ.જી.કૃષિ માઇક્રો. | ૧૧૩૪૦૦૭ | ૨૪૦૦૦- | ૨૪,૦૦૦- | ૧૧૧૦૦૦૦ |
| | | | કુલ | | ૨,૪૮,૪૨,૫૬૧- | ૨,૪૮,૪૨,૫૬૧- | |

<u>ફકરા નંબર-53</u>

==========================================================

**લાંબા સમયથી ચૂકવેલ એડવાન્સ ના હિસાબો સરભર નહીં કરવાની ગંભીર અનિયમિતતાઓ બાબત.**

==========================================================

**ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાએ નિભાવેલ અન્વેષણ વર્ષના એડ્વાન્સ રજિસ્ટરની ચકાસણી કરેલ હતી.એડવાન્સ રજિસ્ટરની વિગતોની ખરાઇ કરતાં સંસ્થા દ્વારા સંસ્થાની વિવિધ શાખાઓ,સંસ્થા હસ્તકના ભવનો વગેરેને માતબર પ્રમાણમાં સમયાંતરે એડવાન્સની ચુકવણી કરેલ હોવાનું જણાઇ આવેલ હતું. એડવાન્સ ચુકવણાની સાથે સાથે નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ વસુલ તેમજ સરભર પણ કરવાના રહે છે.એડવાન્સ રજિસ્ટરની તા.૩૧/૩/૧૩ ના રોજની સ્થિતિ નજરે જોતાં કુલ રૂા ૧૦,૩૪,૨૭,૪૪૦/- જેટલી માતબર રકમ સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબ સરભર કરવાના બાકીમાં હોવાનું સ્પષ્ટ થયેલ હતું.જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.**

(૦૧) ગુજરાત નાણાંકીય નિયમોની જોગવાઇ અનુસાર ચૂકવવામાં આવેલ એડવાન્સ (પેશગી) ના હિસાબો ત્રણ માસમાં તથા વધુમાં વધુ જે તે નાણાંકીય વર્ષના અંત સુધીમાં સરભર કરવાના રહે છે.તદનુસાર નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ સરભર નહીં કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૨૧૧ ની જોગવાઇ મુજબ એડવાન્સ તરીકે એબસ્ટ્રેક બિલોથી ઉપાડેલ નાણાંનુ ત્રણ માસમાં વિગતવાર બિલ તૈયાર કરી ચુકવણા અધિકારીશ્રીને મોકલી આપવાનુ રહે છે. તેથી ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંક્ના ધારા ધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સબંધિત /જવાબદાર થી વસુલ કરી નિયત સદરે જમા લેવાના રહે છે.તે મુજબ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતો ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી પૂર્ણ કરી આધારિત સ્પષ્ટતા /ખાતરી કરાવવી ઘટે.

(૦૩) ચુકવેલ પેશગીઓ નિયત સમયમર્યાદામાં વસુલ /સરભર કરવા અંગે ઉકત વિગતે જોગવાઇ થયેલ છે,પરંતુ સંસ્થાના એડવાન્સ રજિસ્ટરની વિગતો ધ્યાને લેતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા મુજબ કેટલાંક એડવાન્સ પાંચ વર્ષથી લઇ અઢાર વર્ષ સુધી સરભર કરવાનાં બાકીમાં હોવાનુ જણાઇ આવેલ છે.આટલા લાંબા સમય થી એડવાન્સ સરભર કરવાનાં બાકીમાં હોય તે અતિગંભીર બાબત ગણી શકાય.સંસ્થાના હિસાંબી બાબતો સાથે સંકળાયેલા જવાબદાર અધિકારીશ્રીઓએ સદરહુ

કામે પૂરતુ ધ્યાન કેન્દ્રીત નહીં કરેલ હોવાનું ઉકત વિગતો પરથી સ્પષ્ટ થયેલ છે. સદરહુ બાબત પરત્વે સંસ્થાના ઉચ્ચ અધિકારીશ્રીઓનું આથી ધ્યાન દોરવામાં આવે છે.ગત અન્વેષણ અહેવાલોમાં પણ આ બાબતે યોગ્ય અનુરોધ કરવામાં આવેલ હોવાછતાં ધોરણસરની અમલવારી નહીં કરવા અંગે જવાબદારોથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સંસ્થાએ ચૂકવેલ એડવાન્સ ઘણા લાંબા સમયથી સરભર/વસુલાત નહી થવાના કારણે સંસ્થાને વ્યાજનુ આર્થિક નુકશાન થાય છે.તથા નાણાં બિનજરૂરી રોકાઇ રહે છે.વળી, એડવાન્સ ખર્ચ કરવા આપેલ હોઇ ખર્ચ થયેલ હોવાછતાં ખર્ચ ઓછો નોંધાય છે,અને પાકા સરવૈયામાં મિલકત વધુ આવે છે.તેથી સદરહુ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરી ચૂકવેલ એડવાન્સ સરભર કરવાં ઘટે.

(૦૫) સંસ્થાએ તેના નિયંત્રણ હેઠળના ભવનો/શાખાઓને ચૂકવેલ એડવાન્સ નુ વિગતવાર મેળવણુ કરી એડવાન્સ રજિસ્ટરના તમામ હિસાબો ક્ષતિરહિત હોવાના આધારોથી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૦૬) સંસ્થાએ નિભાવેલ એડવાન્સ રજિસ્ટરમાં સંસ્થાએ ચૂકવેલ પેશગીઓની નોંધોમાં સંસ્થાના સક્ષમ નાણાંકીય અધિકારીશ્રીની સહીઓ તેમજ સિક્કા થવા પામેલ ન હોઇ રજિસ્ટરમાં દર્શાવેલ હિસાબોના ખરાપણાની ખાતરી થઇ શકતી નથી તો એડ્વાન્સ રજિસ્ટરમાં દર્શાવેલ નોંધો હિસાબના મેળવણા સહિત પ્રમાણિત કરાવી ખાતરી કરાવવી ઘટે.

(૦૭) સંસ્થાએ નિભાવેલ એડવાન્સ રજિસ્ટર જીર્ણ હાલતમાં છે,રજિસ્ટરમાં કેટલાંક પાન રજિસ્ટરથી અલગ થઇ ગયેલ છે.આટલા માતબાર હિસાબોનુ રજિસ્ટર આવી પરિસ્થિતિમાં નિભાવવુ નાણાંકીય નિયમોના ઉલ્લંઘન સમાન ગણાય.તેથી ધોરણસરનુ રજિસ્ટર નિભાવી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૫ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

તા.૩૧/૩/૨૦૧૩ ના રોજ પેશગીની હિસાબો સરભર કરવાના બાકીમાં છે તેની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૧

| અ. નં. | ખાતાના વિભાગનુ નામ | લેજર કોડ | તા.૩૧/૩/ ૨૦૧૨ ના રોજ સરભર કરવાની બાકી રકમ રૂપિયા | વર્ષ દરમ્યાન આપેલ પેશગી રૂપિયા | કુલ પેશગીની રકમ રૂપિયા | સને-૨૦૧૨/૧૩ દરમ્યાન સરભર જમા કરેલ પેશગી રૂપિયા | ૨૦૧૨/૧૩ અંતે સરભર કરવાની બાકી પેશગી રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | USS ADV GENERAL | 9301002 | 1057210 | 2340890 | 3398100 | 365113 | 2801050 |
| 2 | USG ADV GENERAL | 9302002 | 2201934 | 361000 | 2562934 | 768578 | 1026655 |
| 3 | USP ADV GENERAL | 9303002 | 1603431 | 190107 | 1413324 | 219789 | 137040 |
| 4 | USP BED ADMISSION | 9303003 | 81676 | 0 | 81676 | 0 | 81676 |
| 5 | CHEMISTRY DEPT | 9304006 | 3110120 | 385069 | 3495189 | 229565 | 1723924 |
| 6 | PHYSICS DEPT | 9304007 | 761659 | -577959 | 183700 | 136 | 37933 |
| 7 | ZOOLOGY DEPT | 9304009 | 165132 | 27731 | 192863 | 0 | 167863 |
| 8 | MICROBIOLOGY | 9304010 | 2113968 | 1640751 | 3754719 | 335826 | 1149671 |
| 9 | CENTRAL LABORAT | 9304011 | 72093 | 0 | 72093 | 0 | 72093 |
| 10 | STATISTICS DEPT | 9304014 | 389629 | 231900 | 621529 | 18080 | 411892 |
| 11 | BIO/LIFE/SCI/ENVERO | 9304016 | 109191 | 1694500 | 1803691 | 103691 | 1413749 |
| 12 | FORENSIC SCI | 9304017 | 62000 | 0 | 62000 | 15460 | 46540 |
| 13 | USV ADV GENERAL | 9305002 | 2453494 | 3508400 | 5961894 | 556391 | 2753521 |
| 14 | K.S.SCHOOL ADV | 9306002 | 730045 | 860589 | 1590634 | 32030 | 1009865 |
| 15 | BBA ADV | 9306003 | 3888338 | 6408160 | 10296498 | 29422 | 4265916 |
| 16 | USL ADV GENERAL | 9307002 | 211263 | 551000 | 762263 | 186192 | 379648 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 17 | DPE INT UNI SPORTS | 9309001 | 4305395 | 1854500 | 6159895 | 323802 | 4830097 |
| 18 | DPE ADV INTERER GROUP | 9309002 | 1546367 | 0 | 1546367 | 0 | 1546367 |
| 19 | LOCAL SPORTS | 9309003 | 238536 | 0 | 238536 | 0 | 238536 |
| 20 | YOUTH WELFARE | 9309004 | 295271 | 2491935 | 2787206 | 201035 | 1620471 |
| 21 | ADULT EDU ADV | 9310003 | 74549 | 0 | 74549 | 0 | 74549 |
| 22 | ADV A/C ELECTON | 9311004 | 170840 | 105550 | 276390 | 11852 | 100831 |
| 23 | SCARF/BADSE ADV | 9311009 | 29917 | 91300 | 121217 | 1400 | 29917 |
| 24 | DUMMY NO WORK | 9311010 | 277845 | 0 | 277845 | 0 | 277845 |
| 25 | COMPUTER CENTER | 9311012 | 3184486 | 746253 | 3930739 | 113857 | 2704939 |
| 26 | STUDY ABROAD | 9311016 | 505620 | 150000 | 655620 | 0 | 655620 |
| 27 | ADV IQAC | 9311021 | 132600 | 127001 | 259601 | 0 | 259601 |
| 28 | ADV PERFORMING | 9311023 | 58950 | 152700 | 211650 | 12355 | 178640 |
| 29 | A/C ESTATE | 9313001 | 2911633 | 222100 | 3133733 | 21673 | 2852493 |
| 30 | POLYVALENT CENTRE | 9315001 | 55968 | 0 | 55968 | 0 | 55968 |
| 31 | H.K.CENTRE | 9316001 | 49694 | 77845 | 127539 | 21923 | 104771 |
| 32 | UNI PRESS ADV. | 9317001 | 3562186 | 6027200 | 9589386 | 5070 | 9560966 |
| 33 | LIBRARY ADV | 9318001 | 295176 | 97300 | 392476 | 9800 | 312726 |
| 34 | LIB SCI.ADV | 9318002 | 164846 | 178199 | 343045 | 12938 | 173288 |
| 35 | DEV.COMMU.ADV | 9319001 | 57013 | 296000 | 353013 | 69720 | 189998 |
| 36 | L.T.C.ADV | 9320015 | 78096 | 0 | 78096 | 0 | 78096 |
| 37 | ACADAMIC STAFF COLLAGE | 9321000 | 18820354 | 3550000 | 22370354 | 2083128 | 19955694 |
| 38 | GANGA TRAVELS | 9326000 | 1989540 | 4448200 | 6437740 | 16586 | 3251918 |
| 39 | MESC ADV UNI.STAFF | 9311001 | 1020401 | 393986 | 1414387 | 26935 | 979363 |
| 40 | MISC ADV GENERAL | 9311003 | 23391622 | 25303456 | 48695078 | 1382509 | 35791645 |
| 41 | NSS ADV TO UNI NSS DEP | 9310002 | 124065 | 0 | 124065 | 0 | 124065 |
| | | | | | | | |
| | તારીખ ૩૧/૩/૨૦૧૩ ના રોજ સરભર કરવાની બાકી પેશગી | | **82352153** | **63935663** | **145907602** | **7174856** | **103427440** |

<u>ફકરા નંબર-54</u>

==================================================================

***ડીપોઝીટ તરીકે પ્રાપ્ત થયેલ નાણાંના હિસાબ તથા ડીપોઝીટ રજિસ્ટરની અનિયમિતતાઓ બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબોની ખરાઇ કરતાં ડીપોઝીટ અને બીજા ખાતાઓના સદર હેઠળ રૂ! ૩૦,૯૨,૭૫,૭૫૩.૪૭ જેટલી માતબર રકમ વણચુકવાયેલ ડીપોઝીટને જવાબદારી દર્શાવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ છે.સદરહુ ડીપોઝીટના હિસાબો બાબતે અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) ગુજરાત હિસાબ નિયમ સંગ્રહ ભાગ-૨ ની જોગવાઇ અનુસાર દરેક પ્રકારની અનામતો માટે નિયત નમૂનામાં અલાયદુ ડીપોઝીટ રજિસ્ટર નિભાવવાનુ રહે છે.સંસ્થાએ સદરહુ નિયમો અનુસાર નિયત નમૂનાવાળુ ડીપોઝીટ રજિસ્ટર અગાઉના હિસાબોના મેળવણા સહિતનું નિભાવેલ નથી.જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૩૮ (૧ થી ૩) તથા નિયમ-૩૮૦ ના પેટા નિયમ-૧ ની જોગવાઇ મુજબ ખાતાકીય અધિકારીએ અનામતની ચુકવણી માટે જરૂરી હોય ત્યારે ગુજરાત તિજોરી નિયમ-ફોર્મ-૮૧ મુજબ બિલ તૈયાર કરી તેની સાથે ચલનથી સરકારી હિસાબનાં નાણાં જમા કર્યા હોય તે મૂળ ચલન સામેલ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે,તેમજ ડીપોઝીટની ચુકવણી સમયે મૂળ જમા રકમ સાથે ચુકવણાંની નોંધ કરવાની રહે છે.જેથી ડીપોઝીટનું પુનઃ ચુકવણું થવાની શકયતા રહેવા પામે નહિં.સંસ્થા દ્વારા સદરહુ નિયમોનુસાર યોગ્ય કાર્યપધ્ધતિ નહીં થવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૩) ડીપોઝીટ થયેલ રકમ જમા થયા બાદ ત્રણ નાણાંકીય વર્ષના અંતે વણચુકવાયેલ રહેવા પામે તો તે કિસ્સામાં સદરહુ ડીપોઝીટ જપ્ત (લેપ્સ ડીપોઝીટ) તરીકે સંસ્થાની આવક

તરીકે લઇ જવાની રહે છે.ઉપરોકત ડીપોઝીટ્ની રકમો બાબતે તે મુજબ કાર્યવાહી થવા પામેલ નથી.

(૦૪) યુનિવર્સિટી દ્વારા પ્રત્યેક વર્ષે કરવામાં આવતી ખરીદી/બાંધકામ તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોના જોડાણ વખતે પ્રાપ્ત થતી અર્નેષ્ટગની તેમજ સીકયોરીટી ડીપોઝીટના હિસાબો માટે અલગ રજિસ્ટર નિભાવવાનાં રહે છે.પરંતુ સંસ્થાએ તે મુજબ રજિસ્ટરની નિભાવણી કરેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) સંસ્થામાં જોડાતી સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની ડીપોઝીટના હિસાબો માટે નિયત રજિસ્ટર નિભાવેલ ન હોવાથી સંસ્થાએ સ્વીકારેલ રકમો પૈકી કેટલી રકમોનું બાંધી મુદતની થાપણો તરીકે રોકાણ કરવામાં આવેલ છે તેની પણ ખરાઇ કરવી મુશ્કેલ બનેલ છે.

(૦૬) અન્વેષણ વર્ષ ૨૦૧૨/૧૩ ના લેજરબુકમાં લેજર કોડ નં.૮૧૦૧૦૦૫ ખાતે જનરલ ફંડની ડીપોઝીટની જમા બાજુ રૂ। ૩૨,૨૩,૦૪,૬૮૧/- દર્શાવવામાં આવેલ છે,જો કે આ અંગેની આવકોની પહોંચબુકોમાં પૂરતી વિગતોના અભાવે સદરહુ રકમનુ યોગ્ય મેળવણું થઇ શકતુ નથી.જે અંગે સદરહુ રકમની વસુલાતનાં ધારાધોરણો અને તે અંગે મળેલ માન્યતા/મંજુરીના આધારોથી ખાતરી કરાવવી ઘટે.

(૦૭) ગત અન્વેષણ અહેવાલોમાં ડીપોઝીટના હિસાબોની નિભાવણી અંગે ઓડીટ અનુરોધ કરવા છતાં યોગ્ય અમલવારી નહીં કરવા અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.તથા દર્શાવેલ ઉકત અનિયમિતતાઓ અંગે સત્વરે અમલ કરી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૬ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-55

==================================================================

***શૈક્ષણિક/નાણાંકીય વર્ષ દરમ્યાન સંસ્થાએ કરવા ધારેલ અને પૂર્ણ કરેલ પ્રવૃત્તિઓના આયોજન સબંધી માહિતી રજુ કરવા બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી ધારા-૫૦ તથા સ્ટેટયુટ-૯૦ અન્વયે સંસ્થાએ ૬૩મો વાર્ષિક હેવાલ તૈયાર કરેલ છે.જેના આમુખમાં સંસ્થાના કાર્યકારી સચિવશ્રીએ આપેલ ધન્યવાદ પ્રસ્તાવનાની વિગતોનુસાર સંસ્થાના વિધાર્થીઓ અભ્યાસની સાથે સાથે સમાજની અન્ય પ્રવૃત્તિઓમાં પણ પોતાનો વિકાસ સાધી શકે તે દિશામાં પણ યુનિવર્સિટી પોતાની રીતે પ્રયત્નશીલ હોવાનું જણાવેલ છે. યુનિવર્સિટીનો રમતગમત,યુવક કલ્યાણ વિભાગ તથા રાષ્ટ્રિય સેવા યોજના,વ્યવસાયિક તાલીમ કેન્દ્ર અને આરોગ્ય કેન્દ્ર વગેરે દ્વારા વિધાર્થીઓનાં ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હોવાનું દર્શાવેલ છે.અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓના કલ્યાણ માટે સંસ્થાના વિવિધ વિભાગો દ્વારા વિવિધ કાર્યક્રમોનું સમયાંતરે આયોજન થતુ હોવાનુ જણાવેલ છે.

સંસ્થાના ૨૦૧૨/૧૩ ના વર્ષના હિસાબોની તપાસણીની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.સદરહુ નાણાંકીય/શૈક્ષણિક વર્ષ માટે ઉપરોકત વિગતે સંસ્થાના વિધાર્થીઓ માટે યુનિવર્સિટીએ કરવાની પ્રવૃત્તિઓ કે કાર્યક્રમોના અમલ માટે અગાઉથી કેવા પ્રકારનું આયોજન કરવામાં આવેલ હતું ? તેના આયોજન માટે વિવિધ ખર્ચ અંગે શું જોગવાઇ કરવામાં આવેલ હતી ? કરેલ આયોજન થકી કયા કયા વિભાગો દ્વારા કેવા-કેવા પ્રકારની પ્રવૃત્તિઓ/કાર્યક્રમો પૂર્ણ કરવામાં આવ્યા ? આ કાર્યક્રમો/પ્રવૃત્તિઓ પાછળ પ્રત્યેક વિભાગો દ્વારા કેટલા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવ્યો ?તે તથા સંસ્થાએ મંજુર કરેલ ખર્ચ અને તે માટે નિયત કરેલ ખર્ચ મર્યાદાથી વધુ/ઓછા ખર્ચની સંપૂર્ણ વિગતો તેના સાધનિક રેકર્ડ સહ અન્વેષણમાં રજુ થવી ઘટે. અનિયમિતતાઓ અંગે સત્વરે અમલ કરી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

<u>ફકરા નંબર-56</u>

==================================================================

***યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખેલ ઓડીટ વર્ષના ઓડીટ રીપોર્ટ રાજ્ય સરકારશ્રીને મોકલવા બાબત.**

==================================================================

સરકારશ્રી દ્વારા નિયત થયા મુજબ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના નાણાંકીય હિસાબોની અન્વેષણની કાર્યવાહી જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી અમદાવાદ દ્વારા કરવાની રહે છે.તદનુસાર પ્રતિવર્ષ અન્વેષણ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઓડીટ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ અન્વેષણ અહેવાલની એક પ્રત ગુજરાત યુનિવર્સિટી એકટ-૧૯૪૯ ની કલમ નંબર-૪૯ ની જોગવાઇ મુજબ કાર્યવાહક સભા દ્વારા સેનેટમાં રજુ કરી તેને ગ્રાહ્ય રાખી રાજ્ય સરકારશ્રીને મોકલી આપવાની રહે છે.તદનુસાર નીચે દર્શાવેલ અન્વેષણ અહેવાલ રાજ્ય સરકારશ્રીમાં મોકલી આપવામાં આવેલ હોય તો તેની નંબર તારીખની વિગતો સત્વરે અન્વેષણની જાણ/ખરાઇ માટે રજુ થવી ઘટે.

| અ.નં. | અન્વેષણ અહેવાલની વિગત | અન્વેષણ વર્ષ |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| (ક) | જનરલ ફંડ | ૧૯૬૮-૬૯ થી ૨૦૧૧-૧૨ |
| (ખ) | અનુદાન ફંડ | ૧૯૭૦-૭૧ થી ૨૦૧૧-૧૨ |
| (ગ) | સા.ભવિષ્ય નિધિ ફંડ | ૧૯૭૯-૮૦ થી ૨૦૧૧-૧૨ |

ઉપરોકત દર્શાવેલ વિગતો સત્વરે રજુ થાય તેવો ઘટતો પ્રબંધ થવો ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૫૯ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-57

==========================================================

***ઉત્તરવહી છપામણી પેટે એજન્સી પાસેથી લીધેલ EMD પરત કરવામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની વર્ષ ૨૦૧૧ તથા વર્ષ ૨૦૧૨ ની પરીક્ષાઓ માટે મુખ્ય તેમજ પૂરક ઉત્તરવહીઓની છપામણીનો ઇજારો અમદાવાદ સ્થિત "નવનીત પબ્લિકેશન(આઇ) લી"ને આપવામાં આવેલ હતો.સદરહુ એજન્સીએ જમા કરાવેલ ઇએમડીની રકમ રૂ!૧૦,૦૦,૦૦૦/-(દસ લાખ) વા.નં.૩૯૧૨ તા.૨૮/૮/૧૨ થી ઉકત એજન્સીને પરત કરવામાં આવેલ હતી,જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૦૧) સદરહુ કામના ટેન્ડરની શરત નં.૧૬ મુજબ મુખ્ય ઉત્તરવહીઓ,પૂરક તથા પ્રેકટીકલ ઉત્તરવહીઓ તેમજ ખાખી સ્ટીકર વગેરેની ડીલીવરી અને કામગીરી સંપૂર્ણરીતે સંતોષકારક થશે,ત્યારબાદ 30 દિવસ સુધી જ આખરી બિલની ચુકવણી કરવાની હતી.ત્યારબાદ એજન્સીએ જમા કરાવેલ ડીપોઝીટની પરત ચુકવણી કરવાની થાય.સદરહુ પ્રકરણમાં એજન્સીના તા.૧૫/૨/૨૦૧૨ ના પત્રથી ડીપોઝીટની માગણી કરવામાં આવેલ હતી.સંસ્થા હસ્તકના પ્રકાશન વિભાગના સક્ષમ અધિકારીશ્રીની તા.૧૦/૪/૧૨ ની નોંધ થી એજન્સીએ જમા કરાવેલ ડીપોઝીટ પરત કરવા કુલસચિવશ્રીને વિનંતિ કરેલ હતી.જયારે જે.જી.કોલેજ ઓફ કોમર્સના આચાર્યશ્રીએ તેઓશ્રીના તા.૧/૫/૧૨ ના પત્રથી SYBA,SYBCOM,TYBCOM,તથાTYBA ની પરીક્ષાઓ દરમ્યાન કુલ-૬૨ ઉત્તરવહીઓ નંબર વગરની વિધાર્થીઓને પરીક્ષાખંડમાં આપેલ હોવાનું જણાવેલ છે.સદરહુ કામની નોંધની વિગતો મુજબ અન્ય કોલેજોમાં પણ આ પ્રકારના કિસ્સાઓ બનવા પામેલ હોવાનું દર્શાવેલ છે.તો સંસ્થા સંલગ્ન કોલેજો – નંબર વિનાની ઉત્તરવહીઓ મળ્યાનું જણાવતી હોય ત્યારે ઉપરોકત પ્રકાશન અધિકારીશ્રી દ્વારા તા.૧૦/૪/૧૨ ની નોંધમાં "ઓર્ડર મુજબ"તમામ ઉત્તરવહીઓ અને ખાખી સ્ટીકર અને સંતોષકારક સ્થિતિમાં મળેલ હોવાનું પ્રમાણપત્ર કેવા

સંજોગોમાં આપી EMD પરત કરવાની ભલામણ કરી શકે ? જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ઉપરોકત જે.જી.કોલેજ ઓફ કોમર્સ ઉપરાંત અન્ય કેટલી કોલેજોમાં મુખ્ય તેમજ પૂરક ઉત્તરવહીઓ નંબર વિનાની હોવાનું ધ્યાને આવેલ હતું ? સંબંધિત કોલેજોની પત્ર આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(03) છાપકામ એજન્સી દ્વારા આ પ્રકારની નબળી કામગીરી હોવા અંગે સંસ્થાએ એજન્સી સામે લીધેલ નિયમોચિત પગલાંની આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૦૪) સદરહુ એજન્સીની ક્ષતિવાળી કામગીરી હોવાછતાં અન્ય હુકમોથી છપામણીના વર્કઓર્ડર અપાયા હોવાનું ફાઇલની નોંધ પરથી જણાઇ આવેલ છે,જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

પા.વા.નં.૬૭નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ! ૧૦,૦૦,૦૦૦/-

ફકરા નંબર-58

==========================================================================

*પગારની ચુકવણીનું ખર્ચ નિયત તારીખથી વહેલુ કરવા બાબતની અનિયમિતતાંઓ.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન કચેરી સ્ટાફના પગારની ચુકવણીનો ખર્ચ નીચે દર્શાવેલ વિગતે પાડવામાં આવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું.

| અ.નં. | માસ/વર્ષ | ચુકવણાની રકમ રૂ! | ચુકવણા/ખર્ચ વા.નં./તારીખ | બજેટ કોડ નંબર |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| 01 | 4/2012 | 15024613.62 | 00504/30-4-12 | 8101028 |
| 02 | 5/2012 | 14983073.16 | 01472/30-5-12 | 8101028 |
| 03 | 6/2012 | 14732072.10 | 02342/30-6-12 | 8101028 |
| 04 | 7/2012 | 15441787.00 | 03140/31-7-12 | 8101028 |
| 05 | 8/2012 | 15068830.00 | 03947/31-8-12 | 8101028 |
| 06 | 9/2012 | 15248744.45 | 04730/30-9-12 | 8101028 |
| 07 | 10/2012 | 16009771.61 | 05472/30-10-12 | 8101028 |
| 08 | 11/2012 | 15781650.70 | 06255/30-11-12 | 8101028 |
| 09 | 12/2012 | 15949969.36 | 07032/31-12-12 | 8101028 |
| 10 | 1/2013 | 16101131.94 | 07825/31-1-13 | 8101028 |
| 11 | 2/2013 | 15405609.69 | 08732/28-2-13 | 8101028 |

<u>ઓડીટ અવલોકન :-</u>

(૦૧) હિસાબોની એકસૂત્રતા જળવાય તેમજ નાણાંકીય અનિયમિતતાઓ ન થાય તેવા વિવિધ હેતુસર રાજય સરકારશ્રીએ રાજય સરકારના નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓ/વિભાગોના કર્મચારીઓ/અધિકારીશ્રીઓના પગારની ચુકવણી માસ પૂર્ણ થાય તે પછીના ચાલુ દિવસે કરવાનું ઠરાવેલ છે.આ નિયમો હેઠળ અધિકારીશ્રીઓ/કર્મચારીઓના પગારની ચુકવણી અગાઉની પ્રથા મુજબ માસના અંતિમ ફાળવેલ દિવસો/તારીખને આધિન કરવાની રહેતી નથી.ઉપરોકત વિગતો નજરે જોતાં સંસ્થાએ તેમના અધિકારી/કર્મચારીવર્ગના પગારની ચુકવણી પ્રત્યેક માસના અંતિમ દિવસોમાં કરેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.જે સરકારશ્રીની ઉકત જોગવાઇનું ઉલ્લંઘન કરી નિર્ધારિત તારીખથી વહેલી ચુકવણી કરવા બાબતે જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ગુજરાત યુનિવર્સિટીના મહેકમને ધ્યાને લેતાં પગાર ચુકવણી પેટે સંસ્થા પ્રતિમાસ અંદાજે દોઢ કરોડની ચુકવણી કરતી હોવાનું ઉપરોકત વિગતો પરથી ફલિત થાય છે.ઉકત જોગવાઇ મુજબ પગારની ચુકવણી માસ પૂર્ણ થાય તે પછીના ચાલુ દિવસોએ કરવાની બાબત ધ્યાને લેતાં ઘણા કિસ્સાઓમાં જાહેર કે અન્ય રજાઓની ગણતરી કરતાં બે-ત્રણ કે તેથી વધુ દિવસો બાદ પણ પગારની ચુકવણી કરવી પડતી હોય છે.આ પ્રમાણે દિવસોની ગણતરી કરતાં સંસ્થાની આગોતરી પગાર ચુકવણી આર્થિક દ્રષ્ટિએ સંસ્થાને નુકશાનકર્તા સાબિત થઇ શકે છે,કારણ કે આટલી મોટી રકમનું એડવાન્સ ચુકવણું કરવા જતાં વ્યાજની રકમ ગુમાવવી પડે તે સ્વાભાવિક બાબત છે.તેથી સરકારશ્રીની જોગવાઇ વિરૂધ્ધ જઇ પગારની આગોતરી ચૂકવણી કરવાથી સંસ્થાને વ્યાજની દ્રષ્ટિએ થયેલ નુકશાનની ગણતરી કરી જવાબદારથી વસુલ મેળવી તેના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૦૩) ઉપરોકત પગાર ચુકવણા સંબંધી વિગતો ધ્યાને લેતાં પગાર ચુકવણાની રકમોમાં પૈસાની વિગતો પણ દર્શાવાઇ છે.સરકારશ્રીની પગાર કે અન્ય ચુકવણા પધ્ધતિમાં પૈસાની રકમને નજીકના રૂપિયામાં ફેરવવાની રહે છે.આ પ્રમાણે પૈસાને રૂપિયામાં ફેરવવા થકી હિસાબોમાં પૈસાના હિસાબોને અવકાશ રહેતો નથી,પરિણામે નાણાંકીય હિસાબોની નિભાવણી

અસરકારક ધોરણે કરી શકાય તેવો સરકારશ્રીનો ઉદ્દેશ છે.સદરહુ ઉદ્દેશ્યને સાર્થક કરી શકાય તે માટે સંસ્થાના હિસાબોમાં ઉપરોકત પધ્ધતિનું અમલીકરણ કરવા ઓડીટ અનુરોધ છે.

પા.વા.નં.૮૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નંબર-59

==================================================================

*હિસાબોની નિભાવણી તથા મેળવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો,લેજરબુકો,વાઉચરો તથા અન્ય આનુસાંગીક દસ્તાવેજોની તુલનાત્મક દ્રષ્ટિએ ચકાસણી કરેલ હતી.સદરહુ દસ્તાવેજોના હિસાબોનું મેળવણું કરવા સંદર્ભમાં અન્વેષણ સમક્ષ રજુ થયેલ અને રજુ નહીં થયેલ દસ્તાવેજો બાબતે અન્વષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર રાજય સરકારના નિયંત્રણ હેઠળની મહત્તમ કચેરીઓ/વિભાગોમાં કે જયાં નાણાંકીય લેવડદેવડના વ્યવહારો ભોળા પ્રમાણમાં થતા હોય અને તેના દૈનિક/માસિક/વાર્ષિક હિસાબો નિભાવાતા હોય ત્યાં નિયમોથી નિર્ધારિત થયેલ નમૂનાઓમાં કેશબુકની નિભાવણી અચૂક થતી હોય છે.અને આવી કેશબુકોમાં દૈનિક/માસિક અને વાર્ષિક ધોરણે થયેલ આવક/ખર્ચની ધોરણસરની નોંધો સક્ષમ અધિકારીશ્રીથી પ્રમાણિત થતી હોય છે.અન્વેષણ વર્તુળ સમક્ષ રજુ થયેલ છેલ્લા ત્રણ વર્ષના હિસાબો,૨૦૧૨/૧૩ ના વર્ષની લેજરબુકો,૨૦૧૨/૧૩ ના વર્ષની કેશબુક સંસ્થાના સક્ષમ અધિકારીશ્રીથી અધિકૃત થયેલ નથી,પરિણામે,સદરહુ દસ્તાવેજોમાં દર્શાવેલ હિસાબોના ખરાપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.

(૦૨) કેશબુકની તેમજ વાર્ષિક હિસાબોની નિભાવણી થતી હોય તેવા દસ્તાવેજોમાં વર્ષના પ્રારંભે (પહેલી એપ્રિલે) ગત વર્ષની બંધ સિલકો ઉઘડતી સિલક તરીકે જમા લેવી ફરજિયાત છે.સંસ્થાના વાર્ષિક હિસાબો (પ્રથમ પાન સહિત)માં ઉઘડતી/બંધ સિલકોની નોંધથયેલ નથી,પરિણામે દર્શાવેલ હિસાબોના ખરાપણાની ખાતરી થતી નથી.

(03) સંસ્થાના ૨૦૧૨/૧૩ ના વર્ષ દરમ્યાન કુલ ૧૦૩૯૭ વાઉચરો થકી માતબર પ્રમાણમાં ખર્ચ થવા પામેલ છે ખર્ચના નિયમોનુસાર ખર્ચની મંજુરી માટેના નિયત ફોર્મમાં વાઉચર /બિલ બનાવનારથી લઇ અંતિમ મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની સહી અચુક

લેવાની રહે છે. સંસ્થા દ્વારા ખર્ચના મુસદ્દા નોંધમાં સહી થાય છે પ્રરંતુ નિયત થયેલ વાઉચર/બિલોમાં સહીઓ લેવાતી નથી જે નિયમો સાથે સુસંગત નથી. સક્ષમ કર્મચારી/અધિકારીશ્રીની મંજુરી વિના થયેલ ખર્ચ નિયમોચિત ગણાય નહિ.

(૦૪) સંસ્થા દ્વારા વિવિધ શાખાઓ થકી ચેક લખી ચુકવણુ કરવાની પ્રથા અમલમાં છે એક કરતાં વધુ શાખાઓ દ્વારા ચેક લખવાની પધ્ધતિથી નાણાંકિય હિસાબો નિભાવવા /મેળવણા જેવી કામગીરી ખુબ જ જટિલ બને તે સ્વાભાવિક છે.તેથી માત્ર હિસાબી શાખા દ્વારા જ ચુકવણુ કરવાની પ્રથા અમલી બનાવવા ઓડીટ અનુરોધ છે.

(૦૫) સંસ્થા દ્વારા એક કરતાં વધુ બેંકોમાં નાણાંકીય વ્યવહારો કરવામાં આવેલ છે. સદરહુ બેંકોના તપાસણી વર્ષના સ્ટેટમેન્ટસ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ સમગ્ર નાણાંકીય વર્ષ દરમ્યાન થયેલ આવક/ખર્ચના વ્યવહારોની ધોરણસરની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી. સદરહુ બાબત ખૂબ જ ગંભીર હોઇ બાબત સંસ્થાના ઉચ્ચ અધિકારીશ્રીઓની નિગાહે લાવવામાં આવે છે.

(૦૬) સંસ્થાએ લખેલ ચેકની મુદત પૂર્ણ થતાં તેના બદલે નવીન ચેક લખેલ હતા,જેના નમૂનારૂપ કિસ્સા નીચે મુજબ છે.

| મૂળ ચેક નંબર | તારીખ | રકમ | નવીન ચેક નંબર | તારીખ | રકમ | ખર્ચની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૬૦૦૫૩૪ | ૦૬/૦૫/૧૧ | ૫૦૦૦૦ | ૧૧૦૨૬૮ | ૦૯/૦૪/૧૨ | ૫૦૦૦૦ | બીબીએ જોડાણ |
| ૬૦૨૫૬૮ | ૨૦/૦૧/૧૧ | ૧૯૦૧ | ૩૯૭૯૯૦ | ૧૬/૦૪/૧૨ | ૧૯૦૧ | ટાઇમ બાર ખર્ચ |
| ૮૨૮૧૨૮ | ૦૯/૧૨/૦૯ | ૫૪૮ | ૩૯૭૯૯૧ | ૩૦/૦૪/૧૨ | ૫૪૮ | ટાઇમ બાર ખર્ચ |
| ૯૧૫૭૫૩ | ૨૫/૦૨/૧૧ | ૩૪૩ | ૩૯૭૯૯૨ | ૩૦/૦૪/૧૨ | ૩૪૩ | ટાઇમ બાર ખર્ચ |
| ૬૦૧૧૨૭ | ૨૫/૦૫/૧૧ | ૧૦૫ | ૩૯૭૯૯૩ | ૩૦/૦૪/૧૨ | ૧૦૫ | ટાઇમ બાર ખર્ચ |
| ૮૭૯૬૫૭ | ૧૫/૦૩/૧૦ | ૨૫૦ | ૩૯૭૯૯૪ | ૦૨/૦૫/૧૨ | ૨૫૦ | ટાઇમ બાર ખર્ચ |
| ૭૦૬૫૭૪ | ૨૦/૦૧/૧૧ | ૩૧૨૦૬ | ૩૯૭૯૯૫ | ૦૨/૦૫/૧૨ | ૩૧૨૦૬ | ટાઇમ બાર ખર્ચ |
| ૭૦૬૫૯૯ | ૨૦/૦૧/૧૧ | ૧૩૧૯ | ૩૯૭૯૯૬ | ૦૨/૦૫/૧૨ | ૧૩૧૯ | ટાઇમ બાર ખર્ચ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬૦૩૫૧૮ | ૨૫/૦૫/૧૧ | ૨૬૨૫ | ૩૯૭૯૯૮ | ૦૨/૦૫/૧૨ | ૨૬૨૫ | ટાઇમ બાર ખર્ચ |
| ૮૭૭૫૬૫ | ૧૫/૦૫/૧૧ | ૧૨૦ | ૩૯૯૯૯૯ | ૦૪/૦૫/૧૨ | ૧૨૦ | ટાઇમ બાર ખર્ચ |
| ૩૧૩૦૩૨ | ૦૩/૧૦/૧૧ | ૧૨૧૩૦ | ૫૭૪૧૫૭ | ૧૧/૧૦/૧૨ | ૧૨૧૩૦ | ટાઇમ બાર ખર્ચ |
| ૩૧૧૦૫૨ | ૧૩/૦૯/૧૧ | ૨૫૦ | ૫૭૪૬૪૨ | ૧૨/૧૨/૧૨ | ૨૫૦ | ટાઇમ બાર ખર્ચ |
| ૩૧૧૨૩૯ | ૨૫/૦૮/૧૧ | ૧૭૮૦ | ૮૩૨૮૮૭ | ૩૧/૦૩/૧૩ | ૧૭૮૦ | ટાઇમ બાર ખર્ચ |
| | | | | કુલ રૂ ! | ૧૦૨૫૭૭ | |

જે તારીખે ચેક લખવામાં /ઇસ્યુ કરવામા આવેલ હોય તે તારીખ થી ત્રણ માસ સુધી તે ચેક ચુકવણા પાત્ર રહે છે તે પછી તે ચેક ટાઇમ બાર ગણાતો હોઇ તેવા ચેકની રકમ કેશ બુકે જમા લેવાની રહે છે, અને તે વિગતો ધ્યાને લઇ આવક / ખર્ચના હિસાબોનુ માસિક મેળવણું કરવાનું રહે છે. ઉક્ત ચેકની વિગતો કેશબુક સાથે ચકાસતાં ઉક્ત નિયમ મુજબ કાર્યવાહી નહી થયાનું સ્પષ્ટ થયેલ છે, તેથી નવીન ચેક ઇસ્યુ કરવા થકી થયેલ ખર્ચ ના હિસાબો ના ખરાપણાની ખરાઇ થઇ શકતી નથી .

ઉપરોક્ત દર્શાવેલ કિસ્સા માત્ર નમુના રૂપ કિસ્સાઓ તરીકે લીધેલ છે અગાઉ તેમજ તપાસણી વર્ષના આવા ચેકની યોગ્ય અસર આપી યોગ્ય હિસાબો નિભાવી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી

ફકરા નંબર-60

==========================================================================

*ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં ટીચીંગ ટુલ્સના બાઇન્ડીંગ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨/૧૩ ના ઓડીટ દરમ્યાન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અન્વેષણ દરમ્યાન ટીચીંગ ટુલ્સના બાઇન્ડીંગ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા અન્વયે ઓડીટ નોંધ નીચે મુજબ છે.

(૦૧) કો-ઓર્ડિનેટરશ્રી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા આ વિભાગમાં ચાલતાં M.L.I.Sc.Integrated Course ના સેમેસ્ટર- II માં સમાવિષ્ટ Advance Classification ના પેપર માટે જરૂરી ટીચીંગ ટુલ્સનો ખર્ચ પ્રતિ સેટ અંદાજે રૂ.૨૧,૦૦૦/- જેટલો થાય તેમ જણાવેલ હતુ.સદર ટીચીંગ ટુલ્સની ૨૫ કોપી વસાવવાની જરૂરિયાત હતી જેનો કુલ ખર્ચ રૂ.૫,૨૫,૦૦૦/- જેટલો થાય તેમ હોવાથી તેની ફોટો કોપી કરાવી બાઇન્ડીંગ કરી વિધાર્થીઓને આપવામાં આવે તો લગભગ રૂ.૧૩,૦૦૦/- જેટલો ખર્ચ અંદાજેલ હતો જેની સામે આ વિભાગના અંદાજપત્રમાં કન્ટીજન્સી ખર્ચ સદરે રૂ.૫,૦૦૦/- ની જોગવાઇ કરવામાં આવેલ હતી જેથી ઉકત બજેટ સદરે રૂ.૪,૦૦૦/- નો બાઇન્ડીંગ પેટેનો ખર્ચ ઉધારી બાકીના રૂ.૯,૦૦૦/- જેટલો વધારાનો ખર્ચ વિધાર્થી દીઠ રૂ.૩૬૦/- લેખે વસુલ કરવામાં આવેલ હતો.સદર વસુલાત કયા નિયમ હેઠળ વિધાર્થીઓ પાસેથી કરેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે ઉપરાંત કરેલ વસુલાત અન્વયે વિધાર્થીઓને પહોંચ પણ ઇસ્યુ કરવામાં આવેલ નથી જેની કરેલ વસુલાતની વ્યાજબીપણાની ઓડીટને ખાત્રી થતી નથી.

(૦૨) આ વિભાગના બજેટ હેડ કન્ટીજન્સી ખર્ચ પેટે માત્ર રૂ.૫,૦૦૦/- ની જોગવાઇ કરવામાં આવેલ હતી જો ટીચીંગ ટુલ્સનો ખર્ચ કરવો વિધાર્થીઓના હિતમાં હોય તો બજેટમાં સુધારેલ જોગવાઇમાં વધારો કરવો જોઇએ તેમછતાં વિધાર્થીઓ પાસેથી વસુલાત કરેલ છે આમ વિધાર્થી પાસેથી માન્ય નિયત ફી સિવાય અન્ય કોઇ ખર્ચ પેટે ફી વસુલવાની થતી હોય તો આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.આમ વિધાર્થીઓ પાસેથી વસુલાત કરેલ

ખર્ચ પેટેની રકમ પ્રાથમિક દ્રષ્ટિએ વ્યાજબી જણાતી નથી જેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૯ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-61

==============================================================

***એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા બાબત**

==============================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૨/૧૩ ના હિસાબોની તપાસણી કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.ગત અન્વેષણ વર્તુળના અનુભવો ધ્યાને લેતાં એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવતાં વિવિધ વિકાસ તથા અન્ય કામો પેટે કરવામાં આવેલ ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા બાબતે ઉદાસીન વલણ હોવાનું જણાઇ આવેલ હતું.તેથી સદરહુ વર્ષ ૨૦૧૨/૧૩ ના અન્વેષણ પ્રારંભે જ પ્રા.વા.નં.૬,તા.૧૩/૧૨/૧૬ થી બાંધકામ ખર્ચની માહિતી તથા તેનું સાધનિક રેકર્ડ રજુ કરવા જણાવવામાં આવેલ હતુ.સંસ્થાના વાર્ષિક હિસાબોમાં બાંધકામ સંદર્ભમાં નીચે મુજબ ખર્ચ થયાનું ધ્યાને આવેલ હતુ.

| અ.નં. | આવક/ખર્ચની ટુંકી વિગત | થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | યુનિવર્સિટી ભવન મરામત/જાળવણી ખર્ચ | રૂ! ૮૮,૬૮,૫૪૨.૮૦ |
| ૦૨ | દિવાબત્તી /રસ્તા જાળવણી ખર્ચ | રૂ! ૬૪,૮૦૭.૦૦ |
| ૦૩ | પાણી પુરવઠા બાંધકામ/જાળવણી ખર્ચ | રૂ! ૪૯,૭૨,૪૯૦.૦૦ |
| ૦૪ | બાગ-બગીચા જાળવણી ખર્ચ | રૂ! ૨૮,૯૩,૦૫૪.૦૦ |
| ૦૫ | વિજળી વિષયક ખર્ચ | રૂ! ૧,૫૭,૬૫,૨૦૪.૫૦ |
| ૦૬ | ફર્નિચર/કાર્યાલય સરંજામ મરામત | રૂ! ૭,૬૩,૪૬૨.૬૦ |
| ૦૭ | ફર્નિચર/કાર્યાલય સરંજામ(નવીન) | રૂ! ૧૪,૮૩,૨૫૬.૦૦ |
| | કુલરૂ! | ૩,૪૮,૧૦,૮૧૬.૯૦ |

ઓડીટ અવલોકન :-

ઉપરોકત સદરો હેઠળ એસ્ટેટ વિભાગ દ્વારા રૂ! ૩,૪૮,૧૦,૮૧૬.૯૦ નો ખર્ચ કરવામાં આવેલ છે.સદરહું કામો માટે આપેલ જાહેરખબરો,કામ માટેના ઇસ્યુ ટેન્ડરો,ભરાઇ આવેલ ટેન્ડરો,તુલનાત્મક પત્રકો,કામના વર્ક ઓર્ડર,કામના પ્રોગ્રેસીવ રીપોર્ટ,કામ પૂર્ણતા પ્રમાણપત્રો,ટેન્ડર ફી રજિસ્ટર,ટેન્ડર

ડીપોઝીટ રજિસ્ટર,ચેક રજિસ્ટર,ચેક કાઉન્ટર ફાઇલ,ચલણો સહિત તમામ પ્રકારનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ  કરવા જણાવવા છતાં સાધનિક રેકર્ડ અન્વેષણમાં રજુ કરેલ ન હોઇ થયેલ ખર્ચના વ્યાજબીપણાની યથાર્થતા ચકાસી શકાયેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત રેકર્ડ અન્વેષણમાં રજુ કરી ખાત્રી કરાવતાં સુધી થયેલ ખર્ચ રૂ! ૩,૪૮,૧૦,૮૧૬.૯૦ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૯૦ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ રૂ. ૩,૪૮,૧૦,૮૧૬.૯૦

ફકરા નંબર-62

==================================================================

*જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવાં બાબતની અનિયમિતતાઓ.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૨-૧૩ ના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં આવક તથા ખર્ચ બાબતમાં પાછળથી જુદા જુદા હવાલાથી ભુલ સુધારણા કરવામાં આવેલ છે.હવાલાની સંખ્યા-108 થાય છે. ખુબ જ વધુ પ્રમાણમાં જણાયેલ છે.જે તે હવાલા માર્ચ માસમાં વધુ આપવામાં આવેલ છે.હવાલાના કારણે જે તે સમયની આવક ખર્ચની સ્પષ્ટ માહિતી મળી શકે નહીં તે સ્વભાવિક છે.તો આવી બાબતો ન બને તે બાબતે તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે.

વધુમાં વાઉચર ફાઇલમાં રાખેલ છાપેલ વાઉચરોમાં બનાવનાર ચેક કરનાર અને હિસાબી અધિકારીશ્રીએ સહી કરવાની વિગત દર્શાવેલ છે પરંતુ બનાવનાર સિવાય કોઇની પણ સહી નથી અને તેથી અન્ય કોઇ કક્ષાએ ચકાસણી થયેલ ન હોવાથી આવી ક્ષતિઓ રહેવા પામેલ છે.તેવુ ઓડીટનુ માનવું છે.આ ઉપરાંત ૦૩-૧૩ માં ઘણાં બધા વાઉચરોથી કોડ લખવાની ભુલ,રકમ લખવાની ભુલ,સદરની ભુલને કારણે થયેલ ક્ષતિઓના સુધારા વાઉચર દ્વારા એન્ટ્રીઓ કરવામાં આવે છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે વાઉચરો સમયે યોગ્ય ચકાસણી થતી નથી અને વાઉચરના આધારે કેશબુક,લેઝર અને વાર્ષિક હિસાબ બનતા હોવાથી તેમાં પણ ક્ષતિઓ રહે છે.પરિણામ સ્વરૂપે લાંબા ગાળા સુધી બેન્ક મેળવણાંમાં પણ આ બાબત ખેચાય છે,જેના કારણે અન મેચ રકમોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.વાર્ષિક હિસાબ પણ ક્ષતિ યુકત રહે તેવી શકયતાઓ રહે છે.તેથી તમામ વાઉચરો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

==================================================================

## જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવા બાબતની અનિયમિતતા અંગેની વિગતો.પરિશિષ્ટ-૧

==================================================================

| સાચી વિગત | | | | | ખોટી વિગત | | | | વિનોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ ન | વા.નં. | તારીખ | રકમ | કોડ નં. | વા.નં. | તારીખ | રકમ | કોડ નં. | વિગત |
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ | ૦૯ | ૧૦ |
| 01 | 10044 | 31-3-13 | 1281- | 1025000 | 8399 | 13-2-13 | 128- | 1025000 | રકમની ભૂલ 1153/- |
| 02 | 10085 | 31-3-13 | 21250000- | 946020 | 9335 | 22-3-13 | 2150000- | 946020 | રકમની ભૂલ 19100000- |
| 03 | 10086 | 31-3-13 | 6284- | 2127000 | 9612 | 26-3-13 | 6284- | 2127060 | કોડની ભૂલ |
| 04 | 10087 | 31-3-13 | 3646- | 2127061 | 9763 | 30-3-13 | 3646- | 2127060 | કોડની ભૂલ |
| 05 | 10088 | 31-3-13 | 1000- | 9401028 | 10028 | 31-3-13 | 3289- | 1138000 | રકમની ભૂલ 2289/- |
| 06 | 10088 | 31-3-13 | 3289- | 1138000 | 10029 | 31-3-13 | 3289- | 9403006 | કોડની ભૂલ |
| 07 | 10089 | 31-3-13 | 1000000- | 0401100 | 10001 | 31-3-13 | 1000000- | 0401150 | કોડની ભૂલ |
| 08 | 10090 | 31-3-13 | 421000- | 0401149 | 10000 | 31-3-13 | 421000- | 0401148 | કોડની ભૂલ |
| 09 | 10091 | 31-3-13 | 689120- | 0401149 | 9999 | 31-3-13 | 689120- | 0401147 | કોડની ભૂલ |
| 10 | 10092 | 31-3-13 | 9698567- | 7601000 | 2240 | 25-6-12 | 9698567- | 9003029 | ખર્ચ કેપીટલાઇઝ કર્યો |
| 11 | 10093 | 31-3-13 | 13992847- | 7602000 | 965 | 9-5-12 | 9002143 | 13992847- | ખર્ચ કેપીટલાઇઝ કર્યો |
| 12 | 10094 | 31-3-13 | 10425211- | 7602000 | 1911 | 31-5-12 | 10425211- | 9002143 | ખર્ચ કેપીટલાઇઝ કર્યો |
| 13 | 10095 | 31-3-13 | 32805- | 3506000 | 8756 | 28-2-13 | 14507- | 3506000 | રકમની ભૂલ 18298/- |
| 14 | 10096 | 31-3-13 | 1000- | 9401034 | 9315 | 16-3-13 | 1000- | 9401035 | કોડની ભૂલ |
| 15 | 10098 | 31-3-13 | 19193- | 0402103 | 3421 | 4-8-12 | 19193- | 0402104 | કોડની ભૂલ |
| 16 | 10099 | 31-3-13 | 19193- | 0402102 | 3422 | 4-8-12 | 19193- | 0402103 | કોડની ભૂલ |
| 17 | 10101 | 31-3-13 | 47682- | 9351084 | 1512 | 31-5-12 | 9189- | 9351084 | રકમની ભૂલ 38493/- |
| 18 | 10102 | 31-3-13 | 93240- | 9402002 | 2399 | 30-6-12 | 98240- | 9402002 | રકમની ભૂલ 5000/- |
| 19 | 10103 | 31-3-13 | 30000- | 9402002 | | | | | જે તે સમયે વાઉચર બનાવવાનુ રહી ગયેલ (Slip No.3261 Dt.6-7-12 એમનુ વાઉચર .ઓ. બનાવવાનુ રહી ગયેલ |
| 20 | 10104 | 31-3-13 | 1244490- | 9402002 | 4505 | 20-9-12 | 124490- | 9402002 | રકમની ભૂલ 1120000/- |
| 21 | 10105 | 31-3-13 | 34629146- | 9402002 | | | | | જે તે સમયે વાઉચર |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | બનાવવાનુ રહી (2-2-13 &13- RTGS)એમનુ .આ વાઉચર બનાવ રહી ગયેલ |
| 22 | 10106 | 31-3-13 | 159300- | 9402002 | 6724 | 15-12-12 | 145300- | 9402002 | રકમની ભૂલ 14000/- |
| 23 | 10107 | 31-3-13 | 660000- | 9402002 | | | | | જે તે સમયે વ બનાવવાનુ રહી (19-11-12 RTGS)એમનુ . વાઉચર બનાવવા રહી ગયેલ |
| 24 | 10108 | 31-3-13 | 1629466- | 9402002 | | | | | જે તે સમયે વા બનાવવાનુ રહી (20-11-12)બેંક સ્લ વાઉચર બનાવ રહી ગયેલ |
| 25 | 10109 | 31-3-13 | 797340- | 9402002 | 7088 | 31-12-12 | 797340- | 9402003 | કોડની ભૂલ |
| 26 | 10110 | 31-3-13 | 720000- | 9402002 | 7074 | 31-12-12 | 72000- | 9402002 | રકમની ભૂલ 648000/- |
| 27 | 10111 | 31-3-13 | 14000- | 9402002 | | | | | જે તે સમયે વા બનાવવાનુ રહી ગ (Slip-5791-92-9 12-12)કેન્સલ થયે સ્લીપ જમા આવત |
| 28 | 10112 | 31-3-13 | 1080000- | 9402002 | | | | | રસીદ નંબે ૧ર વાર ભુલથી બને .વાનં.તા ૮૯૩૯.૪ ૧ થી જમા લીધેલ રસીદ રદ કરતા .વાઉચર બના |
| 29 | 10113 | 31-3-13 | 6165575- | 9402002 | | | | | જે તે સમયે વા બનાવવાનુ રહી (28-3-13 )એમનુ વાઉચર બનાવવા રહી ગયેલ |
| 30 | 10115 | 31-3-13 | 765714-95 | 8301001 | | | | | મળેલ વ્યાજનો હ આપ્યો |
| 31 | 10116 | 31-3-13 | 10511- | 2127029 | 9218 | 13-3-13 | 10511- | 2127019 | કોડની ભૂલ |
| 32 | 10117 | 31-3-13 | 20- | 8101026 | 1861 | 11-6-12 | 20- | 4504000 | કોડની ભૂલ |
| 33 | 10118 | 31-3-13 | 224- | 4504000 | 1979 | 14-6-12 | 224- | 4506000 | કોડની ભૂલ |
| 34 | 10119 | 31-3-13 | 80- | 8101026 | 2744<br>2796<br>2830 | 9-7-12<br>10-7-12<br>12-7-12 | 80- | 4504000 | કોડની ભૂલ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 2831 | 12-7-12 | | | |
| 35 | 10120 | 31-3-13 | 217000- | 0401145 | 3839 | 23-8-12 | 217000- | 4504000 | કોડની ભૂલ |
| 36 | 10121 | 31-3-13 | 6272- | 4504000 | 3548/<br>3605 | 8-8-12 | 1772- | 4504000 | રકમની ભૂલ<br>4500/- |
| 37 | 10122 | 31-3-13 | 1717190- | 8101025 | 4727 | 30-9-12 | 1717190- | 4504000 | કોડની ભૂલ |
| 38 | 10123 | 31-3-13 | 602- | 9326000 | 5773 | 3-11-12 | 602- | 4504000 | કોડની ભૂલ |
| 39 | 10124 | 31-3-13 | 351944- | 8101001 | 5413/<br>5436/<br>5665/<br>8082 | 23-10-12<br>25-10-12<br>1-11-12<br>4-2-13 | 351944- | 4504000 | છટેક્ષની રહી ગયેલ .<br>રકમ સસ્પેન્સ<br>ખાતે લઇ ગયા.એકા |
| 40 | 10125 | 31-3-13 | 117851- | 9331203 | | | | | માર્ચ ની ૧૩-I.T.ની<br>રકમ અન પેઇડ બીલ<br>ખાતે જમા લઇ ઉધાર<br>વાઉચર આપ્યુ . |
| 41 | 10126 | 31-3-13 | 6280-<br>165440- | 7901011<br>7901010 | 5529 | 31-10-12 | 6280-<br>165440- | 7901071<br>7901012 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 42 | 10127 | 31-3-13 | 2250- | 0100000 | 3893 | 28-8-12 | 2250- | 3512000 | કોડની ભૂલ<br>(2005-06) |
| 43 | 10128 | 31-3-13 | 98280-<br>906-<br>50000-<br>6500- | 1172000<br>3610000<br>1537000<br>1101000 | 4890<br>4899<br>4900<br>5000 | 4-10-12<br>5-10-12<br>5-10-12<br>10-10-12 | 9280-<br>906-<br>50000<br>6500- | 1172000<br>0100000<br>0100000<br>0100000 | રકમની ભૂલ<br>89000/-<br>કોડની ભૂલ<br>કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 44 | 10129 | 31-3-13 | 382382-<br>75031- | 9402001<br>9402001 | 2229<br>1989 | 22-6-12<br>14-6-12 | 191191-<br>7503- | 9402001<br>9402001 | જમા રકમની એન્ટ્રી<br>ઉધાર આપતા ડબલ<br>રકમનુ જમા વાઉચર<br>બનાવ્યુ .<br>રકમની ભૂલ<br>67528/- |
| 45 | 10130 | 31-3-13 | 120000-<br>82001- | 9402001<br>9402001 | 3486<br>2358 | 4-8-12<br>30-6-12 | 60000-<br>820- | 9402001<br>9402001 | જમા રકમની એન્ટ્રી<br>ઉધાર આપતા ડબલ<br>રકમનુ જમા વાઉચર<br>બનાવ્યુ .<br>રકમની ભૂલ<br>73801/- |
| 46 | 10132 | 31-3-13 | 681251-<br>153796- | 9402001<br>9402001 | 1398 | 25-5-12 | 68125- | 9402001 | રકમની ભૂલ<br>613126/-<br>જે તે સમયે વાઉચર<br>બનાવવાનુ રહી ગયેલ<br>(Slip No.3956 Dt.7-9-12<br>એમ નુ વાઉચર.ઓ. |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | બનાવવાનુ રહી ગ |
| 47 | 10136 | 31-3-13 | 17824426- | 7714000 | 3751 | 20-8-12 | 17824426- | 7712000 | કોડની ભૂલ |
| 48 | 10138 | 31-3-13 | 408- | 3610001 | 9533 | 22-2-13 | 408- | 3601000 | કોડની ભૂલ |
| 49 | 10139 | 31-3-13 | 27643273- | 7714000 | 2243/<br>2245/<br>2268/<br>2860 | 25/6-12<br>25/6-12<br>26/6-12<br>13/7-12 | 2666500-<br>9698567-<br>7630682-<br>7647524- | 7712000 | કોડની ભૂલ |
| 50 | 10140 | 31-3-13 | 182615- | 0403290 | 2720 | 9-7-12 | 182615- | 0403007 | કોડની ભૂલ |
| 51 | 10141 | 31-3-13 | 3000- | 0403300 | 8455 | 14-2-13 | 3000- | 7903013 | કોડની ભૂલ |
| 52 | 10142 | 31-3-13 | 21460- | 0403300 | 5023 | 10-10-12 | 21460- | 7903013 | કોડની ભૂલ |
| 53 | 10143 | 31-3-13 | 19200- | 7903103 | 8297 | 7-2-13 | 19200- | 7903013 | કોડની ભૂલ |
| 54 | 10144 | 31-3-13 | 14000-<br>19200 | 0403300<br>0402102 | 9881 | 31-3-13 | 33200- | 7903013 | કોડની ભૂલ |
| 55 | 10145 | 31-3-13 | 819- | 8101027 | 6741 | 1-3-13 | 819- | 7712000 | કોડની ભૂલ |
| 56 | 10146 | 31-3-13 | 3835- | 8101027 | 8023 | 2-2-13 | 3835- | 8101023 | કોડની ભૂલ |
| 57 | 10147 | 31-3-13 | 12960- | 8101028 | 4929 | 6-10-12 | 12960- | 8101025 | કોડની ભૂલ |
| 58 | 10150 | 31-3-13 | 19080-<br>3102- | 0105002<br>0201001 | 5114,/<br>8793/<br>10071 | 31/10/12<br>28/2/13<br>31/3/13 | 19080-<br>3102- | 0105000<br>0201000 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 59 | 10151 | 31-3-13 | 6284-<br>300- | 2127000<br>0203001 | 9612<br>10064 | 26-3-13<br>31-3-13 | 6284-<br>300- | 2127060<br>0203000 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 60 | 10152 | 31-3-13 | 102264-<br>75- | 2422000<br>3311000 | 4833-34<br>4646 | 1-10-12<br>27-9-12 | 102264-<br>75- | 2422001<br>3511000 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 61 | 10153 | 31-3-13 | 4364- | 4614000 | 5849 | 6-11-12 | 4364- | 3604000 | કોડની ભૂલ |
| 62 | 10154 | 31-3-13 | 13146-<br>671- | 3610000<br>4603000 | 7154<br>9401 | 1-1-13<br>19-3-13 | 13146-<br>671- | 3610001<br>4603001 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 63 | 10155 | 31-3-13 | 320-<br>20- | 4611000<br>8101025 | 8723/<br>8956<br>1014 | 27/2/13<br>5/3/13<br>10/5/12 | 320-<br>20- | 4611001<br>8101026 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 64 | 10156 | 31-3-13 | 310000-<br>7302- | 8101025<br>2733000 | 5345<br>6642 | 19/10/12<br>13/12/12 | 35000-<br>7302- | 8101025<br>8101025 | રકમની ભૂલ<br>275000/-<br>કોડની ભૂલ |
| 65 | 10157 | 31-3-13 | 43500- | 8101025 | 8725/9477 | 27/2/13<br>21/3/13 | 43500- | 2721001 | કોડની ભૂલ |
| 66 | 10160 | 31-3-13 | 52000- | 1005000 | 4639 | 26/9/12 | 52000- | 1004000 | કોડની ભૂલ |
| 67 | 10162 | 31-3-13 | 162800- | 1354000 | 6364 | 1/12/12 | 162800- | 1356000 | કોડની ભૂલ |
| 68 | 10164 | 31-3-13 | 1500000- | 1310000 | 5578 | 31/10/12 | 1500000- | 1311000 | કોડની ભૂલ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 69 | 10168 | 31-3-13 | 21500-<br>30000- | 2800000<br>3006000 | 4722 | 30/9/12 | 21500-<br>30000- | 2809000<br>3005000 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 70 | 10169 | 31-3-13 | 152000- | 1351000 | 4724 | 30/9/12 | 152000- | 1305000 | કોડની ભૂલ |
| 71 | 10170 | 31-3-13 | 39800- | 0809000 | 4724 | 30/9/12 | 39800- | 0804000 | કોડની ભૂલ |
| 72 | 10175 | 31-3-13 | 30000- | 0401141 | 2388 | 30/6/12 | 30000- | 0401138 | કોડની ભૂલ |
| 73 | 10178 | 31-3-13 | 421000- | 0401147 | 10000 | 31/3/13 | 421000- | 0401149 | કોડની ભૂલ |
| 74 | 10179 | 31-3-13 | 1378240- | 0401147 | 9999/<br>10091 | 31/3/13 | 1378240- | 0401149 | કોડની ભૂલ |
| 75 | 10181 | 31-3-13 | 1007380- | 3518000 | 4889/<br>4892/<br>4893/<br>4894/<br>4895 | 4/10/12 | 1007380- | 2329000 | કોડની ભૂલ |
| 76 | 10188 | 31-3-13 | 644671- | 7712000 | 1562 | 31/5/12 | 644671- | 1053000 | કોડની ભૂલ |
| 77 | 10191 | 31-3-13 | 22085-<br>700- | 4502000<br>0700000 | <br>2047 | <br>19/6/12 | <br>700- | <br>0701003 | સર્વિસ ચાર્જની રકમ ટેક્ષ ખતે જમા લીધી.<br>કોડની ભૂલ |
| 78 | 10206 | 31-3-13 | 735-<br>540- | 3611000<br>3612000 | 4855/<br>4960<br>2259 | 3/10/12<br>26/6/12 | 735<br>540- | 3511000<br>3512000 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |
| 79 | 10209 | 31-3-13 | 7790- | 0202001 | 4767 | 30/9/12 | 7790- | 2000000 | કોડની ભૂલ |
| 80 | 10211 | 31-3-13 | 2000000- | 0401150 | 10089 | 31/3/13 | 2000000- | 0401100 | કોડની ભૂલ<br>ભુલ સુધારા રીવર્સ વાઉચર |
| 81 | 10213 | 31-3-13 | 200000- | 4623000 | 2110 | 21/6/12 | 2- | 4623000 | રકમની ભૂલ<br>199998/- |
| 82 | 10222 | 31-3-13 | 21690-<br>15128- | 3918000 | 5420<br>6746 | 23/10/12<br>18/12/12 | 21690-<br>15128- | 4603001 | કોડની ભૂલ |
| 83 | 10232 | 31-3-13 | 421000- | 0401148 | 10090 | 31/3/13 | 421000- | 0401149 | કોડની ભૂલ |
| 84 | 10237 | 31-3-13 | 25000- | 8101055 | 2090 | 5/7/11 | 25000- | 8101005 | કોડની ભૂલ |
| 85 | 10240 | 31-3-13 | 162800-<br>152000- | 1345000<br>1315000 | 10162<br>10169 | 31/3/13<br>31/3/13 | 162800-<br>152000- | 1354000<br>1351000 | કોડની ભૂલ<br>કોડની ભૂલ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 86 | 10248 | 31-3-13 | 170- | 4613000 | 2986 | 23/7/12 | 170- | 4610000 | કોડની ભૂલ |
| 87 | 10261 | 31-3-13 | 310000- | 8101025 | 5345 | 19/10/12 | 35000- | 8101025 | રકમની ભૂલ 275000/- |
| 88 | 10262 | 31-3-13 | 18500- | 8101025 | 8724/ 9476 | 21/3/13 | 18500- | 2742002 | કોડની ભૂલ |
| 89 | 10264 | 31-3-13 | 3200- | 7712000 | 2769/ 2895 | 11/7,16/7 | 3200- | 9405012 | કોડની ભૂલ |
| 90 | 10265 | 31-3-13 | 4800- | 7802032 | 8748 | 28/2/13 | 4800- | 9309004 | કોડની ભૂલ |
| 91 | 10266 | 31-3-13 | 9- | 9311001 | 4772 | 30/9/12 | 9- | 9303003 | કોડની ભૂલ |
| 92 | 10267 | 31-3-13 | 10985- | 9319001 | 7084 | 31/12/12 | 10985- | 9302003 | કોડની ભૂલ |
| 93 | 10268 | 31-3-13 | 16010- | 9313001 | 9956 | 31/3/13 | 16010- | 9311001 | કોડની ભૂલ |
| 94 | 10269 | 31-3-13 | 14540- | 9304017 | 1529 | 31/5/12 | 14540- | 9304006 | કોડની ભૂલ |
| 95 | 10270 | 31-3-13 | 101500- | 9310001 | 9992 | 31/3/13 | 101500- | 9301001 | કોડની ભૂલ |
| 96 | 10271 | 31-3-13 | 42143- | 9311003 | 9369 | 31/3/13 | 42143- | 9308001 | કોડની ભૂલ |
| 97 | 10272 | 31-3-13 | 11000- | 9311013 | 8199 | 6/2/13 | 11000- | 9311023 | કોડની ભૂલ |
| 98 | 10273 | 31-3-13 | 2500- | 9308000 | 6877 | 21/12/12 | 2500- | 9308001 | કોડની ભૂલ |
| 99 | 10274 | 31-3-13 | 15498- | 9311003 | 3955 | 3/7/12 | 15498- | 9311023 | કોડની ભૂલ |
| 100 | 10275 | 31-3-13 | 25000- | 9311001 | 2958 | 20/7/12 | 25000- | 9313001 | કોડની ભૂલ |
| 101 | 10276 | 31-3-13 | 10150- | 9311001 | 4772 | 30/9/12 | 10150- | 9313001 | કોડની ભૂલ |
| 102 | 10277 | 31-3-13 | 24000- | 9306003 | 7509 | 7/2/13 | 24000- | 9306002 | કોડની ભૂલ |
| 103 | 10278 | 31-3-13 | 1520- | 9311020 | 7082 | 31/12/12 | 1520- | 9317001 | કોડની ભૂલ |
| 104 | 10279 | 31-3-13 | 20000- | 9311003 | 7222 | 3/1/13 | 20000- | 9311001 | કોડની ભૂલ |
| 105 | 10280 | 31-3-13 | 16762- | 9306002 | 4094 | 30/9/11 | 16762- | 9306004 | કોડની ભૂલ |
| 106 | 10281 | 31-3-13 | 50000- | 9308001 | 812 | 9/5/11 | 50000- | 9306002 | કોડની ભૂલ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 107 | 10282 | 31-3-13 | 2350- | 9311001 | 8942 | 31/3/11 | 2350- | 9311009 | કોડની ભૂલ |
| 108 | 10284 | 31-3-13 | 109067- | 8101028 | 1498 | 31/5/12 | 109067- | 2721001 | કોડની ભૂલ |

==================================================================

*** પ્રમાણપત્રો અને ઉપસંહાર***

==================================================================

*** પ્રમાણપત્રો ***

(ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડિટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડિટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતા સાચા હોવાનું પ્રમાણિત થઇ શકે તેમ નથી.

(ખ) ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટી રુપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી.હિસાબોની જાળવણી માટે વધું લક્ષ આપવાની ખાસ જરુર છે.હિસાબો કયા નિયમને આધારે નિભાવવામાંઆવે છે તેની ઓડિટને માહિતી મળેલ નથી.વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક/ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઇ શકેલ નથી.

(ગ) ઓડિટ દરમ્યાન 101પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા.જેમાંથી યુનિવર્સિટીએ 27પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી.

(ઘ) ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પુર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(ચ) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

| | | |
|---|---|---|
| 1919 | -sd- | -sd- |
| જિલ્લા સહાયક નિરીક્ષક | સંયુકત નિરીક્ષક | નિરીક્ષક |
| સ્થા.ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ |
| અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |

**સ્થળપ્રત પર નિરીક્ષકશ્રીની સહી છે.**

નકલ સાદર રવાનાઃ-

(01) સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય ગુજરાત રાજ્ય,ગાંધીનગર

(02) ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

(03) નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ (મુખ્ય મથક) બ્લોક નં17 જૂના સચિવાલય ગાંધીનગર.

==================================================

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ 2012-2013

==================================================

### તા. 01-04-2012થી તા. 31-03-2013સુધીના આવક-ખર્ચ ના હિસાબો પત્રકનં-01

| આવક | રુપિયા | ખર્ચ | રુપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| પરીક્ષા ફી ની આવક | 15,89,23,890/02 | કર્મચારી વર્ગ ખર્ચ | 9,16,00,390/62 |
| અન્ય ફી ની આવક | 4,56,67,342/29 | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | 1,11,643/00 |
| પ્રકાશનોની આવક | 1,14,70,346/89 | પરીક્ષા ખર્ચ | 12,00,62,046/80 |
| ગ્રાન્ટસની આવક(પરિ-01) | 40,71,88,131/35 | મુસાભરી ભથ્થા | 22,46,339/00 |
| પરચુરણ આવક | 1,84,13,878/26 | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | 14,33,599/00 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 5,10,04,375/00 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃતિ વગેરે | - |
| આરોગ્ય કેન્દ્ર આવક | 7,607/00 | રમત ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | |
| અતિથી ગૃહ આવક | 7,200/00 | (અ) રમત ગમત વ્યાયામ પ્રવૃતિ ખર્ચ | 12,09,929/52 |
| યુનિવર્સિટી છાત્રાલયો(પરિ-03) | 9,50,054/00 | (બ)યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | 4,93,417/60 |
| જમીન આવક | 5,78,000/00 | (ક)રાષ્ટ્રીય સેવા યોજના | 47,29,818/54 |
| પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ આવક | 9,69,000/00 | (ડ)યુનિવર્સિટી આરોગ્ય ખર્ચ | 26,59,165/18 |
| યુનિવર્સિટી ગ્રંથાલય(પરિ- | 23,560/00 | (ઈ)અભ્યાસેતર શિક્ષણ પૂરક | 7,350/00 |

| | | | |
|---|---|---|---|
| 05) | | પ્રવૃત્તિ યુનિ. સપ્તાહ વગેરે | |
| ગ્રંથાલય શાસ્ત્ર ભવન(પરિ–13) | 2,37,900/00 | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | 5,85,009/40 |
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક(પરિ–14) | 3,16,650/00 | વીમા અન્ય ખર્ચ તથા કાનુની ખર્ચ | 1,17,98,304/97 |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક(પરિ–15) | 7,32,000/00 | બીજા કાર્યાલય ખર્ચ | 2,57,47,911/41 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક(પરિ–16) | 93,600/00 | બીજી સંસ્થાઓની સભ્યસદ ફી | 2,00,976/00 |
| પત્રકારત્વ વિભાગ(પરિ–17) | 1,30,200/00 | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | 17,90,25,651/07 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 2,52,100/00 | યુનિવર્સિટી જમીન જાયદાદ | 1,68,04,089/44 |
| | | યુનિવર્સિટી છાત્રાલયો (પરિ–3) | 29,03,635/25 |
| | | ગ્રાંટમાંથી ખર્ચ(પરિ–02) | 13,00,70,840/83 |
| | | પરફોમિંગ આર્ટસ અભ્યાસક્રમ ખર્ચ | 11,06,630/00 |
| | | યુનિવર્સિટી મુદ્રાલય(પરિ–04) | 31,43,713/02 |
| | | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિ–05) | 1,18,18,806/06 |
| | | યુનિવર્સિટી શાસ્ત્ર ભવન (પરિ–12) | 15,52,042/74 |
| | | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ–13) | 1,31,40,504/85 |
| | | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિ–15) | 14,98,535/32 |
| | | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક(પરિ–16) | 4,14,860/14 |

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | પત્રકારત્વ વિભાગ(પરિ-17) | 18,62,875/00 |
| | | આઈ એ એસ તાલીમ ખર્ચ | 8,19,400/80 |
| | | પેન્શન ગ્રેજ્યુઈટી રજાનું રોકડમાં રુપાંતર | 1,51,72,505/00 |
| | | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | 5,61,123/50 |
| | | એસ ટી એસ સી સેલ ખર્ચ | 7,49,738/00 |
| કુલ આવક | **69,69,65,834/81** | કુલ ખર્ચ | **64,35,30,852/06** |
| | | ખર્ચ કરતા આવકનો વધારો | 5,34,34,982/75 |
| કુલ આવક | **69,69,65,834/81** | કુલ ખર્ચ | **69,69,65,834/81** |

================================================================

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ 2012-2013

================================================================

### તા. 31-03-2013નાં રોજનું સરવૈયુ જવાબદારી(દિવા) પત્રકનં-02

| અ નં | જવાબદારીઓ | રકમ રુપિયા | અસ્કયામતી | રકમ રુપિયા |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 1,61,74,872/43 | કાયમી મિલકતો | 41,42,56,677/12 |
| 02 | કેપિટલ ફંડ | 38,69,54,853/80 | રોકાણો | 20,000/00 |
| 03 | પુસ્તક ફંડ | 1,01,83,883/86 | અડવાન્સ અને બીજા ખાતાંઓ | 17,39,25,221/92 |
| 04 | બીજા ફંડ | 38,3190,514/73 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 71,50,323/48 |
| 05 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 6,29,66,950/58 | બેન્ક અને બીજી પુરાંતો | 70,40,28,092/61 |
| 06 | ડીપોઝિટ અને બીજા ખાંતાઓ | 30,92,75,753/47 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 17,000/00 |
| 07 | કર્મચારી વીમા યોજના ફાળો | 29,974/37 | સસ્પેન્સ એકાઉન્ટસ | 13,86,719/86 |
| 08 | ચલુ વર્ષે એડજસ્ટ કર્યા | 13,20,07,231/75 | - | - |
| કુલ રુપિયા | | **1,30,07,84,035/00** | | **1,30,07,84,035/00** |

==================================================

## ગુજરાત યુનિવર્સિટી2012-2013

## વાંધા વસુલાત પત્રક નં-03

==================================================

| ફકરા નંબર | ફકરાની વિગત | વાંધા હેઠળ | વસુલાત પાત્ર રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 05 | 06 |
| 06 | બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની માહીતી/રેકર્ડ રજૂ કરવા બાબત. | 91600391 | | |
| 07 | સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત | 7470324 | | |
| 08 | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત. | 1776774 | | |
| 10 | પગાર ખર્ચના વાઉચરોમાં અધૂરી માહિતી ઉપલબ્ધ હોવા બાબત | 15261704 | | |
| 15 | સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાબત | 13649212 | | |
| 16 | ગુજરાત યુનિવર્સિટી હસ્તકનું આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર બંધ હોવાછતાં નિરથક ખર્ચ કરવા બાબત | 819400 | | |
| 21 | સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ ન કરવા/વસુલાત ન કરવા બાબત | | 4626434 | |
| 23 | કાનુની ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 1598163 | | |

| | | | | |
|---|---|---|---|---|
| 26 | ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ સ્ટોર્સની મ્યુનિસિપલ ટેક્ષ ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતા બાબત | 34294 | 9840 | |
| 27 | સંસ્થાની મિલકતોની પ્રોપર્ટી ટેક્ષની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત | 5344630 | | |
| 29 | જાહેરાત પાછળ કરવામાં આવેલ ખર્ચની અનિયમિતતાઓ બાબત. | 1657611 | | |
| 31 | સંસ્થાના વાહન ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 436918 | | |
| 38 | એફ.આઇ.આર ગુ.ર.નં.૬૪/૨૦૧૨ તથા એફ.આઇ.આર.ગુ.ર.નં.૧૪/૨૦૧૩ ની કાર્યવાહી /પ્રગતિની અનિયમિતતાઓ બાબત. | 1018135 | | |
| 44 | ઉત્તરવહી છપામણીના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત | 15153212 | 85000 | |
| 45 | પ્રાપ્ત રજાનુ રોકડમાં રૂપાંતર ની ચુકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત | | 119748 | |
| 47 | પ્રશ્નપત્રો છપામણીના ખર્ચનુ રેકર્ડ/દસ્તાવેજો રજુ કરવા બાબત. | 31977856 | | |
| 48 | અન્ય "કર ખર્ચ" સદરે થયેલ ખર્ચની માહિતી તથા તે અંગેનું સાધનિક રેકર્ડ રજુ કરવા બાબત. | 10060592 | | |
| 49 | યુનિવર્સિટી એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ " સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ. | 114280168 | | |
| 50 | સંસ્થા દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓના ખર્ચનુ સાધનિક રેકર્ડ રજુ નહિ થવા બાબત. | 76001293 | | |

| | | | | |
|---|---|---|---|---|
| 52 | ખર્ચના વાઉચરો કે વિગત વગર રકમ ખર્ચ ખાતે ઉધારી અનપેઇડ બિલ સદરે જમા કરાવવા બાબત | 24842561 | | |
| 57 | ઉત્તરવહી છપામણી પેટે એજન્સી પાસેથી લીધેલ પરત કરવામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | 1000000 | | |
| 61 | એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા બાબત. | 34810816 | | |
| | | 418794054 | 4841022 | |